ચંદ્રમણિ પ્રકાશન

કિંમત ₹ ૨૦

# મમતા

વર્ષ: ૧, અંક: ૯, ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

બળવંત જાની
કિશોર પટેલ
હસમુખ રાવલ
દુર્ગેશ ઓઝા
જિજ્ઞેશ અધ્યારુ
રમણીક અગ્રાવત
કલ્યાણી વ્યાસ
પ્રભુદાસ પટેલ
પ્રકાશ બાળ જોશી
પાઓલો કોએલો






# પાઓલો કોએલો/રાગ વિશ્વરંજની

# કેફિયત


પાઓલો કોએલો પોર્ટુગીઝ ભાષામાં લખતો એક એવો બ્રાઝિલિયન લેખક છે જેની ખ્યાતિ વિશ્વવ્યાપી છે અને એના લાખો પુસ્તકો વેચાયાં છે. ૧૯૮૮માં પ્રકાશિત ‘ધ અલકેમિસ્ટ’ (કીમિયાગર)ની અદ્‌ભુત સફળતા બાદ આ લેખકે પાછા વળી જોયું નથી. પરીકથા અને લોકકથા જેવી સફળ શૈલીમાં લખાયેલા એના દરેક પુસ્તકમાં ફેન્ટસીની અસર છે. સ્વપ્નખોજ ‘અલકેમિસ્ટ’નો મુખ્ય વિષય છે. ઘેટાં ચરાવતો અભણ છોકરો સાન્તિઆગો દરેક સંકેતને ઈશ્વરની ભાષા સમજી એ પ્રમાણે વર્તે છે અને પોતે જોયેલા સ્વપ્નની ખોજમાં અજાણ્યા પ્રદેશોના પ્રવાસ પર નીકળી પડે છે. કોએલો લખે છે - જો સાચા મનથી તમે કોઈ સ્વપ્નની ખોજમાં નીકળી પડો છો તો દુનિયાની બધી જ તાકાત એને સાકાર કરવામાં મદદરૂપ થઈ જાય છે.





૧૯૪૭માં જન્મેલો આ લેખક કાયદાનો અભ્યાસ અધવચ્ચે છોડી દક્ષિણ અમેરિકા, યુરોપ અને આફ્રિકાના પ્રવાસ પર નીકળી ગયો હતો. બે વર્ષની રખડપટ્ટી બાદ બ્રાઝિલ પાછા આવી એણે ગીતો લખ્યાં જે ત્યાંના લોકપ્રિય પોપસ્ટારે ગાયાં હતાં. સરકાર વિરોધી પ્રવૃત્તિ માટે થોડો સમય જેલયાત્રા પણ થઈ ગઈ. એનું અપહરણ થયું અને ક્રાંતિકારીઓનો ત્રાસ પણ સહન કર્યો. દક્ષિણ અમેરિકાના જંગલોમાં આદિમ જાતિઓના સંપર્કમાં રહી જાદુટોણાં અને મેલી વિદ્યાનો પણ અનુભવ મેળવ્યો. એની દરેક નવલકથામાં જીવનના આ વૈવિધ્યની અસર જોવા મળે છે. સરળ ભાષામાં પણ એ આધ્યાત્મિક વિચારો રજૂ કરી શકે છે. એ કહે છે - લેખકના વિચારોને પાંખો હોવી જોઈએ પણ એના પગ ધરતી પર રહે તે ખાસ જરૂરી છે.




એણે ત્રણ એવી નવલકથાઓ લખી જેનો ઘટનાક્રમ એક સપ્તાહનો જ છે. ખ્રિસ્તી વિચારધારા પ્રમાણે ઈશ્વરે વિશ્વનું નિર્માણ સાત દિવસોમાં કર્યું હતું. કોએલો માને છે કે જીવનમાં પણ સૌથી મહત્ત્વનો નિર્ણય લેવા માટે એક સપ્તાહથી વધારે સમય મળતો નથી. આ ટૂંકા સમયમાં લીધેલા નિર્ણયની કાબેલિયત પર જ ભવિષ્ય ઘડાય છે. પાત્રોને એ મહત્ત્વનાં જરૂર ગણે છે પણ દરેક સાથે લેખક સંમત થાય તે માનવું જરૂરી નથી. એમનું અસ્તિત્વ લેખકથી જુદું છે.




પોતાની લેખન પદ્ધતિ વિશે એક મુલાકાતમાં કોએલોએ કહ્યું હતું કે, દરેક નવલકથા વચ્ચે એ લગભગ બે વર્ષનો ગાળો રાખે છે. આ સમય દરમિયાન નવા અનુભવો મેળવે છે. નવું પુસ્તક વિચારોમાં ભમતું રહે છે. જ્યારે વિચારો પરિપક્વ થાય ત્યારે જ લખવાનો આરંભ કરે છે. પ્રેરણા માટે એ લોક સંપર્કને સૌથી વધારે મહત્ત્વ આપે છે. એ માને છે કે અતિ સુખ પણ ક્યારેક દુઃખનું કારણ બની જતું હોય છે. “વેરોનિકા ડિસાઈડ્ઝ ટૂ ડાય” એક એવી કથા છે જેની નાયિકા નાની ઉંમરે મળેલા સુખના અતિરેકથી કંટાળી આત્મહત્યાની કોશિશ કરે છે. ‘વોરિયર ઓફ લાઈટ’, ‘ઝાહિર’, ‘વાલ્કાયરિસ’ જેવાં પુસ્તકોએ એની કળાને વિકસાવી છે અને લોકપ્રિયતા અપાવી છે. આજે એ સ્થિતિ છે કે પાઓલો કોએલોની કોઈ પણ નવલકથા એક સાહિત્યિક ઘટના બની જાય છે. એનું દરેક પુસ્તક બેસ્ટ સેલર છે અને ખરા અર્થમાં એ શબ્દોનો કીમિયાગર બની ગયો છે. એના લખાણોમાં પ્લોટ ભલે જુદા હોય પણ ફેન્ટસી કાયમ છે. વિષયની માવજત, મજબૂત પાત્રાલેખન, સચોટ વર્ણનોના લીધે આજે કદાચ એ એકમાત્ર નવલકથાકાર છે જેના લખાણનાં સૌથી વધુ અવતરણો ટાંકવામાં આવે છે. એની શૈલી આજે એક ટ્રેડમાર્ક બની ગઈ છે. એના વિચારોની લાક્ષણિકતા એના અવતરણોમાં રજૂ થાય છે. થોડાં ઉદાહરણો જોઈએ -




- સ્વપ્ન ઈશ્વરની ભાષા છે જેના દ્વારા એ આપણા સંપર્કમાં રહે છે.
- જો ઈશ્વર બધાંનું કેવળ સારું જ કરતો રહે તો એને સર્વશક્તિમાન ન કહી શકાય.
- શબ્દો ગેરસમજ ઊભી કરે છે માટે શબ્દો વિનાની એક ભાષા હોવી જોઈએ.
- માણસે શોધેલું સૌથી ખતરનાક હથિયાર શબ્દ છે.
- બાળકને ભૂતકાળ નથી હોતો, વૃદ્ધો ભૂતકાળને વાગોળતા રહે છે કારણ કે એમનું ભવિષ્ય મૃત્યુ છે.
- ખરેખર ખતરનાક માણસો ધમકી નથી આપતા.
- હું નબળો છું કારણ કે હું મારી શક્તિને ભૂલી ગયો છું.

જીવનમાં ઘણાં જ ઉતાર ચડાવ જોનાર આ લેખકના અનુભવોનો વ્યાપ એટલો વિશાળ છે કે એની દરેક કૃતિમાં નવો અનુભવ જોવા મળે છે. એ માને છે કે જે સાહિત્યને સમજાવવું પડે એ સાહિત્ય નથી. સરળ ભાષામાં લખવું સહેલું નથી અને આ કઠીન કાર્ય પાઓલો કોએલોએ સિફતથી પાર પાડ્યું છે. પ્રવાસ અને નવા અનુભવોને એ જીવનમાં ખાસ મહત્ત્વ આપે છે અને માને છે કે દરેક લેખક માટે એ જરૂરી છે. એના વિના સ્થગિત થઈ જવાય છે અને લખાણમાં નીરસતા આવી જાય છે. દક્ષિણ અમેરિકાના લેખકો એમના ‘મેજિક રિયાલિઝમ’ (જાદુઈ વાસ્તવિક્તા) માટે જાણીતા છે. પાઓલો કોએલોને એ શ્રેણીમાં ન મૂકીએ તો પણ એણે એક એવી વાસ્તવિક્તાનું નિર્માણ કર્યું છે જે સ્વપ્નો અને ફેન્ટસી પર આધારિત છે. એની અપ્રતિમ લોકપ્રિયતા એ જરૂર પુરવાર કરે છે કે એણે વાચકોના મનમાં રહેલી ફેન્ટસીને વાચા આપી છે. મ

***વિવિધ સ્રોતમાંથી સંકલન***
***અને ગુજરાતી રજૂઆત***
***બકુલ બક્ષી***
***મો ૯૮૨૫૫ ૦૩૮૭૮***
***bakulbakshi@hotmail.com***

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર



એન્તોન ચેખોવ નામના શીર્ષસ્થ રશિયન વાર્તાલેખક વાર્તાઓ ઉપરાંત નાટકો પણ લખતા હતા. કેટલાક વિવેચકો કહેતા કે એમનાં નાટક એમની વાર્તા જેટલાં અસરકારક નહોતાં. એવા એક વિવેચકે એમને તતડાવતાં કહ્યું કે તમે આટલા સરસ વાર્તાકાર છો, તો વાર્તા જ લખો ને! શા માટે નાટક લખીને તમારો ને અમારો વખત બગાડો છો? એ તતડાવનારો ગયા પછી ચેખોવનો ચહેરો હસું હસું થવા લાગ્યો. કોઈએ પૂછ્યું, ‘‘કે પેલો તતડાવી ગયો ને તમે હસો છો?’’ ચેખોવે કહ્યું કે, ‘‘જોયું? એણે મને સરસ વાર્તાકાર કહ્યો!’’

જ્યારે જ્યારે ‘મમતા’માં થતી ગરબડો વિશે પત્રલેખકો તતડાવે છે ત્યારે ત્યારે સંપાદક ચેખોવનો કિસ્સો યાદ કરીને સાંત્વન લે છે, જેમ કે આ અંકમાં ગુજરાતી સાહિત્યના વાયુમંડળના શીર્ષસ્થ કવિ સિતાંશુ યશશ્ચન્દ્રએ ‘મમતા’ માટે બે શબ્દો સારા કહ્યા છે. શીર્ષસ્થ કવિરાજ સરસ કવિતા તો લખે જ છે, વધુમાં મુખસ્થ થઈ જાય એવાં ટેરિફિક નાટકો પણ લખે છે અને વિવેચક તરીકે નબળા કવિઓને ધૂળસ્થ કરે છે ને ઢોંગી ઈત્તર સાહિત્યકારોને ભાંગીને ઉદરસ્થ ભી કરે છે. પરંતુ વાર્તા લ-ખ-તા? નથી. કેટલાયે કવિઓ વાર્તાઓ લખે છે. ઉમાશંકર લખતા, સુન્દરમ્, સ્નેહરશ્મિ, મેઘાણી જાણીતાં નામ છે. સુરેશ જોષીની કવિતા કરતાં તેમની વાર્તાઓએ મોટું હુલ્લડ મચાવેલું, લાભશંકર, ચિનુ મોદી, રઘુવીર ચૌધરી, પન્ના નાયક દરેકે વાર્તાઓ લખી છે. પણ માનો કે કલાપી, બાલાશંકર કે કાન્તે વાર્તા લખી હોત તો? સુરેશ દલાલ, આદિલ, કે સિતાંશુ વાર્તા લખે તો? સંપાદકે કવિતાને શત્રુભાવે ભજી છે. એમના સતત ‘એન્ટી-કવિતા/એન્ટી-ગઝલ’ વર્તન છતાં કવિઓએ હેતની ગાંઠ ચસચસતી બાંધી રાખી છે. અને સંપાદકના મગજમાં ઝબકાર થાય છેઃ એક કવિ વિશેષાંક બનાવો! એમાં અશરફ ડબાવાલાની વાર્તા છાપો. રઈશ મણિયારને લો, સિતાંશુ, મીનાશ્રુ, વિનોદ જોષી, મધુમતી મહેતા, આદિ જે જે શખશો ને મોહતરમાઓ કવિતા માટે વધુ જાણીતાં છે એમની પાસે વાર્તા લખાવડાવો. એટલે સૌ કવિજનોને ઈજન છે કે ‘મમતા’ માટે વાર્તા લખી મોકલાવો. ગદ્ય કરતાં પદ્યમાં દિલ બહેલતું હોય તો કથાકાવ્ય લખી મોકલો, જેમ સુભદ્રાકુમારી ચૌહાને લખેલું ‘ખૂબ લડી મર્દાની વોહ તો ઝાંસી વાલી રાની થી!’ આ શૌર્ય રંજિત હિન્દી કથાકાવ્ય યાદ આવતાં મગજમાં કૌંધે છે ગુજરાતી ચારણી સાહિત્ય અને તેના રખેવાળ ડો. બળવંતરાય જાની. ગુજરાતી સાહિત્યમાં થયેલા પદ્ય અને ગઝલના ઉપદ્રવને ખાળવા આણિ ગદ્યલેખનને બઢાવો આપવા ‘મમતા’ના સંપાદક વાર્તાલેખનની અનુપમ હરીફાઈઓ યોજે છે, અને જે ઈસમ લાગમાં આવે તેને વાર્તા લખવા ઉત્સાહિત કરે છે. આ અંકમાં ‘મમતા’ના વરિષ્ઠ પરામર્શક જાનીસાહેબે, ખાસ ‘મમતા’ માટે એક કહાણી લખી આપી છે, અને સંપાદકને ઉમીદ છે કે હવે ડોક્ટર સાહેબ વધુ વાર્તાઓ લખશે.

આ વખતે પણ કૃપાવન્ત શ્રી દેવેન્દ્ર તથા ડો. મીતા પીરે ‘મમતા’ વાર્તાસ્પર્ધામાં પ્રથમ આવનાર વાર્તાને રૂ. ૫૧,૦૦૦નું પારિતોષિક આપવાનું વચન આપ્યું છે. રાબેતા મુજબ બાકીનાં ઇનામો ‘મમતા’ તરફથી અપાશે. આ ઉપરાંત ફક્ત કોલેજ કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટેની અલગ સ્પર્ધા યોજવાનો મનસૂબો પણ છે, જેમાં યસ, ખોટી જોડણીના માર્ક કપાશે, રિપીટ, ખોટી જોડણીના માર્ક કપાશે. ક્રમે ક્રમે એનઆરઆઈ વાર્તાકારો, ડોક્ટર વાર્તાકારો, પ્રાધ્યાપક વાર્તાકારો અને દાકતરેતર પેશાઓમાં સફળ થયેલા વાર્તાકારોની રચનાઓના વિશેષાંક પણ કરવાની યોજના છે.

પ્રારંભથી જ મુરબ્બી રજનીકુમાર પંડ્યા ગુજરાતી સાહિત્યની એક પ્રશિષ્ટ વાર્તા મૂકે છે અને તેનું સંક્ષિપ્ત રસદર્શન કરાવે છે. પહેલા અંકથી જ બંધુ બકુલ બક્ષી ‘મમતા’માં એક વિદેશી વાર્તાલેખકની કેફિયત રજૂ કરે છે. એ ઉપરાંત વિધવિધ લેખકો પરપ્રાન્તીય અને પરદેશી વાર્તાઓની ઝાંકી કરાવે છે. નવા લેખકોની વાર્તાઓ વધુ આપી શકાય એ હેતુથી આ અંકમાં પ્રશિષ્ટ ગુજરાતી વાર્તાનો અતીતરાગ વગાડ્યો નથી. તે જ હેતુથી પરદેશી વાર્તા પણ પ્રવેશી નથી. જે હવે પછીના અંકોમાં ફરી દેખા દેશે.

રાબેતા મુજબ આ વખતે પણ અનેક ગરબડો અને અડચણોની વાત થઈ શકે એમ છેઃ એક લેખકનું નામ ખોટું છપાયેલું, એક લેખિકાની વાર્તામાંથી એક પાનું ગેબી રીતે રહી ગયેલું, રજિસ્ટ્રેશનનાં કાગળિયાંમાં ગલતીઓ થયેલી, એર ઈન્ડિયાના પાયલોટોની હડતાલના કારણે પરદેશના ગ્રાહકોને અંક મોડા મળેલા. સૌને કરબદ્ધ પ્રાર્થના કે દરગુજર કરે.

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઈઝ કે એ-ફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈ-મેઈલથી** mamatamonthly@hotmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઈન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવાં.
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઈચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઈઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું,** mamatacirculation@gmail.com **અથવા 'મમતા' કાર્યાલય ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭** સંપાદકીય પત્રવહેવાર માટે ઈ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩ • પંખીનો મેળો**

**૦૪ • બળવંત જાની / તૂટ્યા તાર**

**૦૮ • કિશોર રાવલ / અનાહત**

**૧૩ • હસમુખ પટેલ / મણ માટીની મા**

**૧૮ • દુર્ગેશ ઓઝા / નડતર**

**૨૧ • જિજ્ઞેશ અધ્યારુ / નવનિર્માણ**

**૨૫ • રમણીક અગ્રાવત / અમુભાઈ ને જમુભાઈ**

**૨૮ • કલ્યાણી વ્યાસ / સરપ્રાઇઝ**

**૩૪ • પ્રભુદાસ પટેલ / ખાખી જીવડાં**

**૩૭ • પ્રકાશ બાળ જોશી / સામેની બારીમાં બેઠેલો તે**

**કવર ૨ • પાઓલો કોએલો/ રાગ વિશ્વરંજની**



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** 'આર્ટ મણિ' રીટા ડાંગોદરા, એફ એફ/૧૩ મૂર્દ્ધન્ય કોમ્પલેક્સ, સુપર સોસાયટીની સામે, રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૧૫
ફોન : ૯૪૨૬૪ ૧૮૫૧૦

**મુખપૃષ્ઠ** વિજય પદકી, બેંગલોર

**રેખાંકન** સુલેમાન રોશનઅલી

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર
અમદાવાદ: ૩૮૦૦૨૧ ફોન: ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

**કોપી એડિટર** છાયા ત્રિવેદી **સંપાદન સહાય** સુચી વ્યાસ

# પંખીનો મેળો

મમતાના સાતમા અંકની વાર્તાઓમાંથી ‘આંટી’, ‘અંધારું-અજવાળું’, ‘ખિચ્ચાનો રૂપિયો’, ‘ટાઈમ શેર’ ખૂબ ગમી. મેં વાર્તાસ્પર્ધામાં ભાગ લીધેલો, પણ પરિણામ પછી નિરાશ થયેલો. આ સ્પર્ધામાં અવ્વલ આવેલી વાર્તાઓમાંથી પાંચેક વાર્તાઓ વાંચ્યા પછી લાગે છે કે મમતામાં લોલેલોલ ચાલતું નથી. આનંદ. લેખકો માટે મંચ ઊભો કરવાની તમારી વાતમાં વજૂદ લાગે છે. એ પોપટપાઠ તો નથી જ. આટલે સુધીના અંકો માણ્યા પછી કોઈ પણને ભરોસો પડી શકે.

**રમણીક અગ્રાવત, rgagrawat@gnfc.in**

મમતાના તાજેતરના અંકમાં મારી વાર્તા છાપવા બદલ આભાર, પરંતુ એટલી ફરિયાદ ચોક્કસ કે મને એની કોઈ જાણ પણ ના કરી. લેખક પાસે ઈલેક્ટ્રોનિક ફોરમેટનો આગ્રહ રાખનાર સંપાદક નથી વાર્તા સ્પર્ધાનું પરિણામ ઈમેલથી જણાવતા કે નથી લેખકને એની વાર્તા અંકમાં પ્રગટ થઈ છે તેમ જણાવતા. પુરસ્કારની તો સ્વપ્ને પણ આશા ના હોય પણ ખાલી અમારી વાર્તા છપાય તે અંક મોકલો તોય સારું. ચિત્રાંકન બહુ ખરાબ આવે છે મેનેજમેન્ટના પ્રશ્નો સોલ્વ કરવા રહ્યા. દર વખતે એની કાગારોળ સંપાદક કરે તે કેવું લાગે?

**નલિન જોશી, njjoshi73@gmail.com**

વિજેતા વાર્તાઓ વાંચી આનંદ થયો. સાથો સાથ શીખવા પણ મળ્યું. વાર્તા સ્પર્ધામાં મારી વાર્તાને ઇનામ ન મળ્યું ત્યારે મને જરા દુઃખ લાગ્યું પણ વિજેતા વાર્તાઓ વાચતાં લાગે છે હજુ મારે ઘણું શીખવાનું છે. રમેશભાઈ અને દિલીપભાઈની વાર્તા ખરેખર સરસ છે.

**ચિંતન આશરા, ભાવનગર**

*તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈ-મેઈલથી* (sub: pankhino melo) ***મોકલવા. અથવા ટપાલનું સરનામું ‘મમતા’ વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઈઝ, ૬, ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***

સંપાદકીયની આત્મીયતા અજોડ હોય છે, મસ્તી મઝાની ને મુદ્દાઓ મહત્ત્વના હોય છે. બીજું, પસંદગીની જૂની વાર્તાઓ હંમેશ નવી ને નવી લાગે છે ને વાર્તા કોને કોને કહેવાય એની મઝા જેમ માણી શકાય છે; તેમ કલા કોને કહેવાય એની સમજણ પણ ઘુંટાતી જાય છે. ને મોટી વાત તો એ છે કે આજના નવા લેખકો માટે એક ખુલ્લી જગ્યા મળી, હેતભર્યું ઈજન આવ્યું ને આજે નહીં તો કાલે ગુજરાતના નવલોહિયા વાર્તાકારો એ ઈજનનો એમને ને આપનારને છાજે એવો જવાબ આપશે. તમે આંબાની વાડી ઉગાડવાનું નક્કી કર્યું છે. આંબા,એમને સમયે, જરૂર ફળભર્યા ઝૂકશે -- હમણાં કેટલાંક ફણગા માટીની અંદરથી આકાશ અને સૂરજને શોધતા હશે.

હાલ વાડીની જે ખુલ્લી જગા છે, થોડક છોડવાંવાળી, એમાં કોયલને ગાવા દેજો (જેથી ફણગાઓને ફૂટવાનું મન થાય) પણ વાંદરાઓને દૂર રાખજો, (જેથી આવતીકાલનાં ફળોને ડર ન લાગે કે અમોને આ ખાઈ જશે.)

**સિતાંશુ યશશ્ચન્દ્ર, વડોદરા**

જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે. જે કર સજાવે વિશેષાંક તે બૃહદ ગુજરાતના આકાશમાં છવાઈ રહે. પ્રથમ ઈનામ સેજલ શાહ આણિ મંડળીને મારા દિલી અભિનંદન.

**અશ્વિન દેસાઈ, ઓસ્ટ્રેલિયા**

## ફરી એકવાર અફલાતૂન વાર્તા સ્પર્ધા મમતા-૨૦૧૨

### પહેલું પારિતોષિક રૂ. ૫૧,૦૦૦, બીજું રૂ. ૨૧,૦૦૦, ત્રીજું રૂ. ૧૧,૦૦૦

**જેનો એક પણ વાર્તા સંગ્રહ પ્રકાશિત ન થયો હોય તે નવા વાર્તાકારો ભાગ લે. જેમને મમતા-૨૦૧૧માં પારિતોષિક મળ્યાં છે તેઓ ભાગ ન લે. વાર્તા મોકલવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર,૨૦૧૨**

**વધુ વિગત આવતા અંકે**

## બળવંત જાની

# તૂટ્યા તાર



પ્રાધ્યાપક અને અધ્યક્ષ, ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. માનદ નિયામક ગાર્ડી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર ડાયાસ્પોરા સ્ટડીઝ 'ગીડ્ઝ', કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય સૂવર્ણ ચંદ્રક વિજેતા, ચારણી સાહિત્ય અને લોક સાહિત્યના તજજ્ઞ, વિવેચક, સંશોધક અને વ્યાખ્યાતા, પરદેશમાં વસતા ગુજરાતી લેખકોના સંકલક રસમર્મજ્ઞ તેમ જ પ્રચારક, ફ્રાન્સ, બેલ્જિયમ, ઇંગ્લેન્ડ, નેધરલેન્ડ, જર્મની અને અમેરિકાના પ્રવાસી તથા 'મમતા' પરિવારના વરિષ્ઠ પરામર્શક. આ એમની પ્રથમ વાર્તા છે.

***'તીર્થ', ૨૬૪ જનકપુરી***
***યુનિવર્સિટી રોડ***
***રાજકોટ ૩૬૦ ૦૦૫***
***ફો. ૦૨૮૧ ૨૫૭ ૭૯૯૮***
***મો. ૯૮૨૫૦ ૭૫૦૯૮***
***balwantraijani@yahoo.com***

ઉનાળાનો ધોમ ધખતો તાપ હોય, કે શિયાળાનો નમતો પોર હોય, કે પછી ચોમાસાનો વરસતો વરસાદ હોય. આત્મારામ બાવો તાનમાંને તાનમાં, પોતાનો એકતારો બજાવતો, બજાવતો જ્યારે ઉમટના વીડ-બીડ તરફ જતો હોય ત્યારે કમળાપુરના ગામ લોકો કે ચોરે બેઠેલા ઘરડેરાંઓ બોલી ઊઠતાં કે, "ધૂની છે... ધૂની ભાઈ; આમ અહુરો ઠેઠ ઉમટના બીડમાં જઈને ત્યાં મદાવાની કેડીએ આવેલ પૂતળીવાવે બેઠે બેઠો ભજન અને પરભાતિયાં લલકારશે ને એકતારો વગાડશે." કોઈક વળી બીજો વચમાં ટાપસી પૂરાવતો... "કોણ જાણે શું ધૂન લાગી છે?"

આત્મારામને તેનો બાપ પાંચ વર્ષનો મૂકીને પ્રભુના ધામમાં ચાલ્યો ગયેલ. પછી તેની મા જમના રામરોટી માંગી લાવતી અને બંને ગુજરાન ચલાવતા. હવે યુવાન અને સમજણો થયો હતો. તેના નિત્યક્રમ પ્રમાણે સવારમાં ઊઠીને, સ્નાન કરીને તેના ઠાકર મંદિરે ઠાકરની પૂજા કરતો. પછી ગામમાં લોટ માગવા જતો. વચમાં ક્યાંક જજમાનોના અતિ આગ્રહને લીધે ચા પીવા કે ચલમ ફૂંકવા બેસી જતો. પછી ઘેર આવીને માએ બનાવેલી રસોઇ જમીને તેના ઠાકર મંદિરની ઓસરીમાં આરામ કરતો, એકતારો બજાવતો, કે ભજન ગાતો. રોંઢા ટાણે થોડા લોકો ભેગા થાય ત્યારે રામાયણ વાંચતો કે પછી સાંજે કોઈકની સાથે વાડીયુંમાં આંટો મારવા જતો. જમીને, રાત્રે ભજન હોય ત્યાં અથવા સત્યનારાયણની કથામાં તેની હાજરી અચૂક હોય જ, કથા પૂરી થયા પછી તેના ભજનની અને એકતારાની હલકાર ગ્રામ્યજનોનાં હૈયાં ડોલાવી દેતી. આખું કમળાપુર તેનું માન ખૂબ જ રાખતું અને આત્મારામ તે માનને અનુરૂપ વર્તન રાખતો.

બપોરના સમયે જમીને જ્યારે આત્મારામ ઠાકર-મંદિરની ઓસરીમાં આરામ કરતો હોય ત્યારે ઠાકર-મંદિરની સામે આવેલ માંડણિયાના ઝૂંપડામાંથી તેની છોડી રૂપલી વારે વારે કંઈક બહાના હેઠળ બહાર આવીને આત્મારામ તરફ એકાદ દૃષ્ટિપાત કરતી. અને એ બન્ને યુવાન હૈયાંની આંખ ટકરાઈ જતી. એકાદ હાસ્યની રેખા ફૂટે કે ન ફૂટે ત્યાં તો રૂપા ડરતી ડરતી ઝૂંપડીમાં આવી જતી અને તેની ઝાંપલી બંધ કરી કાર્યરત બની જતી.

આત્મારામે તેના સુંદર અને ઘાટીલા શરીરથી, ભજનના હલકારથી અને એકતારાના સૂરથી રૂપાને માયા લગાડી હતી અને રૂપા પણ તેના તરફ આકર્ષાઈ હતી.

આત્મારામ જ્યારે તેને ઘેર લોટ માગવા જતો ત્યારે પણ બન્ને યુવાન હૈયાં એકાંત મળ્યે થોડી ટૂંકી વાત કરી છૂટાં પડતાં. તેઓની વાતો વાસના-સભર ન હતી. તેઓની આંખોમાં કામાગ્નિ ન હતો. બન્ને શુદ્ધ લાગણીપૂર્વક એકબીજાને ચાહતાં!

પણ!

એક દિવસે સાંજે પ્રકૃતિ મન મૂકીને શણગાર સજીને ખીલી ઊઠી હતી. સૂર્ય તેનાં લાલ કિરણો પાણીમાં નાખીને તળિયાની સ્વચ્છતા બતાવતો હતો, ગાયોના પાછા ફરવાથી ચારે દિશાએ ધૂળ ઊડતી હતી.

રૂપા પણ તેના ઢોર સાથે તથા છાણ લેવા છેક નદી કિનારા સુધી આવી હતી. આત્મારામ

પણ એ બાજુની વાડીયુંમાંથી પરત આવતો હતો. રૂપાને દેખતાં જ તેને થયું કે આજે નથી બોલાવવી... પણ કોણ જાણે તેનાથી રહેવાયું નહીં અને કહી નાખ્યું... "અરે! રૂપા, હું જ્યારે ઠાકર મંદિરે ઓસરીમાં બેઠો હોઉં ત્યારે બહુ બહાર ન ડોકાતી હો તો? મફતનું હાળું ગામ લોક જાણશે તો વાતું કરશે."

"મને એક વાર ભાદરનું પાણી હાથમાં લઈને કહો, પરણીશ તો તને જ પરણીશ... એટલે પજવવાનું છોડી દઉં." ભાદરના છીછરા પાણીમાં પગથી છબછબિયાં બોલાવતી રૂપાએ અલ્લડ ભાષામાં કહી નાખ્યું.' રૂપાના આવા શબ્દોથી પહેલાં તો આત્મારામ સહેજ ચમક્યો. પણ પછી થોડો સ્વસ્થ બની, અંતરની આરત શબ્દોમાં કોઈ દિવ્ય વાણીરૂપે ફૂટતી હોય તેમ બોલ્યો, "રૂપા! આ સૂરજદાદાની સાખે ભાદરનું પાણી હાથમાં લઈને, સોગંદ ખાઈને કહું છું કે, પરણીશ તો તને જ પરણીશ બાકી બીજી બધી મારે મા-બહેન! બસ..."

આત્મારામની જેમ રૂપાએ પણ પ્રતિજ્ઞા લીધી... ત્યારે સૂર્ય પણ તેનાં છેલ્લા કિરણો વડે બન્ને યુવાન હૈયાંને નીરખવા સ્તબ્ધ બની, પલવારમાં જ ક્ષિતિજમાં અલોપ થઈ ગયો!

માએ પ્રેમસભર બનાવેલ રોટલો-મરચાં-દૂધ અને ખીચડી તેને ઓર મીઠાશ આપતાં... વાળુ કરતાં માએ કહ્યું, "બેટા! તું હવે ઉંમરલાયક થયો. તું જો તારી હારનો લખિયાનો છોકરો. તેની વહુને સીમંત છે. ત્યારે તું તો આમ સગપણનીએ ના પાડે છે."

"માડી, તું હમજે નહીં એ તો કાંટ વરણ કહેવાય. હજુ આપણે કાંક બે પાંદડે તો થાઈ? તું તારે પ્રભુ ભજન કરને રૂડાં યજમાનોયે છે. તે ઘેર આવીને દાણા નાખી જાય છે."

> બપોરના સમયે જમીને જ્યારે આત્મારામ ઠાકોર-મંદિરની ઓસરીમાં આરામ કરતો હોય ત્યારે ઠાકોર-મંદિરની સામે આવેલ માંડણિયાના ઝૂંપડામાંથી તેની છોડી રૂપલી વારે વારે કંઈક બહાના હેઠળ બહાર આવીને આત્મારામ તરફ એકાદ દૃષ્ટિપાત કરતી.



આટલું બોલી આત્મારામ હાથ મોઢું ધોઈને ખાટલે બેઠો ને ચલમ ફૂંકવા લાગ્યો... દરેક વખતે આવી વાત નીકળે ત્યારે એની માને ધીરજ રાખવાનું કહીને આત્મારામ વાતને ટાળી ઘર બહાર નીકળી જતો.

જોકે આમ તો માંડણિયાએ રૂપાની સગાઈ મદાવાના એક ઉભડિયા દેવા કોળીના છોકરા સાથે કરી નાખેલ. પરંતુ રૂપા તો મનથી આત્મારામ જોડે જ વરી ચૂકેલી. ઘણી વખત બન્ને મળતાં ત્યારે રૂપા આત્મારામને એટલું જ કહેતી કે, ''તમે ધીરજ રાખજો, હું ભાદરના પાણીને નહીં લજવું.''

અને આમ આત્મારામ ધીરજ ધરતો જ રહ્યો. તેની આંખ સામે જ રૂપાનાં લગ્ન લખાયાં... જાન પણ આવી... અને માંડણના અતિ આગ્રહ લીધે આત્મારામને પણ આ પ્રસંગે હાજર પણ રહેવું પડ્યું. પ્રસંગ રૂડી રીતે પતાવી જાનને વિદાય આપી. ગમગીન હૃદયે આત્મારામ ઘેરે આવ્યો! મન ન હોવા છતાં માએ બનાવેલ રસોઈ જમવી પડી, જમના પણ તેની સાથે જમવા બેઠી. જમતાં-જમતાં માએ પણ આજે વાતને પક્કડમાં લીધી અને બોલી, ''આણંદપુરથી જાનકીદાસની ટપાલ છે કે આત્મારામનું સગપણ કરવું હોય તો આંયાં એક કન્યા છે. તો બોલ હવે તારો શો વિચાર છે? કે પછી મને ફાવે તેમ કરી નાખું?''

''ના માડી, આવનાર માણસ સાથે જનમારો મારે કાઢવાનો છે. તું શા માટે આમ ઉતાવળ કરે છે?'' આત્મારામ ખૂબ જ લાડકો હોવાથી તેની માને તુંકારે જ બોલાવતો.

''બેટા તારી વાત સાચી પણ તું મારી તબિયત સામું તો જો, ઓલા ગુરુવારથી તાવેય ઉતરતો નથી. છતાં કામ કર્યે જ જાઉં છું. હવે તો છાતીમાંય રાતમાં દુ:ખે છે અને મૂળજી વૈદ્યના પડીકાયે હવે તો ભાવતા નથી.''

''હા માડી, એ વાત સાચી, તું કે'તી હો તો ઇ મૂળજીકાકા વૈદ્યને બોલાવું.''

''ના'' ટૂંકો જવાબ આપી, એક નિશ્વાસ નાખી, જમના હાથ ધોઈને ઊભી થઈ ગઈ અને આત્મારામ પણ ઠાકરને પોઢાડવા માની રજા લેતો મંદિરે ઉપડ્યો...

...મંદિરે ચાલીને ઠાકરના ચરણમાં મસ્તક નમાવી અશ્રુનો અખંડ અભિષેક કરતો હોય તેમ ચોધાર આંસુએ આત્મારામ રડવા લાગ્યો. આજે રૂપાને વળાવતાં તેનું હૈયું ખૂબ જ તરફડતું હતું. યુવાન વ્યક્તિ ઘણું બધું સહન કરી શકે છે, પણ જ્યારે તેની પ્રિય વસ્તુ તેના હાથમાંથી કોઈ ઝૂંટવી જાય છે તો તેને તે સહન કરી શકતો નથી. પણ આખરે તો આ એક ગ્રામીણ યુવક હતો ને તે શું કરી શકે? ફક્ત અશ્રુધારાથી ઠાકરને કરગરતો હતો.

''હે ઠાકર! તારા ભગતડાને આમ આવા રવાડે ન ચડાવતો હો તો? કે અમને દુ:ખી જોઈને જ તું આનંદ પામે છે? કે પછી મને કુંવારો રાખવા તેં આ કીમિયો ઘડ્યો હતો?'' આમ, ગૂંગળાતા હૃદયે અને અંતર્નાદે ઠાકર સમક્ષ તે પોતાની હૈયાવરાળ કાઢતો હતો.

•••

કમળાપુરથી ચાલી નીકળેલી જાન ભાદરના કાંઠે-કાંઠે ઉમટના બીડની પગદંડીએ ભાદરની જેમ ધીમી ગતિએ ચાલી જતી હતી. ગાડામાં બેઠેલી જાનડીયુંના ગીતના હલકારની સાથે સાથે શાંત સ્વરે વહેતી સરિતા તેના સૂરમાં સૂર પૂરાવીને ઉમટના વીડમાં પડઘા પાડતી હતી.

અંદર બેઠેલ નવવધૂ રૂપાનું મન આજે વિચાર વમળમાં અટવાઈ ગયું હતું. તેને મનમાં એ જ થયા કરતું, શું મારાથી જ ભાદરનું પાણી લજવાશે? અને આત્મારામ શું કહેશે? આમ, આજ એના દિલમાં આનંદ-ઉષ્મા હોવાં જોઈએ તેને બદલે સૂનમૂન પૂતળાની જેમ તે બેઠી હતી.

ઉમટના બીડમાં ભાદર કાંઠે આવેલ પૂતળીવાવે જાન વિસામો લેવા ઊભી રહી. જાનમાંથી દરેક વ્યક્તિ કંઈકને કંઈક કાર્યમાં પરોવાઈ ગઈ. રૂપા પણ તેની નાની નણંદ સાથે વાવને કાંઠે ઊભી હતી. આજુબાજુ કોઈ નહોતું.

નણંદે હાસ્યની લહેરી સાથે મીઠા સ્વરે કહ્યું: ''ભાભી! તમારે પાણી નથી પીવું?''

''ના, ના, મારા માટે સામેના વીરડામાંથી એક કળશો પાણી અહીંયા જ લઈ આવોને એટલે બસ.'' નવા ભાભી આગળ સારી છાપ પડે એ હેતુથી નણંદ પાણી ભરવા ચાલી.

રૂપા હવે એકલી પડી તેનું મન ભમવા લાગ્યું, વાવ પાસે પડેલ મોટા પથ્થરને ઉપાડીને કઠોડા પાસે રાખ્યો... આત્મારામને આપેલ કોલ પૂરો પાડવા સમાજની વેદી ઉપર તેનું બલિદાન તેને આવશ્યક લાગ્યું. - રૂપાએ પથ્થરને બે હાથ વડે પકડીને ''હે ઠાકર'' કહેતીકને વાવમાં ઝંપલાવ્યું.

ઉમટનું બીડ અને ભાદરનો કાંઠો ગમગીન બની રડી ઊઠ્યાં!

એક વાર ભાદરનું પાણી હાથમાં લઈને કહો, પરણીશ તો તને જ. એટલે પજવવાનું છોડી દઉં.'' ભાદરના છીછરા પાણીમાં પગથી છબછબિયાં બોલાવતી રૂપાએ અલ્લડ ભાષામાં કહી નાખ્યું. રૂપાના આવા શબ્દોથી પહેલાં તો આત્મારામ સહેજ ચમક્યો

•••

ઠાકરની સમક્ષ ખૂબ જ રડીને હૈયાને શાંત પાડી, આત્મારામ સ્વસ્થ બની ઘર તરફ જવા નીકળ્યો. ઘેર આવ્યો, ત્યાં ઘર માણસોથી ભરચક હતું. જમનાની તબિયત બરાબર ન હતી. તેને છાતીમાં સખત દુઃખતું હતું. મૂળજી વૈદ્ય પણ એક બાજુ બેઠા હતા.

આમ તો રૂપાને વળાવીને આત્મારામ ખૂબ જ ગમગીન હતો છતાં, તે ભાવને છૂપાવીને ખાટલીની પાંગતે બેઠો બેઠો જમનાના પગ દબાવતો હતો. બધાં સૂનમૂન બેઠાં હતાં. અરસપરસ એક બીજાને આશ્વાસન આપતાં હતાં. ગોખલામાં ડગુમગુ થતી દીવાની જ્યોત આટલાં માણસો વચ્ચે પણ એકલતાનો અનુભવ કરાવતી હતી. ત્યાં કોઈ બહારથી આવ્યું અને તે આત્મારામને "જે સીતારામ" કરી, જમનાના ખબર પૂછી, હળવેકથી લોકો સમક્ષ રૂપાના અવસાનની વાત કરવા લાગ્યો... આગન્તુક જેમ જેમ વિસ્તારથી બનેલી વિગતો કહેતો ગયો તેમ તેમ આત્મારામનું હૃદય કલ્પાંત કરી રડી ઊઠ્યું. ત્યાં બેઠેલા લોકોમાંથી વળી કોઈ બોલી ઊઠ્યું, "હશે! ભાઈ, હોય! જેવી ઈશ્વરની મરજી... પણ છોડીએ આવું તે શીદ કર્યું હશે? ને આમ જ કરવું'તું તો બિચારા માંડણિયાને શીદને હજારનાં ખાડામાં ઉતાર્યો? લગન પહેલાં જ વાવમાં પડવું'તું ને."

પણ ત્યાં કોઈ રૂપાનાં હૃદયની વાત જાણતું ન હતું કે આનો જવાબ દે! આત્મારામ જાણતો હતો, પણ એનું હૈયું જ જાણે ધબકતું બંધ થઈ ગયું. પછી સાંભળે કોણ ને કોણ જવાબ દે! થોડી વારે બધાં એક પછી એક ઊઠ્યાં. પછી થોડાએક સંબંધીઓ અને મૂળજી વૈદ્ય બેઠા હતા. જમના પણ ખાટલામાં સૂતી સૂતી દુઃખી નજરે આત્મારામ ભણી જોઈ રહી હતી અને વેદનાની મારી તેમ પડખું ફેરવતી હતી.

ગોખલામાં પડેલો દીવો પવનની સપાટીથી કે આત્મારામના અંતરમાંથી નીકળી ઊની લ્હાય જેવા નિસાસાથી હલી ઊઠતો.

"લો આ પડીકાં. બે અત્યારે રાત્રે અને બે સવારે આપજે અને બહુ થાય તો મને બોલાવજે. અમે હવે ઊઠીએ છીએ." આમ બોલી મૂળજી વૈદ્યે બીજા માણસો સાથે વિદાય લીધી.

ઓરડાની એકલતા આત્મારામને ભરખી જતી હોય તેમ લાગ્યું. તેનું મન માનું દુઃખ અને રૂપાના મૃત્યુ વચ્ચેની વેદનાના હીંચકે ઘડીક દ્વિધામાં તો ઘડીક શૂન્યમાં હીંચકતું હતું. થોડી વાર સુધી માના પગ પર હાથ ફેરવ્યા પછી બહાર ઓસરીમાં તે આંટા મારવા લાગ્યો. ત્યાં પવનના જોરદાર સપાટાથી દીવો હોલવાઈ ગયો. તે સાથે વેદનાના એક અંતની જેમ જમનાનો દેહ પણ ખાટલામાં નિશ્ચેતન બની ગયો.

> માએ પ્રેમસભર બનાવેલ રોટલો-મરચાં-દૂધ અને ખીચડી તેને ઓર મીઠાશ આપતાં... વાળુ કરતાં માએ કહ્યું, "તું ઉંમરલાયક થયો. જો તારી હારનો લખિયાનો છોકરો. તેની વહુને સીમંત છે. ત્યારે તું તો આમ સગપણનીએ ના પાડે છે"

...આત્મારામનું હૃદય પારેવાંની માફક તરફડી ઊઠ્યું. સારુંએ કમળાપુર શોકમગ્ન બની ગયું. જમનામાનું કારજ તથા ઉત્તરક્રિયા વગેરે પતાવ્યું, પણ આત્મારામના હૃદયમાંથી રૂપા વિસરાતી ન હતી. તેનું મન સંસારમાંથી દૂર ભાગવા મથતું હતું. દેવ-સેવાના કે અન્ય કોઈ કાર્યમાં તેનું મન લાગતું નહીં.

આત્મરામને જ્યારે રૂપા સાંભરી આવતી, ત્યારે તેના એકતારાને હાથમાં લઈને ગમે તે સમયે પણ તે ઉમટના બીડમાં આવેલ પૂતળીવાવે જતો અને ત્યાં ભજન-પરભાતિયાં વગેરે લલકારતો.

ત્યારે વાવનું પાણી હાલી ઊઠતું. જાણે સાંભળતાં સાંભળતાં હોંકારો ન આપતું હોય! અને ક્યારે આત્મારામ તે પાણીને હલતું જોઈને તેમાં રૂપાને ભાળતો હોય તેમ તેની સાથે વાતો કરતો, બોલવા લાગતો.

"રૂપા! રૂપા! શું કરું? તેં આમ શા માટે કર્યું? તું જો આ તંબુરાના મહત્ત્વના બે તાર તૂટી ગયા"ને તે રડી પડતો. "હવે આ એકતારો ગોઝારો છે, તે બરાબર કામ આપતો નથી અને મારાથી પણ હવે આમ જિવાતું નથી શું કરું?" આમ બબડતો તે ગામમાં પાછો ફરતો અને ઘેર આવીને સૂઈ જતો.

ક્યારેક તો રાત્રિએ ઊંઘમાં પણ તે રૂપાની યાદમાં જાગી ઊઠતો અને એકતારો લઈને રૂપાને ખુશ કરવા, તેની સાથે વાતો કરવા પૂતળીવાવે ઉપડતો, ત્યાં જઈને એકતારો ખૂબ તાનપૂર્વક બજાવતો, ભજન ગાતો અને રૂપાને કહેતો...

"રૂપા? શું કરું? જવાબ દે ને? મારાથી હવે આ એકાકી જીવન જીવાતું નથી... શું કરું? તારી જેમ આપઘાત કરી તને પ્રેતયોનિમાં મળું? કે આમ ને આમ તને આ એકતારો સંભળાવ્યા જ કરું! શું કરું?

જવાબમાં ફક્ત વાવનું પાણી હલી ઊઠતું-જાણે તેને આવકાર ન આપતું હોય! **મ**



*મુંબઈ સ્થિત કળા શાખાના સ્નાતક કિશોર પટેલના "ડિવોર્સ@લવ.કોમ" વાર્તાસંગ્રહને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો વર્ષ ૨૦૦૯ માટેનો રામનારાયણ પાઠક પુરસ્કાર અને કલા ગુર્જરીનું ગિરા ગુર્જરી પારિતોષિક પ્રાપ્ત થયાં છે. એક લઘુનવલ "સ્ટેલમેટ" પ્રગટ થઈ છે.*

**મો. ૦૯૮૬૯૭ ૧૭૦૧૦**
**p_kishorchandra@yahoo.co.in**

## કિશોર પટેલ

# અનાહત

બલ્લુભાઈ મૃત્યુ પામ્યા હતા.

એમની ઉત્તરક્રિયા પછી પણ મુલાકાતીઓનો ધસારો ચાલુ જ હતો. સ્થૂળ દેહ તો રહ્યો નહોતો, રહી હતી યાદો. એક પાડોશીએ કહ્યું, 'સોસાયટીમાં કોઈ પણ ફંકશન હોય, ગણપતિ હોય કે નવરાત્રી બલ્લુભાઈ હંમેશાં તૈયાર રહેતા. હોળીમાં ભાંગ પીવામાં કે રંગોથી રમવામાં પણ એ કદી પાછળ રહેતા નહી!' એક બપોરે સોસાયટીની કોલેજ-કન્યાઓનું ગ્રુપ મળવા આવ્યું હતું. એક છોકરીએ કહ્યું, 'અમે કંઈ નવું ફેશનેબલ પહેર્યું હોય ત્યારે બીજા કોઈના કરતાં દાદાજી શું કોમેન્ટ કરશે એની ઉત્કંઠા અમને વધારે રહેતી. એમની કોમેન્ટ કદી પણ ચીપ ના રહેતી. એ હંમેશાં કંઈ નવું જ કહેતા!'

એક જણે કહ્યું, 'માણસ બહુ જેન્ટલમેન!' બહાર નીકળીને દાદરો ઉતરતી વખતે એ જ માણસ કોઈકને કહેતો હતો, 'ડોસો એક નંબરનો વાસુ હતો. બૈરું જોયું નથી કે વાંહે પડ્યો નથી.' પછી આસપાસ જોઈને અવાજ ધીમો કરી બોલ્યો, 'ખબર છે, દીકરી જેવી વહુ જોડે પણ ચાલુ થઈ ગયો હતો!'

સ્ત્રીઓ પ્રત્યેના વલણ માટે બલ્લુભાઈની ખ્યાતિ જગજાહેર હતી. એકનો એક પુત્ર કેતન પણ આ વિષે અજાણ નહોતો. સમજાવા માંડ્યું એ પછી પિતાની સ્ત્રી-મિત્રોમાં વય, રૂપ અને ગુણનું વૈવિધ્ય જોઈ એ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. એ બદનામ યાદીમાં પોતાની પત્નીનું નામ જોડાઈ ગયું ત્યારે એને નવાઈ તો નહોતી લાગી પણ એ અસ્વસ્થ જરૂર થઈ ગયો હતો.

અનાહતના જન્મ પછી પહેલી વાર જયારે એણે કોઈકના મોઢે સાંભળ્યું કે ''છોકરો બિલકુલ એના દાદા પર ગયો છે!'' ત્યારે તો એ પ્રતિક્રિયા એને નિર્દોષ લાગી હતી. પણ જેમ જેમ એ જ ટિપ્પણી વારંવાર કાને પડવા લાગી તેમ તેમ એનું મન ડામાડોળ થવા માંડ્યું. એના મનમાં શંકા નામની ડાકણ આંટાફેરા કરવા લાગી હતી. કોઈ જોતું ન હોય ત્યારે એ અનાહતના ચહેરામાં પોતાનો ચહેરો શોધ્યા કરતો. કયારેક એ હતાશ થઈ જતો. કયારેક એને થતું કે સુસ્મિતાને સીધેસીધું પૂછી લેવું જોઈએ. સંબંધોમાં સંવાદ ના હોય ત્યારે જીવન વિસંવાદી બની જાય છે, એ સત્ય કેતન જાણતો હતો. તેમ છતાં પોતાની જાતને ઉદારમતવાદી પતિ ગણાવતો કેતન પત્ની જોડે સંવાદ સાધી શકયો નહીં. ''આજે તો કોઈ પણ હિસાબે ફેંસલો કરી નાખું!'' એવું વિચારી જે દિવસે ઓફિસથી એ ઘેર પહોંચ્યો હતો એ જ દિવસે બલ્લુભાઈને પહેલો એટેક આવ્યો હતો. કેતનના મનમાં ઉધઈ લાગી ગઈ હતી. એ ઝડપથી વજન ગુમાવવા માંડ્યો હતો.

પિતાના મૃત્યુના અઢી-ત્રણ મહિના પછી કેતન છૂટાછેડા માટેના નિષ્ણાત વકીલ નવજીવન રાયચૂરાને એમની ઓફિસમાં મળ્યો હતો. રાયચૂરા જવાબદાર વકીલ હતા. પહેલી મુલાકાતમાં ''કેતનભાઈ, તમે શાંતિથી ફેરવિચાર કરી જુઓ. પત્ની જોડે ખુલાસાવાર વાતચીત કરી જુઓ. ના જ ફાવતું હોય તો મેરેજ કાઉન્સિલરને મળો. હું અપોઈન્ટમેન્ટ લઈ આપુ. મહિના પછી આપણે ફરી મળીશું.'' એવું કહી એને પાછો

કાઢ્યો હતો. માત્ર અઠવાડિયામાં જ કેતન પાછો એમની પાસે ગયો ત્યારે રાયચૂરાએ કહ્યું કે, 'હજીય કહું છું કે તમે પત્ની જોડે વાત કરો. પરસ્પર સમજૂતીથી તમે છૂટાં પડી શકો છો. તમારી પત્ની ના જ માને તો આપણે ડીએનએ ટેસ્ટ કરાવી શકીએ. રિપોર્ટ આવે એટલે સીધો જ છૂટાછેડાનો કેસ દાખલ કરી શકીએ!'

વકીલ જોડેની બીજી મુલાકાત પછીના શનિવારની સાંજે લિવિંગરૂમમાં કેતન વ્હિસ્કીની ચૂસકી લેતો બેઠો હતો. નાનો અનાહત બિલ્ડિંગ બ્લોકસથી ઘર બનાવવાની રમત રમી રહ્યો હતો. સુસ્મિતા મિલ્સ એન્ડ બૂન શ્રેણીની લેટેસ્ટ નવલકથા વાંચવામાં મશગૂલ હતી... ટીવી પર કાર્ટૂન ચેનલ ચાલુ હતી જે કોઈ જોતું નહોતું.



'મિતા, બહુ ઈન્ટરેસ્ટિંગ છે સ્ટોરી?' એણે પૂછ્યું.

'યસ, બટ ઈટ કેન વેઈટ.' સુસ્મિતાને ગંધ આવી ગઈ હતી કે કેતનના મનમાં કંઇક રંધાઈ રહ્યું છે. છેલ્લાં કેટલાંક દિવસોથી કેતન બદલાઈ રહ્યો હતો એનાથી એ અજાણ નહોતી. કેતનની ઊંઘ ઓછી થઇ ગઈ હતી, એનો ખોરાક ઘટી ગયો હતો. હકીકતમાં સુસ્મિતા પોતે ઘરના બદલાઈ રહેલા હવામાનથી ચિંતિત હતી. પણ પહેલ કોણે કરવી અને કયાંથી કરવી એ મૂંઝવણ બંનેને નડતી હતી.

એ ઊઠીને કેતનની પડખે બેઠી.

થોડી ક્ષણો એમ જ વહી ગઈ. કેતન ચૂપચાપ ડ્રિંક લઈ રહ્યો હતો. સુસ્મિતા બોલી, 'બોલ, કેતન!'

કેતન હજીય દ્વિધામાં હતો. પૂછવું કે ના પૂછવું? છેવટે એ ધીમેથી બોલ્યો, 'મિતા, આપણે બે-ચાર દિવસ માટે કયાંક ફરવા બહાર જઈએ?'

'ગ્રેટ આઈડીયા!' સુસ્મિતા ઉછળી પડી.'ક્યાં જઈશું?'

'તું કહે!'

સુસ્મિતા વિચારમાં પડી. કયાં જવું? મહોરું પહેરી રાખીને પરદેશમાં કે મહોરું ઉતારીને સ્વદેશમાં? કયાંક જઈને પણ અનાવૃત જ થવાનું હોય તો અહીં પોતીકા જ ઘરમાં શા માટે નહીં?

એને ચૂપ જોઈ કેતને પૂછ્યું, 'મિતા, બહુ દૂરનો વિચાર કરે છે?'

ફિક્કું હસીને એ બોલી, ' કેતન, મારે તને કંઇક કહેવાનું છે.'

થોડી ક્ષણો એમ જ વહી ગઈ. કેતન ચૂપચાપ વ્હિસ્કીની ચૂસકી લેતો બેઠો હતો. રીમોટથી ટીવી બંધ કરી સુસ્મિતા બોલી, 'કેતન, એક સ્મોલ ડ્રિંક મારા માટે પણ બનાવને!'

સુસ્મિતા કયારેક જ પીતી. કેતનને થયું કે આજે કદાચ વ્હિસ્કીની વ્હિસ્કી અને સોડાનો સોડા થઇ જશે. એણે પત્ની માટે ડ્રિંક બનાવ્યું. 'ચીયર્સ!' એણે કહ્યું. 'ફોર ઓલ ઓફ અસ!' કહી સુસ્મિતાએ જામ કરાવ્યો અને પીણાની ચૂસકી લીધી.

કેતનનો હાથ હાથમાં લઈ એ બોલી, 'એક વાત કહેવી છે. કેટલાંક દિવસથી કહું કહું થાય છે પણ કઈ રીતે કહું એ વિશે મૂંઝાતી હતી. કેતન, તારા મનમાં પણ કંઇક છે પણ તુંય કંઇ કહેતો નથી. જોઉં છું કે તું અંદર ને અંદર ઘૂંટાય છે. આપણા બેમાંથી કોઈકે તો શરૂઆત કરવી જ પડશે. એટલે હવે આવડે એ રીતે કહી જ નાખું છું. નહીં કહું તો મારો અંતરાત્મા ડંખ્યા કરશે.' કેતનના ચહેરા પરના ભાવ સહેજ પણ બદલાયા નહીં. સુસ્મિતા આગળ બોલી, 'વાત સાંભળ્યા પછી મારા

વિશેનો તારો અભિપ્રાય કદાચ બદલાઈ જાય. મારી પર તને ગુસ્સો પણ આવશે. મને કોઈ સજા કરવાનું પણ તને કદાચ મન થાય. એ બધું મને કબૂલ છે. પણ એક વચન આપ. મારો તિરસ્કાર કરીશ નહીં. મારા પ્રત્યે ઘૃણા કરીશ નહીં.'

તેનો હાથ પસવારી કેતન બોલ્યો, 'તું કોઈ બોમ્બ ફોડવાની લાગે છે. એક મિનિટ, હું બીજો પેગ બનાવી લઉં.' પોતાના માટે બીજું ડ્રિંક બનાવીને એ બોલ્યો, 'મિતા, આપ્યું વચન. બોલ હવે.'

'હું અને ડેડીજી...અમે મિત્રો હતાં.'

'ખબર છે.' કેતને કહ્યું.' આગળ બોલ.'

'એમ નહીં, અમે વિશેષ મિત્રો હતા.'

'હા,મને ખબર છે.' કેતને ઉતાવળે કહ્યું, 'છેલ્લી ક્ષણે એમણે શું કહ્યું હતું? હા, સખી! મિતા, આ સખી એટલે શું?'

હા, સુસ્મિતાને યાદ છે એ દિવસે ડેડીજી શું બોલ્યા હતા.

બલ્લુભાઈને હાર્ટ-એટેક આવ્યો હતો. કોકિલાબહેન હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર મળી હતી. તમામ સાવચેતી લેવા છતાંય ત્રણ મહિનામાં એમને બીજો એટેક આવ્યો હતો. ''હવે બચવાના ચાન્સ ઘણાં જ ઓછા છે.'' ડોકટરે સ્પષ્ટ જણાવી દીધું હતું. એમ છતાં પણ સિત્તેર વર્ષની વયના બલ્લુભાઈ હંમેશની જેમ પ્રસન્ન હતા. હૈયેથી જુવાન બલ્લુભાઈ એમની સારવારમાં રહેલી કેરાલિયન નર્સને પટાવવા જાતજાતના પેંતરાઓ કર્યા જ કરતા હતા.

છેલ્લા પાંચ-સાત દિવસથી એમણે ખોરાક સાવ મૂકી દીધો હતો. 'આ સારી નિશાની નથી.' ડોકટરે કહ્યું હતું.

એ દિવસે ડીલકસ રૂમમાં સ્મશાન-શાંતિ છવાઈ હતી. પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર ત્રણે સૂનમૂન ઊભાં હતાં. બલ્લુભાઈએ ઈશારાથી સુસ્મિતાને નજીક બોલાવી. પુત્રવધૂના માથે હાથ મૂકીને ધીમા પણ ખણખણતા સ્વરે એ બોલ્યા, 'જીવનમાં સદાય સુખી રહો.'

શ્વસુરની ચરણરજ લેવા સુસ્મિતા ઊઠી. એને રોકી બલ્લુભાઈએ કહ્યું, 'મારા કુટુંબમાં પુત્રવધૂરૂપે પ્રવેશ કરી તમે મને ઉપકૃત કર્યો છે. એક વહુ તરીકે તમામ ફરજો તમે અત્યંત શ્રેષ્ઠ પ્રકારે બજાવી છે. પુત્રવધૂ હોવા છતાં તમે મારા એક વિશેષ સખી બની રહ્યા એ માટે તમારો ખૂબ ખૂબ આભાર. ઈશ્વર તમારું રક્ષણ કરે અને જીવનમાં સુખસમૃદ્ધિ આપે.'

સુસ્મિતાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

પૌત્ર અનાહતને ઉદ્દેશી બલ્લુભાઈ બોલ્યા, 'બેટા, દાદા ક્યાંય જતા નથી.' પુત્ર કેતનને નજીક બોલાવી એ બોલ્યા, 'મારા મૃત્યુનો શોક કરશો નહીં. હું ભરપૂર જિંદગી જીવ્યો છું.'

સુસ્મિતાનાં સંયમની પાળ તૂટી ગઈ. એ બોલી ઊઠી, 'ડેડીજી, આઈ વિલ મિસ યુ!'

બલ્લુભાઈએ સુસ્મિતાનો હાથ પોતાના હાથમાં લીધો. એમના ચહેરા પર એક સ્મિત આવ્યું અને અંકાઈ ગયું. એમનું પ્રાણપંખેરું ઊડી ગયું છે એનું ભાન થતાં જ સહુ આઘાતથી અવાચક થઈ ગયા. સુસ્મિતા એમની છાતીએ મસ્તક મૂકી હૈયાફાટ રૂદન કરવા લાગી. અનાહત અને કેતન બંનેની આંખો વહેવા લાગી.

'કેતન, ડેડીજી મારા સખા હતા, એ મારા બોયફ્રેન્ડ હતા!' સુસ્મિતાએ કહ્યું.

વાતાવરણમાં સોપો પડી ગયો. કેતન પીણાનો એક મોટો ઘૂંટડો ગળી જઈ બોલ્યો, 'મિતા, હું કંઈ સમજયો નહીં!'

'સમજાવું, એક મિનિટ.' એ બોલી, 'અનાહત! ટાઈમ ટુ સ્લીપ! નાવ પ્લીઝ વાઈન્ડ અપ! સવારે સ્પોટ્ર્સમાં જવાનું છેને?' થોડી આનાકાની પછી અનાહત માની ગયો. મા-દીકરાએ રમતનો સંકેલો કર્યો.

સુસ્મિતા બાળકને એના રૂમમાં સૂવડાવીને તરત જ પાછી આવી. 'કેતન, યાદ છે અનાહતની પહેલા, પ્રથમના અકાળ અવસાન પછીના દિવસો?

આપણા પ્રેમલગ્ન એક દુર્ઘટના હતી. તારાથી છૂટા પડી જવાનું નક્કી જ હતું. ત્યાં ખબર પડી કે મારા પેટમાં બાળક ઉછરી રહ્યું છે! હું થોભી ગઈ. આપણા લગ્નજીવનને એક તક આપવાનું મેં નક્કી કર્યું. પણ કમનસીબે બેબી મરેલું જ અવતર્યું!

યાદ છે એક દિવસ, મેં કહ્યું હતું, 'કેતન, આજે ઓફિસ ના જા! બહુ એકલું લાગે છે!' કેટલું કરગરી હતી! પણ મને હડધૂત કરીને તું જતો રહ્યો હતો! 'બંધ કર આ રોદણાં! આવું પોચટપણું મને નહીં પરવડે! ખબર છે, આજકાલમાં પ્રમોશન થવાનું છે, આવા વખતે તારી સોડમાં બેસી રહેવાનું મને નહીં પાલવે!' મારી એક પણ વાત સાંભળ્યા વિના મને હડસેલીને તું ચાલી ગયો હતો.

અવાક્ થઈ ગઈ હતી હું! ખૂબ ઝગડો કરવો હતો પણ કોની સાથે કરું? તું તો જતો રહ્યો હતો! બેડરૂમના પલંગમાં ઊંધા મોંએ પડી હું અંદરને અંદર ડૂસકાં ગળી જવા લાગી. એવામાં કોઈનો સ્પર્શ થયો મારા ખભે.

'શું થયું વહુ બેટા, કેમ રડો છો આમ?' ડેડીજી હતા, મારા પડખે બેસી એમણે કહ્યું, 'કાં તો ચૂપ થઈ જાવ ને કાં રડી લ્યો! આમ રડવાનું દબાવી રાખવું શરીર માટે સારું નથી.'

ને મારા સંયમની પાળ તૂટી ગઈ. એમના ખોળે માથું મૂકી હું રડવા લાગી. ચોધાર આંસુએ હું રડતી રહી અને મારા બરડે એમનો હાથ ફરતો રહ્યો!

કોણ જાણે કેટલું રડી. જાણે નદી પરનો બંધ તૂટી ગયો

હતો! રડતાં રડતાં મને ડેડીજીના ખોળે જ ઊંઘ આવી ગઈ. કોને ખબર કેટલું સૂતી? જયારે જાગી ત્યારે જોયું તો મારું માથું સસરાજીના ખોળે!

શરમની મારી અધમૂઈ થઈ ગઈ. ઊઠી ગઈ એકદમ તરત જ. અસ્તવ્યસ્ત થઈ ગયેલાં વસ્ત્રો ઠીક કરતા મેં કહ્યું,'સોરી ડેડીજી!'

'મોં ધોઈ નાખો વહુ બેટા, હું કોફી બનાવું છું!' એટલું કહી એ તો કિચનમાં જતા રહ્યા! હું મૂરખી, હા-ના પણ કરી શકી નહીં!

હાથ-મોં ધોઈ હું સ્વસ્થ થઈ ત્યાં તો કોફીની ટ્રે સાથે ડેડીજી આવી ગયા, ચૂપચાપ એક કપ ઉપાડી મેં કોફીનો ઘૂંટડો લીધો.

'કેમ લાગે છે?'

'સરસ બની છે કોફી.' મેં કહ્યું.

'એ નથી પૂછતો,' એમણે કહ્યું, 'કેવું લાગે છે રડ્યા પછી? સારું લાગે છેને? કયારેક રડી લેવું. રડવામાં કશું ખોટું નથી.'

'ડેડીજી, એ નહીં પૂછો, શા માટે રડતી હતી?'

'ના, હું નહી પૂછું.' એ બોલ્યા, 'પણ તારે કહેવું હોય તો તું ચોક્કસ મને કહી શકે છે.'

શું વાત કરું ડેડીજીને? હકીકતમાં હું એમને બરાબર ઓળખતી પણ નહોતી. કદી સાથે રહ્યાં જ નહોતા! પરણીને પાંચ વર્ષથી સ્વતંત્ર જ રહી હતી, એ તો મમ્મીજી અવસાન પામ્યાં એ પછી ડેડીજી આપણી જોડે રહેવા આવ્યા હતા. માંડ બે-ત્રણ મહિના થયા હતા એમને આપણે ત્યાં.

સામસામે થઈ જતાં ત્યારે ડેડીજી સ્મિત કરતા. પણ હું કદી જવાબ આપતી નહીં. એમના એ સ્મિતમાં કેવો જાદુ હતો! પણ મારી આસપાસ બનાવી લીધેલા કોચલાની બહાર હું કદી નીકળી જ નહીં. ત્રણ મહિના તો એમ જ નીકળી ગયા. સમયે સમયે એમને ચા-નાસ્તો- ભોજન આપી દેતી. જાણે ઘરમાં કોઈ પેઈન્ગ ગેસ્ટ ના રહેતો હોય!

કેતન, એ દિવસે તું મારી અવહેલના કરી ચાલ્યો ગયો. પાર વિનાનું દુઃખ થયું હતું મને. કોઈનો ખભો જોઈતો હતો રડવા માટે.

શું કરું? રડી લઉં એમના ખભે માથું મૂકીને?

કોફીનો ઘૂંટ લઈ મેં કહ્યું, 'ડેડીજી, તમારો દીકરો મને પ્રેમ કરતો નથી.'

ડેડીજી ડઘાઈ ગયા. થોડી વારે બોલ્યા, 'વહુ, આ એક ગંભીર આક્ષેપ છે. કહો, સાચી વાત શું છે?'

મારા સંયમની પાળ તૂટી ગઈ. મેં ડેડીજીને પેટછૂટી બધી જ વાત કરી.

'ડેડીજી, કેતન જોડે પ્રેમલગ્ન કર્યા પણ હવે પ્રેમની બાદબાકી થઈ ગઈ છે. કોઈ હિસાબે અમારું જામતું નથી. કેતનને છોડી જતી જ રહેવાની હતી ત્યાં જાણવા મળ્યું કે અમારા પ્રેમના અંકુર મારા પેટમાં ફૂટ્યા છે. એ અંકુરના સહારે જીવી જવાનું સ્વપ્ન હું જોવા લાગી. મેં એનું નામ પણ નક્કી કરી લીધું હતું, ''પ્રથમ.''

'પણ ડેડીજી, વિધિના લેખ કંઈ ઓર જ હતા! કસુવાવડમાં પ્રથમ મૃત્યુ પામ્યો. સાવ એકલી પડી ગઈ છું. કેતનને મારી કોઈ દરકાર જ નથી! સાવ નિરાધાર બની ગઈ છું હું! હવે બસ, ડેડીજી, અહીંયા નહીં રહું.'

'ક્યાં જઈશ?' ડેડીજીએ પૂછ્યું.

'ગમે ત્યાં. ભણેલી છું. કોઈ પણ કામ મળી રહેશે. મુંબઈ શહેરમાં કામનો તોટો નથી. કોઈક વર્કિંગ વુમન હોસ્ટેલમાં અથવા પેઈંગ ગેસ્ટ તરીકે રહીશ. પણ કેતન જોડે નહીં રહું.' મેં કહ્યું.

'તું એવું કશું જ નહી કરે.' ડેડીજી બોલ્યા હતા. 'કેતનને થોડો ટાઈમ આપ. એની કારકિર્દી માટે આ અત્યંત મહત્ત્વનો સમયગાળો ચાલે છે. તું ધારે છે એવો કઠોર એ નથી. એ જરૂર સમજશે. થોડીક ધીરજ રાખ. બધું સમુસૂતરું થઈ રહેશે.'

રૂમમાંથી બહાર જતી વખતે એમણે કહ્યું હતું, 'વહુ, સાંજે છ વાગ્યે તૈયાર રહેજો. આપણે જોડે ઈવનિંગ વોક માટે જઈશું.'

ત્યારે તો મેં 'ભલે.' કહ્યું પણ સાંજે મેં ના પાડી દીધી. કોઈ જુએ તો શું કહે? મેં કહ્યું, 'મારાથી નહી અવાય. રસોઈ બાકી છે અને કેતન ગમે ત્યારે આવી જશે!' જો કે તું કદીયે રાતના આઠ કે નવ સિવાય આવતો નહી.

એમણે બીજી સવારનો મોર્નિંગ વોક માટેનો વાયદો લીધો. સવારે પણ મેં ના પાડી દીધી હતી. એ જ ભીતિ! બહાનું કાઢ્યું, 'કેતન માટે ટિફિન બનાવવાનું બાકી છે!'

કેતન, એ દિવસે તું ઓફિસ ગયો એ પછી ડેડીજીએ હોલમાંથી સાદ કર્યો હતો. 'વહુ બેટા, ચા મળશે?' ચા બનાવીને હોલમાં લઈ ગઈ તો સાહેબ કેરમ બોર્ડ પર કુકરીઓ ગોઠવીને બેઠા હતા. બંને તરફથી પોતે જ રમતા હતા.

'આ શું ડેડીજી? આમ તે કંઈ રમાતું હશે?' મેં પૂછ્યું.

'શું થાય વહુ બેટા? કોઈ ભેરુ ના હોય તો આમ એકલા એકલા જ રમવું પડે!' એવું કહી એમણે રમત ચાલુ રાખી.

'ના બને.' મેં અટકાવ્યા હતા એમને. 'ચા પીઓ ત્યાં સુધીમાં કુકરીઓ હું ગોઠવીશ!' હું એમની જોડે કેરમ રમવા માંડી. રમત રમતમાં અમારા બંને વચ્ચેનો વયભેદ ઓગળી ગયો. સંબંધોની હદ વિસ્તાર પામી. અમે હમદર્દ, હમરાઝ બની ગયા!

એક વાર અમે પત્તા રમતા હતા. મેં પૂછ્યું, 'ડેડીજી, મમ્મીજીની કંઈ વાત કરોને.'

એટલું કહ્યું ત્યાં તો જાણે પટારો ખૂલી ગયો! કેટલું બધું કહેવાનું હતું એમની પાસે.

કેતન, મેં તો પ્રથમ નામનો ફકત ધારી લીધેલો એક સહારો ગુમાવ્યો હતો પણ ડેડીજીએ તો એમનો ચાલીસ વર્ષનો જીવનસાથી ગુમાવ્યો હતો! જીવનની તડકી-છાંયડી જેમની જોડે ભોગવી હતી એવો હમસફર ગુમાવ્યો હતો! એમનું દુઃખ મારા દુઃખથી કેટલું મોટું હતું!

પછી તો રોજ સાંજે હું એમની જોડે ઈવનિંગ વોક પર જવા માંડી. એમના ભાઈબંધોને એમણે મારી ઓળખાણ શું કરાવી જાણે છે? ''આ છે સુસ્મિતા, મારી ગર્લફ્રેન્ડ!'' પછી મને કહે, 'જો, જો, આ બધા ડોસલાઓના મોઢા જો!'

બપોર પછી અમે અવારનવાર નીકળી પડતા. કયારેક પુસ્તક-મેળામાં તો કયારેક ફ્લાવરશોમાં. નવી ફિલ્મ લાગે એટલે મલ્ટિપ્લેક્સમાં ફર્સ્ટ ડે ફર્સ્ટ શો જોવાનો અમારો નિયમ જ થઈ ગયો હતો!

કેતન, આ બધું વિચિત્ર લાગે છે નહીં?

ડેડીજીની દોસ્તીના કારણે મને નવજીવન મળ્યું. હું શ્વાસ લેતા શીખી. જિંદગી જીવતા શીખી. મને સમજાયું કે શા માટે હું તારી સાથે સુખી નહોતી. મારી અપેક્ષાઓ જ વધારે પડતી હતી.

ડેડીજી જોડે હું બે ડગલા ચાલી અને મારી અંદરની સ્ત્રી જાગી. એમણે મને ભાન કરાવ્યું કે હું એક સ્ત્રી છું અને એ પણ સુંદર. ડેડીજીના સહવાસના કારણે હું પ્રેમ કરતાં શીખી.

કેટલીક વાર દરિયાકિનારે અમે એકબીજાનો હાથ પકડીને કલાકો સુધી બેસી રહેતા. એમના પડખે બેસી સૂર્યાસ્ત જોયા કરવાનું કેટલું રોમાંચક હતું!

કેતન, આમાં મઝાની વાત શું છે જાણે છે? ડેડીજી પ્રત્યેના મારા પ્રેમના કારણે હું તારાથી દૂર નથી થઈ. ઉલટાની તારી નજીક આવી છું.

એમ જ કયારેક મારી જાણ બહાર મારા દેહમાં નવું બીજ રોપાયું. મેં એને વિકસવા દીધું. કેતન, તું પૂછતો હતો ને આ બાળકનું નામ અનાહત જ શા માટે? 'અનાહત'નો એક અર્થ આ છેઃ ''નહિ મારેલું; જેને મારવામાં ન આવ્યું હોય એવું.'' મેં એને જિવાડ્યું. હેતપૂર્વક અને હેતુપૂર્વક મોટું કર્યું. અનાહત કેવળ એક બાળક નથી. અનાહત છે ચોકઠા અંદરના અને બહારના બેફામ પ્રેમનું પ્રતીક.

કેતન, તેં પૂછ્યું કે મારો ને ડેડીજીનો શું સંબંધ હતો? મારા ને ડેડીજીના સંબંધની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે. શબ્દોમાં ના વર્ણાવી શકાય એવો અદ્‌ભુત સંબંધ હતો અમારો. એ મારા વ્હાલા વડીલ હતા. કેતન, કૃષ્ણ અને દ્રૌપદી વચ્ચે જે સખ્ય હતું એથી કંઈક વિશેષ અમારી વચ્ચે હતું.

સુસ્મિતાએ વાત પૂરી કરી. પીણાનો મોટો ઘૂંટ લઈ એણે જામ ખાલી કર્યો.

એક ઊંડો શ્વાસ લઈ કેતને પૂછ્યું, 'મિતા, તું આખી વાતને રિગ્રેટ કરે છે?'

એક ક્ષણ થોભીને સુસ્મિતા બોલી , 'ના કેતન, ડેડીજી મારા જીવનની એક ઘટના હતા. અવિસ્મરણીય ઘટના.'

કોફીન પરનો આખરી ખીલો. એક ઊંડો નિશ્વાસ મૂકી કેતન ઊભો થયો.

સુસ્મિતાએ ઉમેર્યું, 'કહેવાનું બધું જ મેં કહી દીધું છે, હવે શું કરવું એ તારે નક્કી કરવાનું છે.'

બાલ્કનીમાં જઈ એણે વોલેટમાંથી વકીલ રાયચૂરાનું કાર્ડ બહાર કાઢ્યું. ''વકીલસાહેબ, ડીએનએ ટેસ્ટની પણ જરૂર નથી. વ્યભિચારનું કબૂલાતનામું મળી ગયું છે!'' એણે મનમાં વાકય ગોઠવ્યું.

શું આ કેવળ એક સ્ત્રીના વ્યભિચારનું કબૂલાતનામું હતું?

શું પિતૃત્વના એક મુદ્દા પર એ મિતાને જાકારો આપશે? નાનકડા નિર્દોષ અનાહતના કપાળે એ ''અવૈધ સંતાન''નું લેબલ લગાવી દેશે?

સુસ્મિતાએ કોઈ પડદો રાખ્યા વિના સત્ય કહ્યું હતું. આ સત્યનો સ્વીકાર કરવો કે ત્રણ ત્રણ જિંદગીને અંધકારની ગર્તામાં ડૂબાડી દેવી?

પોતે એક પણ પ્રશ્ન પૂછ્યો નહોતો અને છતાં સુસ્મિતાએ પોતાની જાતે દિલની કિતાબ ખોલી દીધી હતી. એના મનમાં પાપ હોત તો કંઈ કહેત ખરી?

એક તરફ સુસ્મિતા કહે છે કે યોગ્ય લાગે એ સજા કર. બીજી તરફ એ કહે છે કે એને કોઈ પસ્તાવો નથી. શું સામાજિક મૂલ્યો અને વ્યકિતગત મૂલ્યો જુદાં જુદાં હોઈ શકે?

સ્વતંત્રતા અને સ્વછંદતા વચ્ચે ભેદરેખા ક્યાં દોરવી અને કોણે દોરવી? અને આ બધી વ્યાખ્યાઓ કરનાર હું કોણ? સ્ત્રીનો પતિ એટલે એનો માલિક કે જીવનસાથી?

વકીલને ફોન કરવાનું મુલતવી રાખી એ ઘરમાં પાછો ફર્યો. લિવિંગ રૂમમાં સુસ્મિતા નહોતી. બેડરૂમમાં એ બેગમાં એના અને અનાહતના વસ્ત્રો ભરતી હતી.

'ક્યાં જઈશ હમણા?' એણે પૂછ્યું.

'આ શહેરમાં હોટેલોની કમી નથી!' સુસ્મિતા બોલી.

કેતને વોર્ડરોબમાંથી પોતાના પણ થોડાંક વસ્ત્રો કાઢ્યાં. 'આ પણ લઈ લે!'

સુસ્મિતા આશ્ચર્યથી જોઈ રહી.

'જોડે હું પણ આવું છું.' કેતને કહ્યું. 'કાલથી આપણે નવું ઘર જોવા માંડીએ.' **મ**



મારી વાર્તાઓ ગુજરાતનાં બધાં પ્રતિષ્ઠિત સામયિકોમાં દસ વર્ષથી પ્રગટ થતી રહે છે. વર્ષની શ્રેષ્ઠ વાર્તાઓ વગેરે સંપાદનોમાં સ્થાન. વાર્તા 'તિતલી લેન્ડ'નો અંગ્રેજી અનુવાદ ઇન્ડિયન લિટરેચરમાં પ્રગટ. પુસ્તકો અને નેટ દ્વારા દેશ-દુનિયાનું સાહિત્ય યથાશક્તિ વાચું છું. હારૂકી મુરાકામી ગમે. ક્યારેક અનુવાદ પણ કરું છું.

**B/408, Bandhan, G.H.B. Complex, Near Ankur Bus-Stop, Naranpura Ahmedabad - 380 013**
**Ph. : (079) 27480316**
**h_k_raval@yahoo.co.in**

## હસમુખ કે. રાવલ

# મણ માટીની મા

શિયાળાની રાતનો પાછલો પહોર.

'પીઇઇઇ..., ભૂકછૂક...' થતું વાર્તાના પહેલા વાક્યનું એન્જિન ઉપડે કે 'ખુલ્લું આકાશ', 'દૂધ ઝરતી ચાંદની', 'ઠેર ઠેર રમતી તારક-શિશુની ટોળીઓ...' વગેરે વગેરે ડબ્બાઓ આપોઆપ પાછળ ઘસડાતા આવે, પણ વાત એમ નથી. આકાશ નજરાતું નથી, એટલે નથી ચાંદની કે નથી તારક-શિશુની ટોળીઓ. ધુમ્મસનો અજગર બધું 'ઓહિયાં' કરી અત્યારે સોસાયટીના વાંકાચૂકા રોડ પર અમળાતો પડ્યો છે. ભૂખાળવો હજુ ધરાયો નથી. અરે, ઝબક ઝબક આંખો બતાવી છાકોટાતી દૂધની આખેઆખી વાન પણ જોતજોતામાં... હડપ!

વીજળીના થાંભલે વાગોળની જેમ લટકતા અજવાળામાં ઝાંખું ઝાંખું દેખાય. પવનની થાપટો ખમતી, ઘરની અધખૂલી બારીમાંથી જોવાનું મને ગમે. ઘરમાં ફિનાઇલનાં પોતાં થઈ ગયાં હોય. નોકર બાઈ રાખી શકું તેવી સ્થિતિ ખરી, પણ થાય : ફિગર જળવાય. 'બાકી બોલ, કેટલાની લાગું છું?' તું તો મારે જનમની મૂંગી. નહીંતર ફટ બોલી હોત, 'જેટલાની હું એટલાની તું!' પણ તને તો બસ, મરક મરક હસતાં ને ટગર ટગર જોતાં ને ડળક ડળક રોતાં જ આવડે.

એટલામાં કોરી કાલિન્દીનો ઘાટ પાર કરતું વસુદેવનું સ્કૂટર સંભળાય. પાછળ દેવકીજી બેઠાં હોય. ખોળામાં ઢબુરેલો કનૈયો હોય. તરતનો જન્મેલો નહીં, આઠ-દસ માસનો. જશોદા અવાજ પામી જાય. બારણાંની સ્ટોપરો ફટાફટ ખૂલવા માંડે...

આ જશોદા એટલે બીજું કોઈ નહીં હોં. હું પોતે. મા-બાપની ધનુ, ડોક્ટરની ધનલક્ષ્મી ને મારી પોતાની ધનુશ્રી. ને વસુદેવ એટલે? પેલી 'ઘોડિયા-ઘર'વાળી નોટમાં જુઓ ને. સૌનાં નામ, સરનામાં સાથે મહિનાવાર જમા-બાકીના હિસાબો ટપકાવેલા છે. રહેવા દે. નહીં જડે. નોટમાં કંઈ વાસુદેવ-દેવકી થોડું લખાય! લે, સગી આંખે જ જોઈ લે ને! આ અશોકભાઈ ને અલકાબેન. હમણાં કાલિન્દી ઘાટેથી આવ્યાં એ!

'ધનુશ્રી... ધનુશ્રી, જલદી કર. સંભાળ તારો ગણેશા, ને રાખ આ દૂધના વીસ. સાંજે જરા મોડું થશે. શોપિંગ બાકી છે. કાલે લગનમાં જઈએ છીએને. ગામડે.'

'અલકા, લપ લપ બંધ કર. ગાડી ચૂકી જવાશે તો અડધી રજા...'

સ્કાઈ ઠીક કરતાં અલકાબેન સ્કૂટર પર ગોઠવાઈ ગયાં.

હું હસતી હસતી પાછા પગલે ઘરમાં આવી. પલંગ વચ્ચે પોઢેલા બેની વચ્ચે ત્રીજાને પધરાવ્યો. સરખું ઓઢાડ્યું. તારાથી કંઈ કામ થોડું થાય? તું તો મહારાણી. ઠાવકું હસતી ખૂણામાં ઊભી રહે ને જોયા કરે.

હું પૂછું : અલી, કેમ હસે છે? તો તું કંઈ થોડી બોલે? બોલવું તો મારે જ પડે. 'ત્રણ બાલ-મૂર્તિ દત્તાત્રય જેવી લાગે છે. નહીં!'

લે, તારે તો કંઈ ધંધો છે! મૂંગી મૂંગી હસ્યા કર! મારે તો...

'લે, અન્ના હજારે પાછા ઉપવાસે...' બાપુજી મોટેથી છાપું વાંચતા હતા. એનો

અર્થ એ કે 'ચાની સોડમ હજુ કેમ આવતી નથી?'

પણ મારે કંઈ એકલા એ થોડા છે? રાતપાળીના ચાર. તેમને છીછી-પીપી કરાવવાની. ગેસ પર પાણી ચડાવવાનાં. બધાનાં મોઢાં ધોવાનાં, ઝભલાં બદલવાનાં, માથાં ઓળવાનાં, પાવડર છાંટવાના ને મેશ આંજવાની. આ કંઈ વાસણ થોડાં છે કે ફટાફટ બ્રશ ઘસી સિંકમાં પટક્યાં ને ચકલી ચાલુ કરી એટલે પતી ગયું! જો કે વખત આવે એમ પણ કરવું પડે. બાવડાં પકડી નળની ધાર નીચે સબોસબ, રો... કકળ થાય તો કેસેટનો અવાજ વધારી દેવાનો. તાબોટા પાડવાના, ચપટીઓ વગાડવાની, ચીડ ચડે તો બે ચીમટા ય ભરી લેવાના ને છેવટે મોઢામાં બાટલા ઠાંસી દેવાના એટલે મામલો શાંત.

'ભ્રષ્ટાચાર...'

'હા, બાપા, હા. ચા આવે છે. બીજાં પાનાં તો ફેરવો.' ઉતાવળમાં ભૂલી ગઈ હતી તે એકાદ બે હૂક ઢીલા કરીને મેં પણ છાંટી લીધો. જોનસન બેબી પાવડર!

પાસે બેસું એટલે બાપુજી મને અઢારે ઈન્દ્રિયે સૂંઘે : ધનુ, સવાર સવારમાં શું હસતી હતી?


- બાપા, સાથે એની વહુ પણ હતી.

- તને ક્યાં ટોકું છું? આ તો ચેતતા નર...

આ નરને વર્ષો પહેલાં મારી માએ ચેતવી દીધેલો : 'છોકરી રાંડીને આવી છે. ભાઈઓનો ભરોસો નહીં, પાંખો આવશે ને ઊડી જશે, અમેરિકા કે ઓસ્ટ્રેલિયા. અને હવે આપણે કેટલાં વરસ? માટે કહું છું ભણાવો...' ને મને પરાણે ભણાવી. મોન્ટેસરી.

કોલેજ કરતા ભાઈઓ હાથે બળતા હતા ને બાપુજી રિટાયર્ડ. વળી, મને ઠેકાણે પાડવાનો ય મોટો ભાર. તે અમે ત્રણે અહીં આવ્યાં. બારસો ફ્લેટના ઝૂમખામાં. શ્રદ્ધા એપાર્ટમેન્ટમાં. હું બાલમંદિરની માસ્તરાણી બની. છોકરાં ગમે. ખંજરી સાથે ગીતો ગાવાની મજા આવે, પણ સંચાલક વર્ગ કરતાં કેબિનમાં વધારે બેસાડે. રવિવારેય બોલાવે. મોં ખોલું તો મા કહે : ચૂપ મર. માંડ ઠેકાણે પડી છે.

એવામાં સોસાયટીના મોખાના બ્લોકમાં, ભોંયતળિયાના



ચારે ફ્લેટમાં ફર્નિચરનું કામ ચાલે. નર્સિંગ હોમ બનતું હતું. એક દિવસ ગાડી સાથે ડોક્ટરને જોયા, ત્યારથી થાય કે મળું. ને મળી તો નોકરી મળી. નર્સિંગ ન જાણું એટલે કચરોપોતું, સુવાવડીનાં કપડાં ને સૂગ ચડે એવાં કામ કરવાનાં. ઘરમાં બધાંની ના, એક મારી હા. મારે છૂટવું હતું પેલા સંચાલકથી.

હું ફાંટ વાળીને ફિનાઈલનાં પોતાં કરવા માંડી. સાહેબનું કેબિન ચકાચક રાખું. બી.પી. માપતી નર્સોને જોતી રહું ને શીખું. એક દિવસ ડોક્ટરે બૂમ પાડી : ધનલક્ષ્મી? ને હું પોતું લઈ હાજર. ડોક્ટર હસ્યા, 'મૂક તારું પોતું. દવા-ઈન્જેક્શનની ટ્રે પકડ. નર્સ નથી. ચાલ મારી સાથે રાઉન્ડમાં. ક્યારેય કામમાં ના નહીં પાડવાની. ધંધામાં હાર્ડ વર્ક ને પેશન્સ જોઈએ, માણસ માટે પિટી-કરુણા જોઈએ.' તેમના શબ્દો મનમાં કોતરાયા કરે. ને ડોક્ટર મારાં મારાં લાગ્યા કરે.

પણ...

આ ઠૂઠવો કોણે મૂક્યો? તારા સિવાય બીજું કોણ હોય? છાની રહે. આટલાં વર્ષે આટલું ટપક ટપક સારું નહીં.

ડોક્ટરની તરક્કી થઈ. મેટરનિટી હોમ પોશ એરિયામાં ટ્રાન્સફર થયું. મને છૂટી કરી. ખોટાં સપનાંની ભેખડે ચડેલી, તે પડી.

એ દિવસોમાં જ માને મરવાનું મૂરત આવ્યું. છેલવેલ્લો કાન ફૂંક્યો : બેટા, ખૂબ ભટકી, હવે ઉંબરો ઓળંગવાનો નહીં. જે કરવું હોય તે ઘરમાં બેસીને કર. આપણે આપણા શેઠ. સમજી, બકા?

હા, હું સમજી ગઈ. બ્લાઉઝ સીવ્યાં, પાપડ વણ્યા, ખાખરા શેક્યા, ઘરમાં હાટડી માંડી : 'ધનુશ્રી બ્યુટિ પાર્લર' ખિસ્સાને ખર્ચા જોગ મળે. પણ મનને શું મળે? સતત ખરતો ખાલીપો. મા એક દિશામાં ગઈ તો ભાઈઓ બીજી દિશામાં. હવે માત્ર હું, બાપુજી ને બાપુજીની કચકચ. ચોવીસ મણનો દિવસ. ઉપાડ્યો ઉપડે નહીં ને ઢસડ્યો ઢસરડાય નહીં.

પણ એક દિવસ...

માયાબેનને સરકારી નોકરીનો ઈન્ટરવ્યૂ આવ્યો ને દીકરી મમતા દોઢ માસની. મેં રાખવાની હિંમત કરી. કાટખાધાં કડાંમાં સાડીની ખોળ બાંધી ને કિચૂડ કિચૂડ... ઘોડિયું તૈયાર! ઉપરથી હાલરડું. 'અલોલોલો હાલ!' ક્યાંથી આવડી ગયું આ બધું મને! મમતા હસે. હું કહું : અલી, હું તારી મા નથી. તો ય હસે. એય ગાંડી ને હું ય ગાંડી. છાતીએ ચાંપી તો ભાનસાન ગુમ! જાગી તો જનમારાનો થાક ગુમ! છોકરીએ દિવસભર વાંકી ને વાંકી રાખી, પણ ન્યાલ કરી નાખી. ને રાત્રે? માથા નીચેનું ઓશીકું પડખામાં. ઊંઘ ખાલી ઘોડિયામાં કિચૂડાટ કરતી જાગતી રહે.

દિવસે બ્લાઉઝ ખોટાં વેતરાય ને ખાખરા દાઝે. એક દિવસ તો મમતાને પરાણે લઈ આવી. બે કલાક રમ્યાં ત્યાં હાંફતાં માયાબેન આવ્યાં. હાથમાં કાગળિયું: ગમે છે તો રાખો કાયમ માટે. હવે મમતા તમારી. મને નોકરી મળી ગઈ. પૂરા દસ હજારની.

...ઓચિંતી પનોતી ટળી. ઘોડિયાઘરના ગણેશ મંડાયા.

કોલબેલ વાગ્યો. ભાવનાબેન આવ્યાં. ભારે વિવેકી. કહેઃ સોરી, ધનુબેન. મોડું થઈ ગયું... અરે, વાહ! ચાંદનીને તો શણગારી છે ને કંઈ! મુઠ્ઠીભર બાબરી ને બબ્બે ફૂમતાં! હું મા થઈને... તેમની આંખો ભરાઈ ગઈ. ચાંદનીને હૈયા સરસી ચાંપી મૌન રહ્યાં. ને ઉંબરા સુધી જઈ પાછાં વળ્યાં : અરે, પૈસાનું તો ભૂલી જ ગઈ. લો.

પૈસા ગણતાં બાપુજીએ આજની તારીખ પૂછી. એનો મતલબ એ કે બપોરે ધનુશ્રીનો સોળમો સ્વયંવર છે. સલવાર-કૂરતા ઉતારીને સાડી ધારણ કરવાની છે. આજે બાળકોને કલાવી કલાવીને ચમચીથી નહીં ખવરાવાનું. નો પ્યાર... વર્ક ટુ રુલ.

વેંતિયાં છોકરડાં પણ ઘણાં ચાલાક. નવી સાડી ફાટી આંખે, ઢીલા મોંએ જોયા કરે. સજીધજીને એમની મમ્મીની જેમ છોડીને ભાગી જવાની હોઉં એમ. મામલો રોકકળનો થાય એ પહેલાં તો બાળકોને ઊંઘની ગુટીના ઘસરકા પીવડાવી દીધા.

બપોરની બેઠક.

આવનારો મહા માવડિયો હતો. દરેક વાતમાં મરેલી માને ઘસડી લાવે ને આંખો ટપકાવે. છેવટે બાળકોના ચોકલેટ-બિસ્કિટ માટે પચાસની નોટ મૂકતો ગયો.

બાપુજી ગુસ્સે ભરાયા : 'મા જોઈએ છે' એવી જાહેરાત આપવી હતીને.

મારી આંખોમાં મા આવીને બેસી. એ ઢબી જાય એ પહેલાં.

પાછળના વરંડે કેટલાંક ટાબરિયાં ગાતાં સંભળાયાં : ઓ માય ફ્રેન્ડ, ગણેશા, તુમ રહેના સાથ હંમેશાં.

હું પાછળ દોડી. પાંચ-સાત છોકરા બંદરની જેમ ઠેકીને વરંડા પર બેઠા હતા.

- કેમ, શું છે?
- ગણેશા!
- ગણેશાનું શું છે?
- અમારે જોવો છે!
- હા, જોવો છે! જોવો છે... ટોળું નાચવા માંડ્યું.
- ચૂપ. આંગળીના ઈશારે ટોળું ચૂપ થઈ ગયું.
- ઊંઘે છે.
- તો જગાડો!... જગાડોને! આન્ટી, પ્લીઝ...

'પ્લીઝે' મને પીગળાવી દીધી. હું ગણેશાને બહાર લાવી. કપડું ખસેડી મોં ઊઘાડ્યું.

- આ તમારો ગણેશા.

- સૂંઢ નથી?

- ના.

- જુઓ, જુઓ. આને તો સૂંઢ જ નથી.

બધાં બાળકો નીચે કૂદી પડ્યાં ને નિરીક્ષણ કરતાં બોલવા લાગ્યાં.

- હેં! ગણપતિબાપા નથી?!

- ના. આ તો અંગૂઠો ધાવતું બચોડિયું છે.

હું વચ્ચે પડી.

- સાચી વાત. તમારા ટચુકડા ફ્રેન્ડ જેવો.

- ફ્રેન્ડ? ઓ માય ફ્રેન્ડ ગણેશા!

- તુમ રહેના સાથ હંમેશાં...! ઢીંકચીંકા ઢીંકચીંકા...! હોય હોય હોય હોય...!...

ગણેશાને તેડી બધા નાચ્યા, કૂદ્યા ને ઢગલો ચોકલેટ વેરી ઝાંપો ખોલવા છતાં વરંડો ઠેકતા દોડી ગયા.

સ્વભાવ પ્રમાણે ફિનાઈલનું પોતું કરવા બેઠી, ત્યારે થયું : ઉદાસીના ઓટલા પર ભલે ઊડતી આનંદની રજોટી. હું ઊભી થઈ ગઈ.

ઠંડીની આંગળી પકડી અંધારું ઉતરી આવ્યું. દીવા કર્યા. રસોઈના કામકાજ વચ્ચે દિવસપાળી ખાલી થવા માંડી ને રાતપાળી ભરાવા માંડી. આઠ-નવ થયા. છેલ્લે ચાંદની આવી. 'ઢીલી છે. સિરપ પીવડાવી છે. ઊંઘતી રહે તો ગભરાઈ જતાં નહીં.' વળી વળી પાછું જોતાં ભાવનાબેન ગયાં, પણ સ્કૂટર સંભળાયું નહીં.

છેવટે ગણેશાને રાતપાળીના પલંગમાં નાખ્યો. દિવસપાળીનો પલંગ ખંખેરી, પ્લાસ્ટિકિયું કાઢી, ધોયેલી ચાદર પાથરી, મારી પથારી તૈયાર કરી. ટીવી ઓન કરી હું બગાસે ચડી.

સ્કૂટર આવ્યું. ને આવ્યો : ધણી-ધણિયાણીનો એપિસોડ.

- સાડી ખરીદી, પણ છોકરાનો ડ્રેસ...

- આકળા ના થાઓ. ગણેશાને મૂકીને જ જઈશું. સાંજે તો...

- એમ તો કેમ જવાય? ગણેશા વગર ફોઈઓ ઘરમાં પગ જ ન મૂકવા દે.

- જાણું છું, બધાંનું વહાલ. બે મિનિટનું પીપી-છીછી... થઈ નથી કે લો ભાભી, સંભાળો તમારો કુંવર.

- નેપકીન રાખજે ને સાથે.

- એટલે લગન પણ છૂટા હાથે માલવાનાં નહીં. પોટકું સાથે ને સાથે. તમે કંઈ થોડું ઉપાડવાના?

ગણેશા પોટકું થઈ ગયો હતો, ને હું કઠપૂતળી. મૂંગા મોંએ એમનું પોટકું એમના હાથમાં પધરાવ્યું.

- કાલે ગણેશા નહીં આવે, હોં : અશોકભાઈ.

- એ તો બોલે. શિયાળાનો દિવસ ને સ્કૂટર પર જવાનું. માંદો થાય તો ચાર સી. એલ. મારી બગડે. ને લોકો હસે.

- બસમાં જઈશું.

- એ ખટારામાં? ના, બાપ, ધનુશ્રી, એમનું ના સાંભળ. વહેલી સવારે જાગતી રહેજે.

હું અલકાબેનને ઓળખતી હતી. એમની પાસે જાદુની છડી હતી. ધાબળો ઓઢાડી મંતર ભણી એવી છડી ફેરવશે કે અશોકભાઈની હઠ અંતર મંતર જાદુ મંતર છૂ.

એ ગયાં. ટીવી ઓફ કરી પથારીમાં પડી કે મરેલી મા બાપુજીના રૂમમાંથી નીકળી. અંધારું હતું. છતાં ઘોડિયાં, ઘૂઘરા, ખંજરી કંઈ ના અથડાયું. સીધી મારી પથારીમાં...

- ધનુ, તારાથી કંટાળી ગયા છે તારા બાપુજી. મારી સાથે આવવા જીદે ચડ્યા છે. કહે છે : બધે નન્નો ભણે છે. હાથવગું હોય તો ય.

- એ જ તો કઠણાઈ છે. હાથવગું હોય તે ગમે નહીં ને ગમે તે હાથવગું ના હોય.

- નામનો, પણ આદમીનો ટેકો મોટો કહેવાય.

- મા, નામના ટેકા બોદા જ હોય.

- ધનુ, આમ તો સાતે કોઠા જાણીને બેઠી છે. તો પછી ઊંચા તાડ તાકતી જ્યાં ત્યાં આથડે છે, કેમ?

- શું કરું, મા? વેલ છું. વેલ છું ત્યાં સુધી વૃક્ષના, ચંદન-વૃક્ષના અભરખા છે. બાકી બરોબર જાણું છું. બધાં પાંદડાં ખેરવી, છેવટે ઊંઘવાનું તો છે ધરતીની ઉઘાડી છાતી પર જ.

- ધનુ... ભગવાને તને શેર માટી આપી હોત તો આવા કોઈ અભરખા ના રહેત.

- કેમ? મને તો મણ માટી આપી છે.

- મણ ખરી, પણ પારકી.

- પારકું ને પોતાનું તો માટી નીંભાડે પાકે પછી. મારા ક્યારામાં તો કાયમની કાચી માટી, ભીની સુગંધ ને લીલા લહેરાતા જવારા... જો, સામેના પલંગમાં ત્રણ જીવ પોઢ્યાં છે.

- સમજાય તેવું બોલ. ધનુ, તું રાજી તો ખરી ને?

- હં... આમ તો રાજી જ ને. હું મણ માટીની મા.

- ને આમ?

પલંગમાં કોઈકે ભેંકડો તાણ્યો.

આ તો રોજની વાત. હું પડખું ફેરવી માનો હાથ પકડી સૂતી રહી, પણ એકી સાથે ત્રણે જણ : ભેંભડા ભુ...

ઊઠવું જ પડ્યું.

લાઈટ કરી.

ધાબળી ખસેડી તો મંકોડાની હાર. વીણી વીણીને નીચે

પટકયા. છોકરાંને રાતાં ચકામાં, હાથ પર, પગ પર, પીઠ પર... કોલ્ડ-ક્રીમ લગાડ્યું. 'આ તો ગણેશા!' તો મેં અલકાબેનના ખોળામાં શું પધરાવ્યું? અરે, ચાંદની ક્યાં? ધારી ધારીને જોયું. ઘોડિયાં ફંફોસ્યાં. હા, ચાંદની નથી. તો અશોકભાઈ મારતા સ્કૂટરે પાછા કેમ આવ્યા નહીં? ને વરસ્યા કેમ નહીં: આવી લાપરવાહી? અમારાં છોકરાંની આ જ સલામતી?

ઊઠ, અલી ઊંઘણશી. બોન, તને કહું છું. સવારે તો વાત આખી સોસાયટીમાં ઉપણાશે. મારો તો ધંધો અડધો થઈ જશે. ચાલ, અબી ને અબી અશોકભાઈના ત્યાં. બ્લોક નંબર દસ, ફ્લેટ નંબર એકસો વીસ, ત્રીજો માળ.

એક કામળીમાં ત્રણે નીકળ્યાં. તું, હું ને ઊંઘની ગુટી પાયેલો ઘસઘસાટ ગણેશા. ત્રીજા માળે અંધારું. પગ ઢીલા ઢપ. ને માથું ફાટ ફાટ : રઘવાઈ થઈ છે તે અશોકભાઈ કંઈ સરપાવ નથી દેવાના. અડધી રાતે જાત ધજાગરો રહેવા દે. સોસાયટી જાગી જશે ને નહીં જાણવાનું જાણશે.

હું પાછી વળી. તું તો મારાથી પણ બે ડગલાં આગળ.

ઘેર આવ્યાં. રાતભર જાગ્યાં ને અનેક પ્લાન ઘડ્યા.

પ્લાન નંબર એક...

સવારે તારે ગણેશાને સોડમાં લપાવી રાખવાનો. હું અશોકભાઈ અને અલકાબેનને વાણીની માયાજાળમાં ફસાવીશ, અને તારે સિફતથી ગણેશાને મૂકી દેવાનો ને ચાંદની લઈ લેવાની.

પ્લાન નંબર બે...

પણ અલકાબેન કહે, 'ગણેશાને તો તારે જ રાખવાનો છે.' તો તો સાવ સહેલું. હું 'ગણેશા! ગણેશા!' બોલતી ચાંદનીને ઉપાડી લઈશ ને સરરરર સટ. એકમેકને ટેકે ટેકે સીધાં ઘર ભેગાં.

પ્લાન નંબર ત્રણ...

પોલ પકડાઈ જાય તો ખોળા પાથરી હવે ચૂક નહીં થાય તેની ખાતરી આપતાં રાગડા તાણી કરગરવાનું.

પાંચના ટકોરે ફરી નીકળ્યાં. પણ આ શું? ઉપરની લાઈટ બંધ. નસીબનાં ફૂટેલાં, બીજું શું? મોડાં પડ્યાં. પણ પગથિયાં પર પગરખાંનો અવાજ થાય છે. નીચે ઊતરતાં લાગે છે. એ આવ્યાં. એ ગાંગી, તું મારી પાછળ સંતાઈ જા. લે, ઝબક ઝબક ઝગારા મારતી દૂધની વાન પણ અત્યારે જ આડી ઊતરી.

– અરે ધનુશ્રી, તું? અત્યારે? અહીં?

– દૂ... દૂ... દૂધની કેબિને જતી હતી.

– ચાલ, અમારું કામ થઈ ગયું. સંભાળ, આ ગણેશા. ને આ વીસની નોટ. એક થેલી એના માટે લેતી જજે. પ્લીઝ.

સ્કૂટર ચાલુ થઈ ગયું હતું. શાલ ઓઢ્યાં અલકાબેન સાડી સંભાળતાં બેસી ગયાં.

ભર શિયાળામાં આપણે બે પરસેવે રેબઝેબ. મારા જમણા હાથમાં ચાંદની, તારા ડાબા હાથમાં ગણેશા ને બ્લાઉઝમાં વીસની નોટ... **મ**


મમતા
વાર્તામાસિક




**USA readers may subscribe to Mamata by sending this form with your cheque for $30 (12 issues) payable to**
**Chicago Art Circle**
**1468 Sandburg Drive**
**Schaumburg, IL 60173**

**Name**..........................................................
**Profession**..........................................................
**Address**..........................................................
..........................................................
..........................................................
**Phone**..........................................................
**E-mail**..........................................................




*૧૯૯૧થી કુમાર, નવચેતન, અખંડ આનંદ વગેરેમાં કુલ પ્રકાશિત કૃતિ ૧૫૦. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો આધારિત (ડી. ડી. ૧-રાષ્ટ્રીય ચેનલ પર) ટીવી સીરિયલ 'મેરી કહાની'માં નાનકડી ભૂમિકા ભજવી. સિન્ડીકેટ બેંકમાં કારકુન તરીકે કાર્યરત.*


***૧, જલારામ નગર, નરસંગ ટેકરી, હીરો હોન્ડા શો-રૂમ પાછળ, ડો. ગઢવી સાહેબની નજીક, પોરબંદર ૩૬૦ ૫૭૫***
***મો. ૯૮૯૮૧ ૬૪૯૮૮***
***durgeshoza@yahoo.co.in***



દુર્ગેશ ઓઝા


# નડતર

ચંપકલાલ આજે તો બરાબરના અકળાઈ ઊઠ્યા. તોબા આ બધા વિરોધીઓથી! એ હવે બરાબરના કંટાળી ગયા હતા. પોતાના કેટકેટલાં વિરોધીઓ! જ્યાં જુઓ ત્યાં બસ દુશ્મનનું જ થાણું. વિરોધનું જ પીરસાતું ભાણું. વૃક્ષની સામે કોઈ દીવાલ ખડી થઈ જતા સૂરજનો પ્રકાશ મળતો બંધ થઈ જાય ને વૃક્ષ કરમાવા માંડે એવી કંઈક હાલત ચંપકલાલની હતી. તે વિચારમાં સરી પડ્યા.' માણસ માણસમાં આંતરો. કોઈ ઝવેર, તો કોઈ કાંકરો. પણ અહીં તો બધા પોતાની આબરૂના કાંકરા કરવા ટાંપીને બેઠા જ હોય! માથે છાના છાણાં થાપે.પોતાને ઊભા ને ઊભા કાપે! આડો ચાલતો મોહન, કાનાફૂસી કરતો જીતુ, ઊંઠાં ભણાવતા બકુલભાઈ, પેલો અદક પાંસળી અરવિંદ, ટીકા કરતા અમૃતલાલ! આ દુનિયામાં મારું પોતાનું કહી શકાય એવું કોઈ છે જ નહિ શું?' આવું માનતા ચંપકલાલ રોજેરોજ ગાંડાઘેલા કાઢી ભગવાન સમક્ષ ચિત્ર-વિચિત્ર માંગણી મૂકતા. 'હે ભગવાન, બધાં મારી પાછળ આદુ ખાઈને પડ્યાં છે. મારા વિરોધમાં છે. મને તું અદશ્ય થઈ જવાની ગેબી શક્તિ આપ. હું બીજાને જોઈ શકું, પણ બીજા મને જોઈ ન શકે એવી શક્તિ મળી જાય તો તો...! બીજાનું મન જાણવાનો હુન્નર આપ. કાં પછી વિરોધ શમે, ને બધાં મારા થઈ જાય, મારી તરફેણમાં બોલે એવું વરદાન આપ.'



બીજા બધાં તો જાણે ઠીક, પણ એને ચતુરલાલ સામે ખૂબ મોટો વાંધો. બરાબરની દાઝ. આમ તો તેની હારે તુંકારે બોલવાનો સંબંધ હતો. પણ પછી એને લાગ્યું કે ચતુરલાલ એની ઉઘાડે છોગ વાટે છે. કજિયા કરાવે છે ને પછી તાલ જોતો જોતો ટેસથી ભજીયા ખાય છે. 'ઘાંચીની ઘાણી જેવો તારી જાતનો ચતુરીયો સાલો! પહેલાં પાણી ચડાવે, પછી પાણા નાખે, ને ત્યાર બાદ પાણી ફેરવી દે. ડગલે ને પગલે નડે છે. કોઈનું ઘર બળે

ને કોઈનું તાપણું થાય.' ચંપકલાલને આજે તેની સાથે થયેલી પેલી જૂની વાતચીત યાદ આવી ગઈ, જ્યારે પોતે આપવીતી વર્ણવી ત્યારે સાંત્વના દેવાને બદલે ઊલટું તેણે તો...

'ચતુર, આજે તો ભારે થઈ. મારી થેલી પડી ગઈ.' 'સારું થ્યું. એ જ લાગની હતી એ. ભિખારીય ન અડે એવી હતી. જે થાય તે સારા માટે.' 'શું ધૂળ સારું? પહેલાં મારી વાત તો સાંભળ. એમાં મારું પાકીટ હતું.'

'તો તો બહુ સારું. ખખડધજ બારણાં જેવું પાકીટ. હવાઈ ગયેલા ફટાકડા જેવું. વાસી બિસ્કીટ જેવું. ભલું થયું ખોયું પાકીટ. સુખે ઢોલની દાંડી પીટ.'

'હવે ઢોલવાળી. એક ધોલ દઈશ ને તો... પૂરું સાંભળ્યા વિના શું ભસ્યે જાય છે કૂતરાંની જેમ?'

'ભસ્યે જાય છે એમ કીધા પછી કૂતરાંની જેમ એમ બોલવાની જરૂર નથી ચંપક. સીધેસીધું ભસી મરને કે?'

'જો, હું સીધેસીધો જ જતો હતો. ચાલતો હતો. મૂરખ, એ થેલીમાં પાકીટ, ને એ પાકીટમાં પૈસા હતા.'

'સારું થ્યું બચી ગ્યા. તમારી બુદ્ધિ માટે તમને બચી ભરવાનું મન થઇ ગયું. પાકીટમાં પૈસા જ હતા, રૂપિયા નહીં એ કેટલું સારું? સુડીનો ઘા સોયથી ટળ્યો. પાકીટ લેનારો પણ પસ્તાયો હશે.'

'અરે ચતુરલાલ! પાકીટમાં પૈસા હતા મતલબ રૂપિયા હતા, ને એ પણ પૂરા પાંચ હજાર. ૫૦૦-૫૦૦ની ૧૦-૧૦ નોટો.'

'તો તો અતિ ઉત્તમ. આજકાલ ૫૦૦ની નકલી નોટો ખૂબ આવે છે. પકડાઈ જવાય તો નાહક દંડાવું પડે. જેલમાં ખંડાવું પડે. આ તો ભારી કામ થ્યું. તમે જેલમાં જતા બચ્યા એના માનમાં પાર્ટી આપો પાર્ટી.'

ચંપકલાલ ચતુરલાલને મારવા દોડ્યા. 'પહેલાં તું પૂરી વાત તો સાંભળ. વચ્ચે ખોટા ડબકા શું માર્યા કરે છે? પછી એવું થ્યું કે એ થેલી એક ભાઈ પાછી દેવા આવ્યા.'

'એમાં પાકીટ નહિ હોય.'

'હતું.'

'તો એમાં પૈસા, ભૂલ્યો, રૂપિયા નહિ હોય.'

'હતા.'

'ચંપક, તો એનામાં બુદ્ધિ નહીં હોય... ને કાં તો નોટ બદલાવી લીધી હશે. અસલીને બદલે નકલી...'

બસ... આવું જ થયા કરતું હતું. જોકે પાકીટ પાછું આપનારો ચતુરલાલનો જ જાણીતો હતો. પૈસા પાછા મળી ગયા હતા જેની ચતુરલાલને અગાઉથી ખબર પડી ગઈ હતી ને એટલે તે મશ્કરીના ચાળે ચડ્યા હતા. પણ ચંપકલાલે તો આ ઘટનાને વિરોધ સાથે સાંકળી લીધી હતી. ને પછી બે-ચાર એવા કિસ્સા બન્યા જેથી એણે ચતુરલાલ સાથેનો સંબંધ કાપી નાખ્યો હતો. આ માણસ એને બહુ નડતો હતો, હેરાન કરતો હતો એવું એને લાગ્યું. બેય એક જ, કાપડના ધંધાના વેપારી. હમણાં ચંપકલાલનો ધંધો બહુ સારો ચાલતો હતો ને ચતુરલાલનો ઠીક ઠીક એટલે તેણે "આવો" ધંધો આદર્યો હતો, તે પોતાની પ્રગતિને જોઈ નહોતો શકતો એવું એ માનવા લાગ્યા. તે કોઈની સાથે વાતચીતમાં મગ્ન હોય તો એને એમ જ લાગતું કે "આ મારી જ વાટે છે, બદબોઈ કરવાની એકેય તક છોડે તો એ ચતુરલાલ શાનો?"

ચંપકલાલ તો દુઃખી દુઃખી થઇ ગયા.પોતાની તરફેણમાં બોલનારો ગોતવો એટલે ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કામ. પોતે જેમની આરતી ઉતારતા, એ જ લોકો એની બરાબરની પૂજા કરતા હતા. ચારે બાજુ જાણે વિરોધીઓનો ઘેરો ને એની વચ્ચે ભીંસાતા, પીસાતા એકલા અટૂલા ચંપકલાલ.

ચંપકલાલની પત્નીએ ઘણીવાર સમજાવવાની કોશિશ કરી.' એક હાથે તાળી ન પડે. પછી વિરોધ ન થાય તો શું થાય? રોજ મરે તેને કોણ રડે? તમે સાચા હો તો ખોટા ઉધામા મેલી દ્યો ને? ને હાથીની પાછળ તો કૂતરાં ભસ્યા કરે. હાથે કરીને હોળીનું નાળિયેર શું કામે બનો છો? ગઈ તિથિ જોશીય ન વાંચે, પણ તમે જૂનું બધું ભેગું કરીને યાદ કરો છો ને નાહક... મૂકો ને વિરોધની વાતમાં પૂળો!' પણ ચંપકલાલ જેનું નામ. એ વિરોધની વાત જ ફૂટ્યા કરતા ને કપાળ ફૂટ્યા કરતા. એક ગ્રંથિ ઘર કરી ગઈ હતી. મનની અંદર એક જ વિચાર ઘોળાતો હતો કે આ વિરોધ મારો પીછો નથી મૂકતો. જો એ મારો કેડો મૂકી દે તો બેડો પાર થઇ જાય. આ નડતર બંધ થઇ જાય તો જીવન જીવવા જેવું થઇ જાય. ને આજે તો એણે આખો દિવસ અજંપાભેર આ વિચારની જ પ્રદક્ષિણા કર્યા કરી. આજે રાત્રે પણ એણે સૂતા પહેલાં ગેબી શકિત આપવા માટે ભગવાનને ખૂબ આજીજી કરી, ને પછી એ સૂઈ ગયા.

ને ભગવાન જાણે એના પર ત્રૂઠયા હોય એમ એના સપનામાં આવ્યા. 'વત્સ, માંગ માંગ. માંગે એ આપું.' ચંપકલાલે તો મનમાં ઘૂંટાતું હતું એ જ માંગી લીધું ને ભગવાન કહે, મારું ત્રણ વાર નામ લઇ, કોઈનુંય ખરાબ ઇચ્છ્યા વગર ત્રણ તુલસીપત્ર પાણીમાં દસ ઘડી રાખી પછી તે પાણી તું જેને પીવડાવીશ એ તારો થઇ જશે. તને જે નડે છે એ તારો મિત્ર થઇ જશે. વિરોધ શમી જશે, નડતર નાસી છૂટશે. પણ હા, એનો દુરુપયોગ કરવાની કોશિશ કરી તો આ ઔષધિ કામ નહિ કરે. ને આ પ્રયોગની સફળતા માટે બે શરત પાળવી પડશે. શરત જરા આકરી છે પણ'

'પ્રભુ, વિરોધી ચીત થતો હોય તો બે તો શું, હું બાવીસ

શરત પાળવા તૈયાર છું. મને જલદી કહો એ બે શરત કઈ છે?'

'તો સાંભળ વત્સ, તું જેને આ ઔષધિ પા, એની ખરા દિલથી માફી માગી, ગઈ ગુજરી ભૂલી જવાની. ને બીજી શરત એ કે તારે એને સામે ચાલીને ઘેર બોલાવી ચા-પાણી પીવડાવવાના.'

'પણ એ ચા-કોફી કશું પીતા જ ન હોય તો?' બદલીમાં નાસ્તો ધરું તો ઉપવાસ કે બાધા હોય તો?'

'પહેલાં તું દિલ ખોલીને એ સ્પષ્ટ કર કે તારો એને ચા-પાણી પીવડાવવાનો ઈરાદો તો છે ને? ન ખવડાવવાની બાધા તેં તો નથી લીધી ને વત્સ?'

'પ્રભુ, હોય કાંઈ?! તમે મારા પર શંકા ન કરો. વિરોધી હેઠા પડી જતા હોય તો બધી શરત મંજૂર છે. પણ હરિ તારા નામ છે હજાર, કયાં નામે લખવી કંકોતરી? મારે પૂછવાનું એ જ કે તમારું કયું નામ ત્રણ વાર લેવાનું? જરા સ્પષ્ટ કરશો? ને પછી આ તુલસીજળ એની અસર બતાવીને જ રહેશે ને? એકસો ને દસ ટકા સામેવાળો?'

'વત્સ, તું મારા પર શંકા ન કર. આ રામબાણ ઔષધિ છે. આ પાણી પીતાં જ સામેનો માણસ પાણી પાણી થઈ જશે. વિરોધનું ને એનું પાણી ઊતરી જશે. આ પ્રયોગ એનું પાણી બતાવીને જ રહેશે. રામ, કૃષ્ણ, શંકર કે તને જે ગમે તે નામ લેજે. હું તો એક જ છું. તમે જ બધાં એને જુદાં જુદાં નામે, રૂપે... નામ મહત્વનું નથી, ભાવ ને શ્રદ્ધા મહત્વનાં છે. ને હા એક અગત્યની વાત. આ પ્રયોગ તું ખાલી ત્રણ જ વાર કરી શકીશ. ત્યારબાદ એની અસર નહિ થાય. પછી એની શકિત પાછી ખેંચાઈ જશે. એટલે સમજીને એનો ઉપયોગ કરજે. તને જે નડે તેને આ પાણી પીવડાવતા એ તારો થઈને રહેશે. વિરોધનો વીંટો વળી જશે. નડતર જાશે જંતર વગાડતું. જા વત્સ, વિજયી ભવ. તથાસ્તુ.' અચાનક એક પ્રખર તેજ લિસોટો થયો. વીજળીનો ગડગડાટ...

ભગવાન અદશ્ય ને ચંપકલાલની આંખો અંજાઈ ગઈ. એ સફાળા ઝબકીને જાગી ગયા. 'અરે! આ તો સપનું! પણ આ તો વહેલી સવારનું સપનું! એ કાંઈ ખોટું ન જ હોય. ને વળી જે મારા મનમાં છે એ જ વાત!' ચંપકલાલ તો રાજીના રેડ. પત્નીને ઢંઢોળી ભર ઊંઘમાંથી જગાડી રહ્યા ને બધી વાત માંડીને કરી રહ્યા.

સવાર પડી ન પડી ત્યાં તો ચંપકલાલને ચટપટી ઊપડી. સપનાની વાત સાચી છે કે નહિ એ ચકાસવા એણે આ પ્રયોગ પહેલાં નાના વિરોધી એવા અરવિંદ પર કર્યો ને આ શું? તે એનો મિત્ર થઈ ગયો. લિજ્જતદાર 'ચા'ના ને પોતાના વખાણ કરવા લાગ્યો. પોતાની તરફેણમાં બોલવા લાગ્યો. પોતાને માનની નજરે જોવા લાગ્યો, લે બોલ!' અરવિંદ ઉષ્માભેર હાથ મિલાવીને ગયો ને... 'હવે તો પાકું.' એમ બોલી ચંપકલાલ ખુશીમાં નાચવા લાગ્યા. પત્ની કહે, 'પાગલપણાનો હુમલો આવ્યો કે શું?' ચંપકલાલ કહે 'આ તો હજી ટ્રેલર છે. અભી પિકચર બાકી હૈ મેરે દોસ્ત.'

તે દિવસ એણે ખૂબ વિચાર કર્યો. અરવિંદ સાથે તો સાવ નાની અમથી જ માથાકૂટ હતી ને? ને આમ જુઓ તો એને માથાકૂટ કે વિરોધ ન કહીએ તોય ચાલે. તો પછી અરવિંદ આમ તરત માની ગયો, કડવાશ ને કચવાટ ખંખેરી મીઠડો થઈ ગયો એ 'કાગને બેસવું ને ડાળને પડવું' કયાંક એવું તો નથી ને? એણે ખૂબ મનોમંથન કર્યું ત્યારે ભગવાનની વાત પર શંકા કરવા બદલ એણે થોડી શરમ પણ અનુભવી, પછી મન મક્કમ કરી ખુલ્લા દિલે ચતુરલાલને પોતાને ઘેર બોલાવવાનો નિર્ણય કરી લીધો ને તેને ઘેર આવવા માટે મનાવી લીધા. ચતુરલાલ આવ્યા એટલે એણે તેને પ્રેમપૂર્વક સત્કાર્યા. બધી વિધિ કરી ને પછી માફી માંગી ઔષધિ પીવડાવી. પછી આતુરતાપૂર્વક ચમત્કાર નિહાળવા થનગની રહ્યા. ને એ પાણી પીતાં જ ચતુરલાલની આંખમાં પાણી આવી ગ્યા. એ બધું ભૂલી જઈ પોતાની ભૂલ પણ સ્વીકારી રહ્યા ને પછી કહી રહ્યા, 'એલા ચંપક, સાચું માનજે. મારા મનમાં આમ તો કઈ હતું જ નહીં. હું તો અમથો અમથો....ને ઘરનો માણસ સાચું ન કહે, નિર્દોષ મજાક-મશ્કરી કરી હસે-હસાવે નહિ તો બીજું કોણ કરશે? પણ તે મારી વાતને જુદી રીતે... જો કે થોડો મારો વાંક પણ કહેવાય કે...'

બંને ફરી પાકા મિત્રો બની ગયા. ખટરાગનો રાગ વાગતો બંધ થઈ ગયો. સંવાદની વાંસળી ગુંજી ઊઠી. એણે ચતુરલાલ સામે એકીટશે નજર માંડી એટલે તે આર્દ્ર સ્વરે કહી રહ્યા. 'આમ શું જુએ છે? હું તારો એ જ ચતુર છું જે પહેલાં હતો.' બેય પ્રેમવશ એકબીજાને ભેટી પડ્યા. અરવિંદની જેમ ચતુરલાલ પણ હરખભેર વિદાય લઈ રહ્યા. ચંપકલાલને હવે પાકો ભરોસો બેઠો, ને આનંદ હૃદયની અંદર પેઠો.

ચતુરલાલના ગયા પછી ચંપકલાલે શાંતિથી વિચાર્યું. 'ખરેખર કેટકેટલાં લોકો એના વિરોધી હતાં? નડતા હતાં? એમ જ હતું કે પછી... કોણ વાસ્તવમાં નડતું હતું?' પત્નીએ કહેલી વાત તે યાદ કરી રહ્યા. 'એક હાથે તાળી ન પડે.' ભગવાને કહેલી વાત પણ એને યાદ આવી. 'તને જે નડે તેને ચા-પાણી પીવડાવતા એ તારો થઈને રહેશે. વિરોધનો વીંટો વળી જશે. નડતર જાશે જંતર વગાડતું.' ચંપકલાલે ગળગળા સ્વરે ભગવાનનું ત્રણ વાર નામ લીધું. પાણીમાં ત્રણ તુલસીપત્ર નાખ્યા. ને પછી 'મને માફ કરજે મારા પ્રભુ' એમ બોલી દસ ઘડીનીય રાહ જોયા વગર પોતે જ એ તુલસીદલનું જળ ગટગટાવી ગયા. **મ**

# જિજ્ઞેશ અધ્યારુ

# નવનિર્માણ



*સિવિલ (મરીન જિઓટેક્નિકલ) એન્જિનિયર, શોર્ટ ફિલ્મ 'ગાંધી વર્સિસ મોહનીઓ'માં ગાંધીની ભૂમિકા ભજવી, જે 'રિવર ટુ રિવર ફિલ્મ ફેસ્ટિવલ', ફ્લોરન્સ, ઇટાલીમાં પ્રસ્તુત થઈ. એક શોર્ટ ફિલ્મ નિર્માણધીન છે. ગીરમાં ફરવાનું, તુલસીશ્યામ, હનુમાનગાળા, ચલાલા, સાસણ પર ફરવાનું. જાણવાનું ગમે છે. સામયિકો ઉપરાંત મારી રચનાઓ અક્ષરનાદ ડોટ કોમ ઉપર છે.*

***એમ/એ ૪૬, સાંઇનગર સોસાયટી, ખોડિયાર નગર પાછળ, ન્યૂ વી આઈ. પી રોડ, વડોદરા ૩૯૦ ૦૨૨***
***ફો. ૯૯૭૪૪ ૧૦૮૯૮***
***મો. ૯૭૨૭૭ ૭૭૧૨૧***

અચાનક તેની આંખ ખૂલી ગઈ, જોયું તો સવાર થઈ ગઈ હતી, ગાડીની બારીમાંથી આવતો તડકો વધી રહ્યો હતો. ડબ્બો મહદંશે ખાલી થઈ ગયો હતો, ગાંધીધામ પસાર થઈ ગયું હતું. ભૂજ આવવાની તૈયારી થઈ એટલે 'અ' પ્રાતઃકર્મ પતાવવામાં વ્યસ્ત થઈ ગયો. ભૂકંપ પછી ફરી બેઠું થવાનો પ્રયત્ન કરી રહેલ કચ્છનું આ શહેર! તેને એ દિવસ યાદ આવ્યો જ્યારે તેના મિત્રો તેની સામે વિચિત્ર દૃષ્ટિએ જોઈ રહેલા. ભૂજમાં શાળાઓની મરામતના કામ માટે જનારા તો તેની કોલેજના ૯૦ યુવાનોમાંથી બે જ જણ હતા. બાકી બધાને મલ્ટિનેશનલ કંપનીઓમાં સેવાઓ આપવાની ઇચ્છા હતી, એમબીએ કરવું હતું, વધુ અભ્યાસ અર્થે વિદેશ જવું હતું, પૈતૃક વ્યવસાયને ઉપાડી લેવો હતો. આ બધામાં 'અ'ને આ એક કામ મળ્યું અને તેણે એ સ્વીકારી લીધું.

તેણે સામાન એકઠો કર્યો અને બારીમાંથી થોડીક વાર નષ્ટ થયેલી ઇમારતોને જોઈ રહ્યો. ત્યાં ભૂજ આવી ગયું. નિમણૂકપત્રમાં સરનામું હતું એ જગ્યાએ પહોંચીને જોયું તો ઓફિસની સામેના બગીચાના બાંકડાઓ પર, તેના જેવા બીજા શહેરોમાંથી આ નોકરી માટે આવેલા લોકો બેઠાં હતાં, વાંચતા, ચા પીતા કે પોતાના નિમણૂકપત્રોને ફરી ફરીને જોતા. એકાદ કલાકમાં ઓફિસ શરૂ થઈ અને તેના જેવા નિમણૂક પામેલા બધાંને એક હોલમાં લઈ જવામાં આવ્યાં.

મુખ્ય અધિકારી આવ્યા એટલે ખંડનો ગણગણાટ બંધ થઈ ગયો. તે આ કોલેજમાંથી તાજા નીકળેલા યુવાનો તરફ ફિક્કું હસ્યા અને માઇક હાથમાં લઈને બોલ્યા, "આપણી પાસે આખો કચ્છ જિલ્લો છે. આપણે, તમારે, કચ્છના એકેએક ગામડામાં જઈને એકેએક શાળાને જોવાની છે, નુકસાનનો અંદાજ કાઢવાનો છે, બાંધકામમાં થનાર ખર્ચનો અંદાજ કાઢી, તેને પ્રમાણિત કરાવી, એ બાંધકામ કરાવવાનું છે. તમારી સાથે એક બહારના સલાહકાર પણ રહેશે. તમારી પાસે હોવું જોઈશે ફક્ત તમારું બાઇક અને આ કામની લગન, ધગશ. બેસ્ટ ઓફ લક."

એ પછી બીજા એક અધિકારીએ કાર્યપદ્ધતિ સમજાવવા માંડીઃ દરેક શાળાના આચાર્ય, તેમના જેવા એક ઇજનેર, ગામના સરપંચ અને કોઈ એક નાગરિક એમ ચાર જણની સમિતિ સમારકામના સમય અને ખર્ચનો અંદાજ અને કામની ગુણવત્તાની ચકાસણી કરશે. અને કામ પૂરું થયે તે અંગેનો સંમતિપત્ર પ્રમાણિત કરશે.

એ પછી દરેક યુવાનને એક એક તાલુકો આપવામાં આવ્યો, 'અ'ના ભાગે છેવાડાનો એક તાલુકો આવ્યો. સૌને જરૂરી લોકોના સરનામા-ફોન નંબર વગેરે અપાયા. બીજા દિવસે છકડામાં બેસીને પોતાને મળેલ તાલુકા તરફ તે રવાના થયો.

તાલુકા મથકે પહોંચીને જોયું તો બે એક શિક્ષકો તેને લઈ જવા રાહ જોઈને બેઠેલા. એ સાથે શરૂ થઈ તેની પહેલી શાળાની મુલાકાત. ઇમારત ખૂબ જૂની બાંધણીની હતી. સ્લેબમાં અને દીવાલોમાં તિરાડો પડી ગયેલી. આચાર્યએ તેનું સ્વાગત કર્યું, તેના માટે ઠંડુ પાણી આવ્યું, સોડા આવી અને વાતો શરૂ થાય ત્યાં સુધીમાં તો દાબેલી પણ આવી

ગઈ. પેલા શિક્ષકો પણ સાથે સાથે જ હતા.

"શું લાગે છે?" આચાર્યએ તેને પૂછ્યું.

"એસ્ટિમેટ કાઢવો પડશે, નુકસાન બહુ નથી, પણ તિરાડો ભરવી પડશે અને એકાદ બે કોલમ ઉમેરવી પડશે."

"સાહેબ, ગમે તે કહો, આ વખતે મોકો મળ્યો છે તો થોડાક નવા ઓરડાઓ પણ લઈ લેવા છે, આચાર્યના ઓરડામાં એક એ.સી. અને એક ટી.વી. વગેરે વસાવી લેવાં છે, એ તમે એડજસ્ટ કરી દેજો. બાકી બીજુ બધું તો સમજી લઈશું, બરાબરને?" આચાર્ય બોલ્યા, અને ખંધુ હસ્યા. તેમનો ચાંદી ભરેલો દાંત મનની ચાડી ખાતો હોય તેમ ચમક્યો.

બીજી શાળાની મુલાકાત વખતે સાથે આવેલા શિક્ષક બોલ્યા, "સાહેબ, પ્રભુકૃપાથી ખાસ નુકસાન તો થયું નથી પણ જો ગ્રાન્ટ મળતી હોય તો એ જવા નથી દેવી. હજુ તો તમારો પહેલો દિવસ છે અપાણે શાંતિથી વાત કરીશું." કોલેજનો એક મિત્ર નજીકમાં જ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો, તેના ઓરડે થોડોક સમય રહેવાની વ્યવસ્થા કરી લીધી. ત્રીજી શાળાની મુલાકાત લેવાની તેની ઇચ્છા હોવા છતાં અંધારું થઈ ગયું હોવાથી તે મિત્રના ઓરડે ગયો અને રાત્રે જમ્યા બાદ તે મિત્ર સાથે બેઠો.

"તને ખબર છે, તમારા પ્રોજેક્ટમાં ધોમ સેટિંગ ચાલે છે?" તેણે સહજભાવે કહ્યું.

"એટલે?"

"તને તો ખબર જ હશે ને? મલાઈ ન મળતી હોત તો થોડો અહીં આવ્યો હોત? ચાર જણની કમિટી જ બધું નક્કી કરે છે, બધા પોતપોતાના ટકા વહેંચી લે છે. શાળાઓમાં તો થોડું ઘણું દેખાડવા માટે થાય છે, બાકી તો આચાર્ય, ઇજનેર અને સરપંચના ખિસ્સામાં."

"પણ તો શાળાઓ રિપેર કઈ રીતે થાય છે?"

"રિપેર...! રિપેરિંગ તો થયા કરે, તારે એસ્ટિમેટ બનાવવાનો. આચાર્ય તને કહેશે કે તેમને કેટલાં રૂપિયા જોઈએ છે. એ ત્રણેય જણાએ નક્કી જ કરી રાખેલું હશે. એ રકમમાં તારા ટકા ઉમેરીને તારે ગમે તેમ એસ્ટિમેટમાં એડજસ્ટ કરવાના. અને ચેક આવે ત્યારે બધાએ વહેંચી લેવાના. બાજુના જિલ્લામાં તો ઇજનેરોએ મહિનામાં જ બાઈક ઉતારી લીધી છે. ઘણાંએ તો ગાડી જેટલી વ્યવસ્થા પણ કરી લીધી છે, જેવી જેની આવડત." તેણે આંખ મારી, એ પણ ખંધુ હસ્યો, જાણે ફરી પેલા આચાર્યનો દાંત ચમક્યો.

૨

બીજા દિવસે સવારથી ફરી શાળાઓ ફરવાનું, આચાર્યો અને સરપંચને મળવાનું, જોવાનું અને સમજવાનું. એક શાળાના શિક્ષકે તેને સમજાવ્યું કે આચાર્યને વીસ લાખ મંજૂર કરાવવા છે. કામ તો ફક્ત દોઢેક લાખનું છે, પણ તેમને નવા



લીધેલા પ્લોટમાં ઘર બંધાવવાનું છે. એમાં પોતાના ટકા તે ઉમેરી શકે છે. બીજી શાળાઓ પણ ક્યાંક પંદર તો ક્યાંક પચીસ. કોઈકને ગાડી તો કોઈકને બંગલો. શાળાઓ બેઠી થાય કે ન થાય પણ બધાંની ઇચ્છાઓ આળસ મરડીને બેઠી થઈ ગયેલી.

અઠવાડિક મીટિંગ માટે તે ફરી જિલ્લામથકે જઈ આવ્યો. બધાં કામ માટે હવે ખૂબ ઉત્સાહી દેખાતા હતા. ઘણાના એસ્ટિમેટ સહી સિક્કા સાથે આવી ગયા હતા અને ઘણા ત્યાં બાંકડાઓ પર બેસીને જ સિક્કઓ મારી રહ્યા હતા. નવું અઠવાડિયું શરૂ થયું ત્યાં સુધીમાં તેણે એસ્ટિમેટ બનાવવાનું શરૂ કરી દીધું. ફાઉન્ડેશનમાં મૂકવાના થતા હોલોબ્લોક, સ્ટીલના સળિયા, રેતી, સિમેન્ટ, મજૂરી...! તેને એમ કે કોઈક પૂછશે કે આટલો બધો ખર્ચ? પણ કોઇને એ જોવાની નવરાશ નહોતી, એ કાગળ ફાઈલોમાં સંઘરાઇ ગયા અને સમય આગળ વધતો રહ્યો.

પોતાના વિસ્તારની ઘણી શાળાઓ તેણે ફરી લીધી હતી. ભૂકંપ એ બધાં માટે એક અનેરી તક લઈને આવ્યો હતો. નુકસાન થયું હોય તેના દસ, ક્યાંક તો બાર, પંદર ગણા એસ્ટિમેટ બનાવવનું તેને કહેવાઇ ગયેલું. તે વિરોધ કરે તો તેને કાઢીને બીજા કોઇકને મૂકી શકાય તેટલી સત્તા ધરાવતા લોકો સુધી આ આખી સાંકળ પહોંચતી હશે એમ તેને અનુભવાયું અને તેથી જ આ આખી વ્યવહારિક પ્રણાલિમાં તે પણ ગોઠવાઇ ગયો. આવતા મહિને એક બાઇક લેવાનું પણ તેણે નક્કી કર્યું.

બાળકો તો તૂટેલી અને લટકી રહેલા બાંધકામવાળી શાળાઓમાં પણ ભણતાં હતાં. એક શિક્ષકે તેને કહેલું, ''શું કરીએ સાહેબ ? મોટી કંપનીઓના પટાવાળાથીય ઓછો પગાર શિક્ષકોને અપાય છે. રિટાયર થયા પછી રસ્તે પગે લાગતા વિદ્યાર્થીઓ સિવાય અમારે શું મેળવ્યાનો સંતોષ લેવો? એક ગણિતના માસ્તર કુટુંબનું ગાડું ચલાવવા રિટાયર થઇને તેમના જ એક વિદ્યાર્થીની પેઢીમાં નામું લખે છે, અમારે એમના પગલે ન ચાલવું હોય તો આ એક જ મોકો છે.'

ત્રણ અઠવાડિયા વીતી ગયાં. આજે દૂરની એક શાળામાં જવાનું તેણે નક્કી કર્યું . ધોમધખતો તાપ અને ધૂળ તેને સતત કનડવા લાગ્યા. લગભગ બે કલાક પછી તે પહોંચ્યો. શાળા ખૂબ નુકસાન પામેલી હતી. આસપાસનાં ચારેક નાનાં ગામડાં

સાહેબ, ગમે તે કહો, આ વખતે મોકો મળ્યો છે તો થોડાક નવા ઓરડાઓ પણ લઈ લેવા છે, આચાર્યના ઓરડામાં એ.સી. અને એક ટી.વી. વગેરે વસાવી લેવાં છે, એ તમે એડજસ્ટ કરી દેજો. બાકી બીજુ બધું તો સમજી લઈશું, બરાબરને?

વચ્ચે કુલ અઢીસોએક વિદ્યાર્થીઓની આ એક જ શાળા હતી. મોટા ભાગના ઓરડાઓની દીવાલોમાં નાનાં મોટાં ગાબડાં પડી ગયેલાં. વરંડાના થાંભલા તૂટી ગયેલા, એક તૂટેલો સ્લેબ લટકી રહ્યો હતો જેના સળિયા વાંકા વળીને ડોકાઇ રહ્યા હતાં. એક ખૂણામાં તૂટેલી પાટલીઓનો ઢગલો ખડકાયેલો હતો. પાસેના લીમડાના ઝાડ નીચે બે વર્ગો ચાલી રહ્યાં હતાં. છત વગરના ઓરડાઓમાં પણ વર્ગ ચાલી રહ્યા હતા, બીજી શાળાઓમાં આંચકાઓથી ગભરાઇને ન બાળકો ભણવામાં ધ્યાન આપી શક્તા, ન શિક્ષકો ભણાવવામાં. પણ અહીં વાતાવરણ જુદું લાગ્યું. વરંડામાં જ ટેબલ અને ખુરશીઓ મૂકીને ઓફિસની વ્યવસ્થા કરાઇ હતી. એ એક ખુરશી પર બેઠો. થોડી વારે એક આધેડ વયનાં આચાર્યા આવ્યાં. અવશપણે એ ઊભો થઇ ગયો.

''નમસ્કાર, હું આ સ્કૂલના રિપેરિંગ માટે એસ્ટિમેટ, રકમ મંજૂરી અને ક્વોલિટી અસેસમેન્ટ માટે...''

''અરે, બેસો બેસો. મને હતું જ કે તમે આવશો.''

''અહીં કેવુંક નુકસાન છે?'' તેણે પૂછ્યું.

''સારું એવું છે, વર્ષોથી આ સ્કૂલ કોઇ રિપેરિંગ વગરની જ હતી, ભૂકંપે પડ્યા ઉપર પાટુ મારી. પરસાળના થાંભલાઓ પણ તૂટ્યા છે.''

''તમારો અંદાજ શું કહે છે, કેટલો ખર્ચ મંજૂર કરાવવો છે?

''એ તો નુકસાન જોઇને તમારે નક્કી કરવાનું છે ને... અમને શું ખબર પડે ?''

નોટપેડ કાઢીને તે ઊભો થયો. આચાર્યા તેની પાછળ ચાલ્યાં. ઓરડે ઓરડે ફરીને તેણે નુકસાનની નોંધ કરવાનું શરૂ કર્યું. દીવાલ ફરીથી કરાવવાની, તિરાડો પૂરવાની, ભયજનક સ્લેબ બધા ઉતારીને ફરી કોલમ મૂકીને નવા કરવાના, એ બધુંય તેણે માપ લઈને લખવા માંડ્યું. બીજે આ બધુંય તેને તૈયાર મળતું, આ કામ કરવાનો તેનો પ્રથમ અનુભવ હતો.

એક ઓરડા પાસે આવીને આચાર્યા અટક્યાં, ખચકાટ સામે તેની સામે જોઇને બોલ્યાં, ''મને ખબર છે આ આખીય સ્કીમમાં ગોઠવણી ચાલે છે. બીજા આચાર્યોએ મને વાત કરી છે. પણ અમને એ સિસ્ટમમાં નહીં ફાવે, અમને બાદ રાખજો.'' 'અમને' શબ્દ પરના ભારને તે પોતાના પર અનુભવી રહ્યો.

કાંઈક ખોટું કર્યાનો અહેસાસ તેને ડંખ્યો, પણ એ અફસોસને ખંખેરીને તે છેલ્લા ઓરડામાં પ્રવેશ્યો. એક બીમ બરાબર ઓરડાની વચ્ચોવચ તૂટીને પડ્યો હતો. ઓરડાની મધ્યમાં એ બીમના બે ટુકડા પડ્યા હતા. અને બંને બહાર નીકળ્યાં.

"તમે ત્યારે ક્યાં હતાં?" અહીં આવ્યા પછી તેણે આ 'ક્યાં હતા' પ્રશ્ન કેટલાંને પૂછ્યો હશે. એ કદાચ તેને પણ હવે યાદ નહીં હોય, અજાણી જગ્યાઓએ વાત શરૂ કરવાની આ રીત થઇ ગયેલી. પ્રશ્નમાંથી ભાવ ગાયબ થઇ ગયેલો, હવે વધી હતી ફક્ત ઔપચારિકતા.

એ ઓરડામાંના છોકરાઓ બહાર આવી ગયેલા, ફક્ત ત્રીજા ધોરણની બે છોકરીઓ ત્યાં રહી ગઇ. જેમાંથી એકના પગ પર કાટમાળ પડ્યો હતો, એ ગંભીર રીતે ઘવાઇ અને બીજીનાં માથા પર બીમ તૂટીને પડ્યો અને એનું માથું છુંદાઇ ગયેલું.

"અમે ધ્વજવંદન કરીને ઈનામ વિતરણ માટે પટાંગણમાં એકઠાં થયેલાં. ઈનામ વિતરણ પહેલાં એક નાનકડું નાટક હતું, ત્રીજા-ચોથા ધોરણનાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ તૈયાર કરેલું. ધ્રુવ અને પ્રહલાદ એમ બે જીવનચરિત્રો ભજવવાના હતા. એટલે અમે મંચન માટે રાહ જોતા હતા, અને જે આરડો તમે જોયો તેમાં કેટલાંક વિદ્યાર્થીઓ વેશભૂષા તૈયાર થઈ રહ્યાં હતાં. નાટક શરૂ થવાનો ઘંટ વાગ્યો અને જાણે ધરતીએ એ સાંભળીને પોતાની લીલા શરૂ કરી. જૂના મકાનના પથ્થર તૂટવા લાગ્યા. છોકરાઓ નાસભાગ ન કરે તે માટે શિક્ષકો અને હું તેમને મેદાનમાં જ રાખવાનો પ્રયત્ન કરતા રહ્યા. મને પેલા બાળકોની ચિંતા હતી જે વેશભૂષા માટે ઓરડામાં હતાં. એટલે હું એ તરફ દોડી, ઓરડા સુધી પહોંચી ત્યાં સુધીમાં આંચકો બંધ થઇ ગયેલો."

બોલતાં બોલતાં તેમની આંખો ભીની થઇ ગઇ અને સ્વર ભારે થઇ ગયો. પાસે પડેલા ગ્લાસમાંથી પાણી પીને તેમણે વાત આગળ વધારી...

"એ ઓરડામાંના છોકરાઓ તો બહાર આવી ગયેલા, ફક્ત ત્રીજા ધોરણની બે છોકરીઓ ત્યાં રહી ગઇ. જેમાંથી એકના પગ પર કાટમાળ પડ્યો હતો, એ ગંભીર રીતે ઘવાઇ અને બીજીનાં માથા પર બીમ તૂટીને પડ્યો અને અનું માથું છુંદાઇ ગયેલું." તેમની આંખો ભરાઇ આવી અને આ વખતે એ આંસુઓને રોકવાનો કોઇ પ્રયત્ન તેમણે ન કર્યો. આ અનુભવ 'અ'ને માટે નવો હતો. કોઇ શાળામાં આમ ભાવુક થવાનો પ્રસંગ તેને ભાગે આવ્યો નહોતો. બધે ફક્ત વ્યવહારની જ વાતો થતી, તેની સારી ખાતર-બરદાશ થતી, સહીઓ લેવાતી-દેવાતી, સિક્કાઓ અપાતા અને ખંધાં સ્મિત થતાં. બધું વ્યવસ્થિત ચાલતું, અવ્યવસ્થાનો આ પહેલો પ્રસંગ હતો. એણે પેલાં બહેનની સામે જોયું.

"સો સોરી ટુ હિયર ધિસ." તેણે કહ્યું.

પેલાં બહેને કહ્યું. " શાળાને બેઠી કરવામાં જે પણ ખર્ચ થાય તે તમે નક્કી કરો, નુકસાનીનું એસ્ટિમેટ કાઢો અને કામ પણ તમારી દેખરેખમાં જ થશે, પણ કામ એકદમ ચોક્કસ થવું જોઇશે. અહીં એક રૂપિયો પણ ખોટો થવાનો નથી. શાળા નહીં બંધાય કે રૂપિયા નહીં મળે તો અમને કોઇ વાંધો નથી પણ બધાંએ સ્વીકારેલી વ્યવસ્થામાં અમે ફિટ નહીં બેસીએ." એ કહી રહ્યાં ત્યાં જમવા માટે કહેવા એક નાની છોકરી આવી.

વિદાય લઇને બાઇકને કિક મારવા જતાં પહેલાં તેણે શાળા તરફ જોયું તો પેલા શિક્ષિકા બહેન તેની તરફ આવી રહેલાં જે તેને આવકારવા આવ્યાં હતાં.

"એસ્ટિમેટ થઇ જાય એટલે કહેજો, સહી-સિક્કા કરવા તમારે ધક્કો નહીં ખાવો પડે. એ લઇને હું જ આવી જઇશ. પછી કામ શરૂ થશે ત્યારે તો તમે આવશો જ."

"સારું"

"અને મેડમની વાતનું ખોટું નહીં લગાડતા, આ શાળા એમણે જ વીસ વર્ષ પહેલાં શરૂ કરેલી. એ ફક્ત ખુરશી માટેનાં આચાર્યા નથી. એ દરેકને માટે એવી જ લાગણી રાખે છે. એ વિદ્યાર્થીઓ હોય કે શિક્ષકો કે શાળા..."

"એક વાત કહેશો? પેલી છોકરી એમની કોઇ સગી હતી? એમની પૌત્રી કે...?"

"કેમ? સગી હોય તો જ વ્યવહારિક અને યોગ્ય કહેવાય? જે મરી ગઇ એ છોકરી અનાથ હતી, ધ્રુવનો ભાગ ભજવવાની હતી. કચ્છમાં હજારો લોકો મર્યા છે, કોણ કોને રડે? પણ એ અનાથ માટે આખી શાળા રડેલી."

એ રાત્રે જાગીને તેણે એ શાળાનો વિગતે એસ્ટિમેટ બનાવ્યો, અઠવાડિયાને અંતે તાલુકા મથકે જઇને એ જમા કર્યો. પછી બીજા એસ્ટિમેટ ફાડી નાંખવા તેણે હાથમાં લીધા, થોડોક ખચકાયો, ઓફિસની સામેના બાઇકના શો-રૂમ તરફ જોયું, અને મન કઠણ કરીને એ જમા કરાવી દીધા. શો-રૂમમાં લગાવેલી જાહેરાતનાં પોસ્ટરમાં બાઇક પર બેઠેલી છોકરી સ્મિત કરી રહી હતી. **મ**



જન્મ સ્થળ આંબરડી જોગીદાસ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી, વ્યવસાય સીનિયર શિફ્ટ એન્જિનિયર, જીએનએફસી લિ.મી. "લખતાં લખતાં લેખક તો બની જવાય પણ બની બેઠેલા લેખકને જિવાડવા શ્રમ, સાતત્ય અને સહજતા વિના આરોવારો નથી. એમ કરતાં આનંદ આવી મળે એ પુરસ્કાર."

**૭ મુક્તાનંદ સોસાયટી**
**નર્મદાનગર**
**જિ. ભરૂચ ૩૯૨ ૦૧૫**
**rgagrawat@gnfc.in**

## રમણીક અગ્રાવત

# અમુભાઈ ને જમુભાઈ

દુકાનને ઓટલે ડાબું જમણું પડખું દબાવીને જાણે જય-વિજય બન્ને ભગવાન વિષ્ણુની સેવામાં ખડે પગે હોય એમ અમુભાઈ ને જમુભાઈ બેઠા હોય. થડાના ગાદી-તકિયા, ખાલી ત્રાજવું હવામાં ઝૂલતું હોય. અમુભાઈને એમાં સાક્ષાત્ લક્ષ્મીજી બિરાજમાન દેખાયા કરે. જમુભાઈને એમાં શું દેખાતું હશે એ તો એ કહે તો ખબર પડે. પણ અમુભાઈને જમુભાઈ માટે પૂછીએ તો 'મીંઢો' એવું બોલતાં બોલતાં વળી ટાળી દે એમ બને. એકાદ છોકરો અંદર કંઈ લે-મૂક કરતો હોય. ઘરાકને જોતી વસ્તુ જાતે લઈ લેવાની છૂટ. મોટેભાગે તો એમ જ થતું હોય. વસ્તુ લઈને તેનું થતું જે-તે ચૂકવણું ગલ્લામાં નાખી દેવાનું. પરચૂરણ પાછું લેવાનું હોય તો તે ગલ્લામાંથી લઈ લેવાનું. જમુભાઈ આમ ભલે સીધેસીધું જોતાં લાગતા ન હોય પણ એમની નજર બહાર કંઈ ન હોય. અમુભાઈની નજર જમુભાઈને માપતી હોય.

બેય ભાઈ બેઠી દડીના અને સરખે સરખા ભારે ડિલે. ફેર એટલો કે ૪૮ વરસના અમુલખભાઈ ઘરે-બારે બંધાયેલા અને ૪૨ વરસ વટાવી ચૂકેલા જમનાદાસભાઈનું ઘર હજી બંધાયેલું નથી. નામ ભલે અમુલખ ને જમનાદાસ હોય પણ મોટા અમુભાઈ નામથી ગામમાં બોલાવાતા થયા અને એના પ્રાસમાં નાના જમુભાઈ નામથી. જમુભાઈની અમુભાઈ માટે મોટામાં મોટી ફરિયાદ એક જ કે આવા પાંચમાં પૂછાતા મોટાભાઈના હોવા છતાં પોતાનું કાંઈ થયું નહીં.પોતાનું દુઃખ જયાં ત્યાં ગા ગા કરવાની જમુભાઈને ટેવ નથી. પણ આત્મામાં વલોવાતી વાત કયારેક ને કયાંક તો ફૂટવાની જ ને? મોટાભાઈ તરીકે અમુભાઈની કંઈક ફરજ બને કે નહીં? પોતે પરણી વળ્યા, છોકરાં છૈયાં થયાં એટલે પત્યું? ભાઈ થઈને ભાઈનું નહીં જોવાનું? આવી વરાળ જમુભાઈના મનમાંથી આપમેળે નીકળ્યા જ કરતી હોય. એક ટેવ બેય ભાઈની સરખી. ભારે અવાજમાં વાછૂટ કરે. અને એમ કરે ત્યારે અડખેપડખેની બે-બે દુકાન સુધી એ અવાજ સંભળાય. કડડડડ...ડ કરતું કમાડ ખૂલતું હોય ને ઓચિંતુ ઊંચેથી પતરું પટકાય એવો ધબાકોઢ જાણે સામસામા સવાલ જવાબ કરતાં હોય એમ વાછૂટે મંડાય. ગામની વહુવારુંઓનેય આની ખબર પડી ગઈ હોય એમ આવે વખતે દુકાન પાસેથી પસાર થવાનું થાય ત્યારે મોંમાં કપડું દબાવી ઘૂમટો ખેંચતી દોડી પડે, બીજું શું?

બેય ભાઈની વાતચીત કરવાની રીત પણ સાવ નિરાળી. જમુભાઈને બેદરકાર, બિનજવાબદાર, રેઢિયાળ મોટાભાઈ સાથે બોલવા વહેવાર પણ નહીં. દુકાન માટેની જથ્થાબંધ ખરીદી અમુભાઈને હસ્તક એટલે બોલવા વહેવાર બંધ કરવાથી પતી જાય એમ થોડું હતું? એનો રસ્તોય બન્ને ભાઈઓએ ખોળી લીધો. કેવેન્ડરના ખાલી ખોખાંની અંદરની કોરી બાજુ પર જે કંઈ કહેવું જરૂરી હોય એ લખીને જમુભાઈ ઉંબર ઉપર મૂકે. અમુભાઈ આમ ભલે જોતા ન હોય પણ કોણ જાણે કેમ એમને ખબર પડી જ જાય અને પોતાના માટે મૂકાયેલી ચબરખી ઉઠાવી લે. વળતામાં એય પોતાની પાસેના કેવેન્ડરના ખાલી ખોખાંમાંથી કાપેલી ચબરખી પર લખે. ઉદાહરણ તરીકેઃ

જમુભાઈ લખે કે,

ખાંડ કિલો ૫૦

હળદર કિલો ૧

દળેલું મરચું કિલો ૫

આખા આમળા-અરીઠા-શિકાકઈ દરેક કિલો ૧

વળતી ચબરખી તરત સામે આવી પડે,

હમણાં સોપારીનું ઘરાક પાછું ગયું. કાલ ઘરાક સોપારી માગશે તો મારો બાપ સોપારી આપશે?


જમુભાઈની ચિઠ્ઠી પડે,

સોપારી કિલો ૨


આ તો એક ઉદાહરણ. દુકાન સિવાયની બીજી વાત પણ આમ ચબરખીએ લખાય ને ચબરખીએ જ વંચાય બન્ને ભાઈઓ પાસે કેવેન્ડરના ખાલી ખોખાંમાંથી કાપીને બનાવેલી આવી ચપોતરીઓનો પોતપોતાનો જથ્થો જમા હોય. જમુભાઈની દુકાન ગામની સારી ગણાતી દુકાનોમાં એક ગણાય. કરિયાણું ને નાની મોટી દવાઓ ને વારતહેવારે જરૂરી વસ્તુઓ કહોને એક ઘરમાં જોઈએ એ બધું ત્યાંથી મળી રહે. ઘરાકી પણ સારી.

**ગાય પ્રકરણને ઠરીઠામ થતાં છ-આઠ મહિનાથી વધુ વખત ન લાગ્યો. જમુભાઈએ વાડે બાંધી ત્યારે ગાય સાવ દૂબળી-પાતળી હતી. હવે એને જુઓ તો આંખ ઠરે. એક માણસ સતત એની ખાંખત રાખતું હોય તો ફરક પડ્યા વિના રહે?**

મોડી સાંજે વાળુ કરવા જવાનો સમય થાય ત્યાં સુધી અમુભાઈ દુકાને હોય. એ ઘર તરફ વળે કે જમુભાઈ થડાના ગાદી-તકીયે પહોંચે. ઘરાકી પણ હળવી થઈ હોય. કોઈ કોઈ નવરા વાતોડિયાઓ દુકાનને ઓટલે હોય. એક-બે હળી ગયેલા છોકરા ટાંપીને જ બેઠા હોય. જમુભાઈનો આ નિરાંતનો સમય. છોકરાઓ એમના હાથની આંગળીઓ પકડી પકડી દબાવે. તેલ ચોળીને મસળી આપે. થાકેલા ડિલને આરામ મળે, બીજું શું? કોઈ છોકરો જમુભાઈની પીઠ પર ચડી કચરી આપે. થાકેલા પગની પિંડીઓને દબાવી આપે. ભારે બાહુઓને આમતેમ ફેરવી જરાક સુખ આપે. જમુશેઠ પણ છોકરાઓને રાજી રાખે. કંઈ ખાવા-પીવાનું આપે. ગલ્લામાં હાથ મારતા કોઈ છોકરાને કદીક જોઈ જાય તો આંખ આડા કાન કરે. છોકરા લઈ લઈને શું લેવાના?



જો કે અમુભાઈને આની ચીડ. કેટલીય ચબરખીઓમાં આ ચીડ ઠાલવી હશે. પણ જમુભાઈ જવાબ આપે તો ને? મોડી રાતે નવરા લોકોની ઠઠ ઓટલે ને દુકાનમાં જામે. અમુભાઈને આ ન ગમે, પણ કરે શું? એથી રાતના જમ્યા પછી દુકાને આવવાનું જ અમુભાઈ ટાળે. જોઈને જીવ બાળવો ને? જમુભાઈને તો દુકાન ને ઘર બધું એક જ. ભાભી સાથેની રોજેરોજની ટકરામણથી કંટાળીને જમુભાઈએ ઘરે જવાનું જ બંધ કરી દીધું. દેખવુંય નહીં ને દાઝવુંય નહીં. બાઈ માણસ સાથે શું ધડીકા લેવા. સવારે દુકાન પાછળની નવેળીમાં ન્હાઈ લે ત્યાં ધોયેલાં કપડાં (કધોણિયાં સમજોને) હાજર હોય.



નાનાં એવાં ગામમાં કંઈ પણ બને તો તરત સૌને એની ખબર પડી જ જાય. સટર-પટર ઘૂમતી વાતો એ જ ગામની ફુરસદનો

ખોરાક. હમણાં સૌને એક નવતર વાત જાણવા મળી. સૌને નવાઈ લાગતી હતી કે જમુભાઈએ ગાય કેમ પાળી હશે? ભલભલા જાણભેદુઓથી આ કોયડો ઉકલ્યો ઉકેલાતો નહોતો. જમુભાઈએ ગાય પાળી એ વાત જ પહેલાં તો કોઈને ગળે ઉતરે એવી નહોતી. જમુભાઈને જ્યાં બેઠા હોય ત્યાંથી ઊભા થવામાં વાંધા આવતા હોય ત્યાં ગાય જેવી ગાયની ઊઠવેઠ કેમની કરી જાણશે એ ખરેખરો સવાલ હતો. જોકે રોજ સવારે 'જેશી ક્રશ્ણ' કરીને દક્ષિણા લઈ જતા જટા ગોરને જમુભાઈનું આ ગૌ સેવાનું અદ્‌ભુત પગલું બહુ જ ગમેલું. જમુભાઈના છોકરાઓને કામનું ભારણ વધી ગયું. દુકાન અને જમુભાઈ સાથે હવે ગાયનો કારોબાર પણ ઉમેરાયો. અમુભાઈની ચબરખીઓમાં આ ધૂંધવાટ કંઈક આમ તરતો હતોઃ

આ ધંધા કેવા માંડ્યા છે.

દૂધ વિના કોઈ રઈ જાય છે તે આ રવાડે ચડ્યા.

વળી રહીને એક વધુ ચબરખીઃ

ગામનાં દૂઝણાં આપડાં જ છે ને.

જવાબમાં કંઈ નહીં.

જમુભાઈ ઘડીએ ઘડીએ ઊભા થઈ વાડામાં ડોકું કાઢી આવે. અમુભાઈને થાય આ વળી નવું.

દિવસોને વહી જતા કયાં વાર લાગે છે. કોઈ નવી વાત એ વહેણમાં ગૂંથાય ત્યારે તેની રોચકતા કંઈ નવી ભાતમાં ખીલે છે. કાનોકાન ગુસપુસ થતાં થતાં ગામમાં વાત વહેતી થઈ કે જમુભાઈએ ગાવડીનું ધ્યાન રાખવા કોઈ બાઈને રાખી છે...

દુકાનમાં ભરાતી મોડી રાતની બેઠકોમાં જમુભાઈની ગાય હમણાં હમણાંથી ચર્ચાનો વિષય હતી. હવે ઢોરને પાળવું એ કેટલું કઠણ કામ છે એ તો સૌ એકમતે સ્વીકારતા હતા. એક આખું માણસ એની પાછળ જોઈએ. જમુભાઈના સૌ હિતેચ્છુઓએ જાતજાતનાં સૂચનો કર્યાં. એમાંથી ભગાભાઈ કોળીની વાત જમુભાઈને જરા વિચારવા જેવી લાગી. ભગાભાઈને પોતાની નાતમાં આવરોજાવરો ખૂબ. આમ પાછો પહોંચેલો માણસ. કોઈ કામનો નિકાલ કેમ આણવો એની ખરી કળા જાણે. આઘેનાં કોઈ ગામની કોઈ નિરાધાર વિધવા વિશે એમને માહિતી હતી. ભગાભાઈએ સૂઝપૂર્વક ગોઠવણ કરી આપી. એક દુઃખાઈ ગયેલી બાઈને આશરો મળે. બે નાનાં નાનાં બાળ ને આ જમાનો. ગાયમાતાની સેવા અને એક બચરવાળ સ્ત્રીને જીવવાનો આધાર મળતો હોય તો એમાં ખોટું શું?

અમુભાઈને તો આવી કોઈ કલ્પના જ નહોતી. એક અઠવાડિયું સગાંવહાલાંમાં ગાળી આવ્યા ત્યારે જરાક હાશકારો થયો. કેવેન્ડરના ખોખાંની કેટલીય ચપોતરીઓનો જથ્થો ખૂટી જાય તો પણ સવાલ ઊભા ને ઊભા રહે એવી આ જમુડાએ કરી હતી. એમના પરિવારમાં સાત પેઢીએય કોઈએ ગાય પાળી ન હતી. આ જમુની ગાયે ગજબ કર્યો હતો એમ અમુભાઈનું માનવું હતું. છતાં બન્ને ભાઈઓએ ચબરખી સિવાય વાત નહીં કરવાનો શિરસ્તો ન તોડ્યો તે ન જ તોડ્યો.

ગાય પ્રકરણને ઠરીઠામ થતાં છ-આઠ મહિનાથી વધુ વખત ન લાગ્યો. જમુભાઈએ વાડે બાંધી ત્યારે ગાય સાવ દૂબળી-પાતળી હતી. હવે એને જુઓ તો આંખ ઠરે. એક માણસ સતત એની ખાંખત રાખતું હોય તો ફરક પડ્યા વિના રહે? સાંજ પડ્યે દુકાનમાં ઘૂસી જતાં છોકરાઓને જમુભાઈની નારાજગી કળાઈ આવતી હતી. જમુભાઈ અમથાં વડચકાં ભરે એની એમને ભારે નવાઈ લાગતી. અમુભાઈની એક્કેય ચબરખીનો જવાબ જમુભાઈએ ન વાળ્યો ત્યારે અમુભાઈએ પણ હારીને વાત ઊંચે મૂકી દીધી. દુકાન તો પહેલાં જેમ જ ચાલતી હતી તેની અમુભાઈને નિરાંત હતી.

જમુભાઈનું રહેવાનું તો દુકાનમાં જ. ગાયની દેખભાળ માટે રાખેલી બાઈને પહેલાં ગામમાં ઘર ભાડે રાખી દીધું હતું. પછીથી દુકાન પાછળના વાડામાં વણવપરાશી એક ઓરડીમાંથી નકામો સામાન હટાવીને એ ઓરડી બિચારી બાઈ માટે ફાળવી દેવામાં આવી. આ સૂચન પણ ભગાભાઈનું હતું. પોતાની જગ્યા પડી રહે અને બીજે નકામા ભાડાં ભર્યાં કરવા એ કયાનો ન્યાય? નજર સામે કામ હોય તો સારું, બીજું શું? પાછળના વાડામાં પહેલાં કામચલાઉ જગ્યા, ને પછી જરાક ઠીક રહેવાની સગવડ થઈ ગઈ. જમુભાઈ આમ તો પહેલેથી જ મૂંગા. હવે કશાક અકળ આનંદમાં લીન રહેતા હોય એમ વધારે મૂંગા થઈ ગયેલા લાગે. જટા ગોરનું માનવું છે કે જમુભાઈ શેઠને ગૌ માતાની સેવા જરૂર ફળશે, આજ નહીં તો કાલ. **મ**

દુકાનમાં ભરાતી મોડી રાતની બેઠકોમાં જમુભાઈની ગાય હમણાંથી ચર્ચાનો વિષય હતી. હવે ઢોરને પાળવું એ કેટલું કઠણ કામ છે એ તો સૌ સ્વીકારતા હતા. આખું માણસ એની પાછળ જોઈએ. જમુભાઈના સૌ હિતેચ્છુઓએ જાતજાતનાં સૂચનો કર્યા



પત્રકારત્વનો અભ્યાસ. જૈન બાળ મેગેઝીનમાં એડિટર તરીકે કામ કરેલ. વાંચન-લેખનમાં વિશેષ રૂચિ. થોડી વાર્તાઓ અને કાવ્યો લખ્યાં છે.

***C/301, Ganesh Prasad Society Laxman mahtre Road Navagam Dahisar (west), MUMBAI 400 068 Mo. 90040 24117 kjvyas007@yahoo.com***

## કલ્યાણી વ્યાસ

# સરપ્રાઇઝ

“પપ્પા પેલો મંકી જુવો”

“ક્યાં છે?” “અરે પેલા ઝાડ પર”

“અરે! હા, બે ત્રણ છે ને. એક મોટો અને બીજા નાના નાના તેના બચ્ચાંઓ તારા જેવા બદમાશ”

“હું કાંઈ મંકી જેવો છું? જા ઓ કિટ્ટા તમારી.”

નાનકડા સાત વર્ષના નિકુંજે પોતાનું મોં બીજી દિશામાં ફેરવી લીધું અને તે જોઈને બસમાં તેની બાજુની સીટ પર બેઠેલા અમોલે હોઠના ખૂણેથી મરકતા તેના ખભે પોતાનો જમણો હાથ વીંટાળતા તેને પોતાની સાવ નજીક ખેંચી લીધો અને ડાબા હાથે તેની નીચી કરેલી મુંડીની ચિબુક ઊંચી કરતા બોલ્યો,

“અરે મારા નિકુને કંઈ મંકી કહેવાય? તે તો શેર છે શેર. જંગલનો રાજા હોય ને તેવો.”

“સાચે જ પપ્પા!” નિકુંજ ફરી ખુશ થઈ ગયો. ‘હું રાજા જેવો છું ને?’

“હાસ્તો મારા ઘરનો રાજા. બહાદુર અને હોંશિયાર.”

“પણ પપ્પા શેર તો એક પ્રાણી છે ને હું તો માણસ કહેવાઉં ને? તો તમે મને પ્રાણી જ કહ્યો ને?

જાઓ તમારી કિટ્ટા.”

તેણે ફરી મોં ફુલાવ્યું.

“નિકુ બેટા મેં તને પ્રાણી નથી કહ્યો પણ સિંહ કેટલો બધો બહાદુર હોય છે તેની ઉપમા આપી તને, કે તું પણ બહાદુર સિંહ જેવો છે.”

“હમ્મ્મ! ઓકે પપ્પા. પણ આ બસ ક્યારે મહાબળેશ્વર પહોંચશે? મને ઉલટી જેવું થાય છે.”

“આ લે પીપર. તારા મોઢામાં રાખ હમણાં થોડીવારમાં જ આ ઘાટ પૂરા થશે અને તું મહાબળેશ્વર પહોંચી જઈશ. બસ હવે થોડી જ વાર.’

“તો તો સારું પપ્પા”

“એમ કર તું સુવાનો ટ્રાય કરી જો કદાચ તને એનાથી સારું લાગે.”

તે નિકુંજના માથાને પોતાના પડખામાં દબાવતો તેના વાળમાં હાથ ફેરવતો રહ્યો અને નિકુંજ તેના પેટને એક હાથથી વળગીને આંખો બંધ કરીને પડ્યો રહ્યો.

મહાબળેશ્વર જતી એસી બસની વચ્ચેની સીટ પર બેઠેલો અમોલ દૂબે બારીની બહારથી પસાર થઈ રહેલા મનોરમ્ય દશ્યોને એકટક નિહાળી રહ્યો. લાલ માટીના હરિયાળીથી ઓપતા આ ઊંચા ઊંચા પહાડો ચારે બાજુએ પથરાઈને પડ્યા હતા. વચ્ચે વચ્ચે વળાંકો લેતી બસને કારણે પહાડોની બીજી બાજુની ઊંડી ઊંડી ખીણો પણ તેને દશ્યમાન થતી રહી.

હમણાં જ ચોમાસું પૂરું થયું હતું અને દિવાળીની રજાઓમાં તે અને નિકુંજ દર

વર્ષની જેમ મહાબળેશ્વર આવ્યા હતા પણ દર વર્ષે તો તેઓ ચાર જણા આવતા તે, નિકુંજ, નિહાર, અને... અને અનિતા...

પણ આ વખતે તેઓ બે જ જણા હતા.

આ વખતની દિવાળી પણ ક્યાં દર વર્ષ જેવી હતી?

ઘરમાં સૂનકારની સાથે સાથે અંધકાર પણ હતો અનિતાની ગેરહાજરીથી. તેણે લાખ પ્રયત્નો કર્યા કે નિકુંજ ફટાકડા ફોડે, મસ્તી કરે, મીઠાઇ ખાય પણ તે તો સાવ ના મક્કર થઈને બેઠો હતો. બસ મમ્મી અને ભઈલો આવશે પછી બધાં સાથે જ ખાઇશું અને મજા કરીશું તેવી જ રટ પકડીને બેઠો હતો.

તેણે વિચાર્યુ પણ હવે એ ક્યાંથી શક્ય બનવાનું?

તેની એ વાત પર તે માંડ માંડ મહાબળેશ્વર આવવા તૈયાર થયો હતો કે ત્યાં મમ્મી અને નિહાર મળશે. તેણે તેને આશ્વાસન આપ્યું હતું કે નિહારની સ્કૂલની પિકનિક ત્યાં છે અને મમ્મી પણ તેની સાથે જ છે.

''આપણે તેઓને સરપ્રાઇઝ આપીશું તો કેવી મજા આવશે?''

''હા પપ્પા! તો તો બહુ મજા આવશે તેઓ બંને આપણને જોઈને નવાઇ પામી જશે અને નિહારની તો આંખો જ મોટી થઈ જશે મમ્મી પણ મને વળગી પડશે, મારો રાજા બેટો કહીને.'' તેણે હાસ્ય સભર ચહેરે કહ્યું.

''મમ્મી ટીચર છે એટલે તેને તો સ્કૂલની પિકનિકમાં જવું જ પડે ને. મને મૂકીને જતા તે કેટલી રડી હતી? મને જલદીથી મમ્મી પાસે જવું છે. કેટલી લાંબી પિકનિક છે? જલદી પૂરી જ નથી થતી. કેટલા બધા દિવસથી તેઓ બંને ગયા છે! હું મમ્મી કે ભઈલા સાથે નહીં બોલું. તેમણે મને એક વાર પણ ફોન નથી કર્યો અને તમે પણ નથી વાત કરી આપતા.''

નિકુંજની વાણી અસ્ખલિત વહ્યા કરતી અને તે શૂન્યમનસ્ક થઈને બેસી રહેતો તેની ઇઝી ચેરમાં.

જ્યારે નિકુંજ તેને હલબલાવતો અને મમ્મીને કોલ કરવાની રટ લેતો તે કોલ જોડવાની એક્ટિંગ કરતો અને કહેતો ''નથી લાગતો. ત્યાં નેટવર્ક નથી બેટા.' પણ તે જ જાણતો હતો કે નેટવર્ક તો હતું જ પણ તે કોલ જોડતો જ ન હતો. અને શા માટે જોડે?

અનિતા તેની મરજીથી ઘર છોડીને ગઈ હતી. તેણે તો તેને સુખ સાહ્યેબીમાં રાખવામાં કોઈ જ મણા રાખી ના હતી. આલીશાન ત્રણ બેડરૂમનો પોશ એરીયામાં ફ્લેટ, મોટી કાર, તેના માટે પણ હમણા અલગથી બીજી નવી કાર ખરીદી આપી કે તેને ક્યાંય જવું હોય તો અગવડ ના પડે. ઘરમાં નોકર ચાકર, તગડું બેંક બેલેંસ, એકથી એક ચડિયાતી સુખ સગવડના અદ્યતન સાધનો અને બે દેવ જેવા દીકરાઓ અને તેને અપાર પ્રેમ કરતો પતિ, જે તેનો પડ્યો બોલ ઉઠાવવા તૈયાર રહેતો. શું ઉણપ વર્તાઇ અનિતાને આ ઘરમાં? અમારી ઘર ગૃહસ્થીમાં? શા માટે તેણે આવો અંતિમ નિર્ણય લેવો જોઈએ?

''પપ્પા મહાબળેશ્વર આવી ગયું?''

''ના બેટા હજી એક પહાડ ચડવાનો બાકી છે. તું સૂઇ રહે હું તને જણાવીશ.'' તેણે વાંકા વળીને તેના ગાલે એક હળવી ચુમી ભરી અને તેના વાળને પસવારવા લાગ્યો.

તેણે કહ્યું એક પહાડ ચડવાનો બાકી છે પણ ખરેખર તો તેણે ફક્ત ખાઇમાં ઊભા ઊભા જ પહાડના સ્વપ્નો સેવ્યા હતાં. આજે જ્યારે ખરેખર તેને એક જ પહાડ ચડીને મંઝિલ મળી જવાની ઘડી નજીક આવી છે ત્યારે જ અનિતા ચાલી ગઈ છે. તે પોતાની કેરિયર અને પોતાના અત્યાર સુધીના જીવાઈ ગયેલા જીવનના વિચારે ચડી ગયો.

બિહારના સીતામઢી જેવા સાવ ખોબલા જેવા ગામનો



એક છોકરો આજે સરકારી નોકરીમાં મંત્રીજીનો અંગત સચિવ બની ગયો છે તે કાંઈ જેવી તેવી કામયાબી કહેવાય?

ગામના લોકો તો ગર્વ લેતા ધરાતા નથી કે પ્રકાશભાઉનો અમલ્યો સરકારી સાબ બની ગયો છે. તે ગામમાં જાય ત્યારે તો તેના કેવા માનપાન... કેવો ઠાઠબાટ... ઢોલ નગારા વગાડી તેનું સ્વાગત કરવામાં આવે... જલેબીની મહેફિલ જમાવવામાં આવે અને ગામના દરેક જણને તે વહેંચવામાં આવે. તે દશ્ય યાદ આવતા તેના હોઠ પર એક હાસ્યનું મરકલું ફરકી ગયું.

પણ અચાનક પેલું દશ્ય પણ નજર સમક્ષ આવી ગયું જેને તે કદાપિ ભૂલી નહોતો શક્યો. તેના પિતા પ્રકાશભાઉ ગામના સરપંચની આગળ હાથ જોડીને માથાની ફાળિયા જેવી પાઘડી જમીન પર મૂકીને કરગરી રહ્યા હતા, કે તેની જમીન તેને સોંપી દેવામાં આવે પણ સરપંચ કપાળે હાથ પછાડતા બોલ્યા,

''અરે તને કેટલી વાર સમજાવું કે તે જમીનનો ટુકડો સરકારે બાંધવા ધારેલી ફેકટરીની જગ્યા પર હતો. અને તે સરકારે ખરીદી લીધી છે. તને તારી જમીનના પૈસા મળી જશે.''

''પૈસાનું શું કરું માઈબાપ... જમીન હશે તો પેઢી દર પેઢી અમારા કુટુંબીજનો રોટલો ખાઈ શકશે. જર-ઝવેરાત માલ મિલકત જે ગણો તે આ જમીન જ છે, તેને ના છીનવી લો સરકાર.''

''અરે કઇ દુનિયામાં જીવે છે પરકીયા?'' સરપંચે તુચ્છકારથી કહ્યું.

''આ તારો અમલ્યો કાલે ભણી ગણીને મોટો અફસર થશે, નહીં કે તારી જેમ હળ ચલાવશે ખેતરમાં. આવી સોના જેવી તક તને મળી છે કે આટલા બધા રૂપિયા તને સરકાર આપે છે ત્યારે મોં ધોવા જવા જેવી વાત ના કર. જા કાલે આવીને ચેક લઇ જજે. હવે મારો સમય બરબાદ ના કર, તારી સમજની બહારની વસ્તુ છે. એ અમલ્યા તારા બાપાને ઘરે લઇ જઈને જરા સરખી રીતે સમજાવજે.''

અને તેમણે હુક્કામાંથી તમાકું પીવા માંડી.

પ્રકાશભાઉની આંખોમાંથી નીકળતા અશ્રુ તેમના ચહેરા પર થઈને જમીનને પખાળતા રહ્યાં અને અમોલ તેમને ખેંચીને ઘરે લઇ આવ્યો. તે દિવસે ઘરમાં ચૂલો નહોતો સળગ્યો. જમીન એ તો તેમના દેવ સમાન હતી તેમની જીવાદોરી...

પણ સરકારી દસ્તાવેજો સામે તેનું શું ચાલે?

આ તારો અમલ્યો કાલે ભણી ગણીને મોટો અફસર થશે, નહીં કે તારી જેમ હળ ચલાવશે. આવી સોના જેવી તક તને મળી છે કે આટલા બધા રૂપિયા તને સરકાર આપે છે ત્યારે મોં ધોવા જવા જેવી વાત ના કર. જા કાલે આવીને ચેક લઇ જજે

અમોલ તેમનો એકનો એક દીકરો. તે ત્યારે બાજુના શહેરમાં કોલેજમાં ભણવા જતો. તેની આંખોમાં મોટા મોટા સ્વપ્નો હતા. શહેરની રહેણી કરણી જોઈને તેને પોતાના પિતાના ઘરમાં ખૂબ બધી અગવડો લાગતી અને તે પોતાના ભવિષ્યના ચિત્રને ઓપ આપવા પ્રયત્નશીલ રહેતો. તે ભણવામાં ખૂબ જ હોંશિયાર હતો અને કોલેજ પૂરી કરીને આગળ ઉચ્ચ અભ્યાસ કરીને તેને પોતાના સ્વપ્નોને સજાવવા હતા. અને પોતાના એકના એક દીકરાના ભવિષ્ય માટે પ્રેમાળ પિતાએ ખેતરની આવેલી રકમમાંથી તેની ફી ભર્યા કરી. તે એમબીએ થયો ત્યાર બાદ તેણે સિવિલ સર્વિસની પરીક્ષાઓ આપી અને તેને સરકારી ખાતામાં નોકરી પણ મળી ગઈ.

નોકરીએ લાગ્યા બાદ તેની સામે પિતાએ લીધેલી ઉધારી, લોનો અને તેના વ્યાજો મોં ફાડીને ઊભા હતા. તે જે પણ કમાતો તે વ્યાજ ચૂકવવામાં જ ખર્ચાઇ જતું. પિતાએ તો તે નોકરીએ લાગ્યો તે સમયે જ આ દુનિયામાંથી વિદાય લીધી હતી અને એક મા હતી, જેને થોડા દિવસ પહેલા જ કેન્સરની બીમારીનું નિદાન થયેલું. તે ખૂબ હતાશ હતો. અહીં સુધીનું ભણવા માટે તેણે જે રકમ ચૂકવી હતી તે પણ તે સરભર નહોતો કરી શક્યો.

તે દિવસો યાદ કરી તેની આંખોમાં આસું આવી ગયા. પણ પછી તેના મામાએ તેના લગ્ન નક્કી કરી નાખ્યા તેમની સાળીની છોકરી અનિતા સાથે. તે અનિતાને જોવા ગયો ત્યારે જ તે તેને ગમી ગઈ હતી. પાછી તે એમએ વિથ બીએડ્નું ભણી હતી અને તાજેતરમાં જ એક સ્કૂલમાં નોકરીએ લાગી હતી.

પરસ્પરની સહમતીથી તેઓના લગ્ન થઈ ગયા. બંને ખુશ હતા. અનિતાનું તેના જીવનમાં આગમન તેનો ભાગ્યોદય લઈને આવ્યું હતું. તેની બદલી ઉત્તરપ્રદેશના મોટા શહેર કાનપુરમાં થઈ હતી અને તે મંત્રાલયમાં સચિવ તરીકેની બઢતી પામ્યો હતો. ત્યારે નિહારનો જન્મ થઈ ચૂક્યો હતો અને મા, પૌત્રનું મુખ જોઈને અવસાન પામી હતી.

તે પોતાના નાનકડા પરિવાર સાથે કાનપુરમાં સ્થાયી થઈ ગયો.

અચાનક બસ એક આંચકા સાથે રોકાઇ ગઈ તેનું માથું પણ

આગળની સીટ સાથે ભટકાઇ ગયું. શું થયું તે જોવા બધાં ઊંચા થઈને બારીની બહાર ડોકાઈ રહ્યાં હતાં. રસ્તા પર એક મોટો ફણીધર નાગ ફેલાઇને પડ્યો હતો, તેને જોઈને ડ્રાઈવરે અચાનક બ્રેક મારી હતી. થોડી વારમાં તો બધાં તે જોવા નીચે ઉતરીને ટોળું બનાવીને ઊભા રહ્યાં નાગ બિલકુલ હલી નહોતો રહ્યો.

"શું થયું પપ્પા?"

"ચલ તને સાપ બતાવું"

તે નિકુંજને તેડીને બસની નીચે ઉતર્યો અને રસ્તા પર પડેલા કોબ્રા નાગને બતાવવા લાગ્યો. નાગ ખૂબ લાંબો હતો અને સાવ ગૂંચળું વાળીને પડી રહેલો. નિકુંજ હેરતભરી આંખોથી કોબ્રાને જોતો રહ્યો અને અનેક સવાલો અમોલને કરતો રહ્યો. તે તેની સમજમાં આવે તેવા જવાબો આપતો રહ્યો અને તેને અચાનક અનિતાની યાદ આવી તે અત્યારે અહીં હોત તો...

અનિતાને તો દરિયો ગમતો. ઘૂઘવાટ કરતો, પોતાના પેટાળમાં અસંખ્ય રહસ્યો અને ખજાનો છૂપાવીને બેઠેલો મહાસાગર! પોતાની અંદર દિવાકર જેવાને સમાવી લેવાની શક્તિ ધરાવતો સમુદ્ર તેના મનને પ્રસન્ન કરવા માટે પૂરતો હતો

અરે બાપરે તો તો તે નિકુંજને લઈને દસ ફૂટ દૂર ઊભી રહેત. તેને ખૂબ ચિતરી ચડતી સાપોથી, અરે કોઈ પણ પ્રાણીઓથી. અને આલોકને પ્રાણીઓ ખૂબ ગમતા. તેમાં પણ જંગલી પ્રાણીઓ તો તેને ખૂબ પ્રિય. જંગલમાં છૂટા ફરતા સિંહો જોવા, કે દોડતા કૂદતા હરણના ફોટોગ્રાફ લેવા, કે પાણી પીતા કાળિયારની વીડિયો ઉતારવી તેના પ્રિય શોખ હતા. તેમ તો તેને પહાડો પણ ખૂબ જ પ્રિય હતા. ઊંચા ઊંચા આસમાનને આંબતા પહાડો તેને ખૂબ ગમતા. તે તેને પ્રેરણા આપતા, તેના જેવા ઉત્તુંગ બનીને અડીખમ ઊભા રહેવાની. તેણે હંમેશાં ઊંચાઇને આંબવાનો પ્રયાસ કર્યા કર્યો હતો.

પણ અનિતાને પહાડો જરા પણ ના ગમતા. તેને ઊંચાઇનો ડર લાગતો અને તે કહેતી, આ પહાડો વર્ષોથી આમ અડીખમ સૂમસામ ઊભા છે તે કેવળ સ્થિરતાનું પ્રતીક માત્ર છે. સંવેદનવિહિન સાવ પથ્થરો.

અનિતાને તો દરિયો ગમતો. ઘૂઘવાટ કરતો, પોતાના પેટાળમાં અસંખ્ય રહસ્યો અને ખજાનો છૂપાવીને બેઠેલો મહાસાગર! પોતાની અંદર દિવાકર જેવા દિવાકરને સમાવી લેવાની શક્તિ ધરાવતો સમુદ્ર તેના મનને પ્રસન્ન કરવા માટે પૂરતો હતો.

ક્યાં સમુદ્ર અને ક્યાં પહાડો! તેના મુખ પર ફરી આછું મ્લાન સ્મિત ફરક્યું. વાત ફક્ત આટલી જ ન હતી.શરૂઆતના દિવસોમાં તે ખૂબ ખુશ રહેતી. તે ધીમે ધીમે શહેરમાં ગોઠવાઇ ગઈ હતી. તેને ત્યાંની શાળામાં શિક્ષિકાની નોકરી પણ મળી ગઈ હતી અને તે પણ તેની ડિગ્રી અને તેની કાબેલિયતના જોરે. નોકરી મેળવવા માટે તેણે લાંચ નહોતી આપી અને તેને તેનો ગર્વ હતો. તે ઘણીવાર અમોલની આગળ તે વાત કાઢતી ત્યારે તે કહેતો,

"યુ આર વેરી લકી માય ડીયર, તને તો મળી જ જાયને. તારા કારણે તો મને પણ જોને લીલા લહેર છે."

તે હસી દેતી પણ આ લીલા લહેરનું સાચું કારણ અનિતાને ગયા વર્ષની દિવાળી દરમિયાન સમજમાં આવેલું.

રાતના જમીને હજી ઊભા થાય છે ત્યારે જ ઘરની બેલ વાગે છે અને એક આગંતુક,

"સાહેબ છે કે ઘરે?" પૂછતા ઘરમાં દાખલ થાય છે.

અમોલને જોતા જ નમસ્કાર કરીને કહે, "આ લો સાહેબ અમારા સરે બાળકો માટે મીઠાઇ મોકલાવી છે.

બસ ઈરિગેશનનો પ્રોજેક્ટ ઉપર સુધી પહોંચાડી દો. આવા બીજા ચાર મીઠાઇના બોક્ષ તૈયાર જ છે." અને ખંધું હસતા હસતા બોલેલો, "હવે વિદાય લઉં."

ભાભીજી નમસ્કાર.

તેના ગયા બાદ બોક્ષ ખોલ્યું તો તેમાંથી પચાસ પચાસ હજારના બે બંડલ બહાર નીકળી પડ્યા અને અનિતાની આંખો અને અવાજ ફાટી ગયા...

"અમોલ તું લાંચ લે છે?"

"કમોન અનિતા આને ફી કહેવાય લાંચ નહીં. સરકારી ખાતાઓમાં સાવ ગોકળગતિએ કામ થતું હોય છે. કોઈને કશી ઉતાવળ હોતી નથી. ફાઇલો તેની જગ્યાએથી મહિનાઓ સુધી હલતી નથી. મારા જેવા કામઢા માનવીને સાવ આમ આરામ કરવો ગમે નહીં. કામ પૂરું કરવા અને નવા નવા કામોમાં હું સતત રત રહું છું, તેને કારણે જ આપણે આટલા ઊંચે આવી શક્યા છીએ."

"મારી પાસે આવનારને ખાત્રી જ હોય કે આપણું કામ પૂરું થઈ જ જશે."

તે થોડા ગર્વથી હસ્યો અને અનિતાની કમરે હાથ વીંટાળતા તેને નજીક ખેંચી અને કહ્યું,

''આ દિવાળીએ આપણે તારા માટે હીરાના ઈયરિંગ્સ લઈશું.''

પણ અનિતાએ તેના હાથને છોડાવતા ગુસ્સાથી નાકના ફોયણા ફુલાવતા કહ્યું,

''મને ખબર ન હતી અમોલ કે તું આ રીતે ઊંચાઈને આંબી રહ્યો છે. ના ખપે મને તારી આ કમાઈના ઈયરિંગ્સ કે કશું પણ''

અને તે ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી હતી. બંને બાળકો, માને રડતી જોઈ ગભરાઈ ગયા હતા અને તેઓ પણ સાથે જ રડવા લાગ્યા હતા.

આ જોઈને અમોલે ત્યારે અનિતાને ગમે તેવું સમાધાન કરી લીધું હતું અને હવેથી પગાર સિવાયની કમાઈનું નહીં વિચારે તેવો વિશ્વાસ તેને આપ્યો હતો. અને ત્યાર બાદ જ અનિતાનું રૂદન અટક્યું હતું.

''પપ્પા, ચાલોને બધા બસમાં ચડવા લાગ્યા આપણે રહી જશું અને બસ ઉપડી જશે તો? ચાલો જલદી.''

નિકુંજે અમોલનો હાથ ખેંચવા માંડ્યો.

તેણે નિકુંજને તેડી લીધો અને બસમાં ચડીને તેને તેની સીટ પર બેસાડી દીધો. સાપ ચાલી ગયો હતો અને ડ્રાઈવરે બસ સ્ટાર્ટ કરી દીધી હતી પણ અમોલના મન પરનો ભાર હળવો ના થયો. તેણે નિકુંજને બારી પાસે બેસાડી દીધો અને તે સીટ પર માથું ઢાળીને આંખો બંધ કરીને વિચારોમાં ગરકાવ થઈ ગયો.

જ્યારે અનિતાને ખ્યાલ આવ્યો કે અમોલે કરેલું પ્રોમિસ સાવ પોકળ હતું તે ખૂબ નારાજ થઈ.

તેની નજરમાં જીવાતા જીવનનું મૂલ્ય ખૂબ ઊચું હતું. તે માનતી કે આપણા અંતરાત્માને કદી અફસોસ થાય તેવું કાર્ય ના જ કરવું જોઈએ. આપણો આત્મા ડંખે અને જીવતર બોજો બની જાય તેવી પરિસ્થિતિ લાવવી જ ના જોઈએ.

પછી તમને જિંદગી ભૂલ સુધારવાનો મોકો ના પણ આપે.

તે ખૂબ સમજાવતી અમોલને પણ અમોલ તેને કહેતો, ''ફક્ત સિદ્ધાંતવાદી વાતોથી કાંઈ વળતું નથી હોતું. જમાના પ્રમાણે ના ચાલીયે તો ફેંકાઈ જ જઈએ. અને તે જે ક્ષેત્રમાં કામ કરતો હતો ત્યાં તો કામ આ રીતે જ ચાલતું.

વગર માંગ્યે લોકો કામની ફાઈલો આગળ વધારવા સહજ રીતે સામેથી પૈસા આપી જતા અને આવેલી લક્ષ્મીને નકારે તેટલો મૂર્ખ તો તે ન જ હતો. તેણે પૈસાની ઘણી પરવશતા જોઈ હતી. અને સરકારી કાર્યાલયોમાં તો આ જ શિરસ્તો હતો, પૈસા આપો અને કામ કઢાવો. બધાં જ એ રીતે ટેવાઈ ગયાં હતાં. આપવાવાળા અને લેવાવાળા પણ.

ભ્રષ્ટાચાર લોકોની નસ નસમાં વ્યાપી ગયો હતો. અરે સરકારી કાર્યાલયો જ શું કામ દરેકે દરેક સંસ્થાઓ પછી તે શિક્ષણ સંસ્થા હોય કે દેવ સંસ્થાન. અરે એક એક માણસ સુદ્ધાં તેની લપેટમાં આવી ચૂકેલ છે. નાનકડા પિયૂનથી લઈને રિક્ષાવાળા હોય કે શાકભાજીવાળા કે પછી જીવનરક્ષક દવાઓ બનાવવાવાળા હોય કે અદનો કારકૂન. બધી જ અને બધાંની જીવન વ્યવસ્થા તે રીતે જ ગોઠવાઈ ગયેલી હતી.

તે કેટલીયે વાર અનિતા સાથે આ બાબતની દલીલ કરીને માથાકૂટો કરી ચૂક્યો હતો પણ તે કહેતી, ''કોઈએ તો પહેલ કરવી જ રહી. બીજાઓ જે કરે તે ભલે કરે, પણ આપણે તો એ કીચડથી ના જ ખરડાઈએ.''

રોજ રોજના ઝગડાઓથી તંગ આવેલા અમોલે ઘરે મોડા આવવા માંડ્યું, સવારે વહેલા જવા માંડ્યું. અનિતા સાથે ખપ પૂરતી જ વાત કરવા માંડી. પણ આમ કેટલો સમય ચાલે?

અને ચાર દિવસ પહેલા અનિતા નાની ચબરખીમાં પોતે હવે અમોલ સાથે રહીને આ રીતે માનસિક બોજો લઈને નહીં જ જીવી શકે. એવું લખીને બંને બાળકોને લઈને તેના પિતાના ઘરે ચાલી ગઈ.

અમોલે તેની આ હરકતને નાદાની સમજી.

પણ બીજા દિવસની સવારથી જ તેને અનિતાની ગેરહાજરીનો અહેસાસ થવા લાગ્યો. સવારના ઊઠતા જ તેનાથી આદતવશ બૂમ પડાઈ ગઈ, ''અનિતા મારી ચા ક્યાં?'' અને તેને ભાન થયું અનિતા તેના રોજિંદા જીવનમાં કેટલી વણાઈ ગઈ હતી. સૂનું ઘર તેને ખાવા ધાયું. તે તુંરત જ અનિતાને પાછી લાવવા ગયો પણ અનિતા મક્કમ રહી. તેણે જોયું કે આખા એક વર્ષ દરમિયાન પણ અમોલમાં કોઈ ફેરફાર નહોતો થયો, તો હવે તે શી રીતે તેનો વિશ્વાસ કરે? અમોલ ત્યારે હાજર નિકુંજ જે પપ્પા પપ્પા કરતો તેને વળગી પડ્યો હતો તેને લઈને ઘરે આવ્યો. નિહાર શાળાએ ગયો હતો. અનિતા હવે તેનો વિશ્વાસ કરવા તૈયાર ન હતી.

ઘરે આવ્યા બાદ પળે પળે અમોલને એકલાપણાનો અહેસાસ થવા લાગ્યો. નિકુંજની જવાબદારી, ઘરના રોજિંદા કાર્યો, ઓફિસની ખટપટો અને સૌથી વધારે તો નિકુંજની સારસંભાળ કેવી રીતે કરવી તે જ તેની સમજમાં ના આવતું. આખા ઘરનું મેનેજમેન્ટ કરવાવાળી જતી રહી હતી. સવારના નાસ્તો ચા બનાવે કે ઈસ્ત્રીવાળાને કપડાં આપે? નિકુંજને સ્કૂલ માટે તૈયાર કરે કે આવેલા ફોનના જવાબો આપે? તેને પોતાને ઓફિસે જતા નહાવા માટે પાણી ગરમ કરવાનું ભૂલી જવાય. એક મોજું જ જડે અને બીજા માટે તે આખું ઘર ફેંદી વળે. તેની પરેશાનીનો પાર ના રહ્યો. તેમાં વળી નિકુંજ તેને મમ્મી ક્યારે આવશે તેવા સવાલો પૂછી પૂછીને હેરાન કરે.

ચાર જ દિવસમાં તેને સમજાઈ ગયું કે લાખો રૂપિયા હશે પણ જો અનિતા નહીં હોય તો તેનું જીવન અંધકારમય છે.

પૈસાથી ખુશીઓ નથી ખરીદી શકાતી.

આજથી નિકુંજને શાળામાં દિવાળીની રજાઓ પડી હતી અને તે તેને લઈને દર વર્ષની જેમ મહાબળેશ્વર જઈ રહ્યો હતો.

''પપ્પા મહાબળેશ્વર આવી ગયું જુવો બધાં ઉતરી રહ્યાં છે.''

''હા બેટા'' કહેતા તેણે નિકુંજને તેડી લીધો અને નીચે ઉતર્યો.

હંમેશની તેમની હોટેલમાં તે રોકાયો. જમીને તે બંને થાકને કારણે સૂઈ ગયા. સાંજે તે નિકુંજને નવા કપડાં પહેરાવી ફરવા લઈ ગયો. સાંજે સનસેટ પોંઇટ પર અસ્ત થતા સૂર્યને જોતા તેને લાગ્યું આટલા ઊંચા પહાડો કરતા પણ ક્યાંય ઊંચે રહેલ આ દિવાકર પણ આખરે તો દરિયામાં પોતાને વિલીન જ કરી દે છે ને.

તે જ સત્ય છે.

અચાનક નિકુંજ દોડતો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો, ''પપ્પા મને આ ટોપી લઈ આપોને, જુવોને કેટલી સરસ છે. આવા શેપની ટોપી મેં કોઈ દિવસ નથી પહેરી.'' તેણે તેની સાથે આવેલા ફેરિયાના હાથ સમક્ષ જોયું તો તે ગાંધી ટોપી હતી અને તેના પર લખ્યું હતું ''મૈ અન્ના હું.''

તેણે એક ક્ષણ વિચાર કર્યો અને બે ટોપી ખરીદી લીધી. એક નિકુંજને પહેરાવી અને બીજી પોતે પહેરી અને તે જોઈને નિકુંજ ખુશ થઈને તાળીઓ પાડતા કહેવા લાગ્યો, ''અરે પપ્પા આ ટોપીમાં તમે કેટલા જુદા દેખાઓ છો!''

તેણે સ્મિત કરતા નિકુંજને તેડી લીધો અને તેના ગાલે ચુમી ભરતા કહેવા લાગ્યો,

''તને ગમે છે ને પપ્પા જુદા દેખાયા તે?''

''હાસ્તો માય ડેડી ઇસ ધ બેસ્ટ'' કહેતો અચાનક નિહાર ક્યાંકથી ફૂટી નીકળ્યો અને તેની સાથે અનિતા પણ મરક મરક હસતી પ્રગટ થઈ. તે સાથે જ નિકુંજ 'મમ્મી મમ્મી' કહેતા અમોલના હાથમાંથી છટકીને તેને વળગી પડ્યો અને કહેવા લાગ્યો,

''જોયું અમે તને કેવી સરપ્રાઇસ આપી... કેમ ખરું ને પપ્પા?''


તેણે પપ્પા સામે જોયું ત્યારે અમોલની આંખોમાંથી આંસુના બે બુંદ નીકળી રહ્યા હતા અને અનિતા તેની સામે જોતા જોતા નિકુંજના માથે હાથ ફેરવતી બોલી,

''હા બેટા ખૂબ મોટી સરપ્રાઇઝ''

અને તેની અને અમોલની આંખો સાથે જ હસી રહી. **મ**

---


મમતા વાર્તામાસિક




આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક

## મમતાનું વાર્ષિક લવાજમ ભારતમાં રૂ. ૨૦૦ (૧૨ અંક)

**હવે પછી મનીઓર્ડરથી લવાજમ સ્વીકારાશે નહીં**

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે.** "Mamata Monthly" a/c no. 202020110000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 **આ ફોર્મ ભરી મોકલવાનું સરનામુંઃ રીડર્સ પેરેડાઇઝ ૬ ઉત્સવ રો હાઉસ સાલ હોસ્પિટલ સામે થલતેજ, અમદાવાદ ૩૮૦ ૦૫૨**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ______________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.______________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.

ગ્રાહકનું નામ ______________

વ્યવસાય (સ્વૈચ્છિક) ______________

ફોન ______________ મોબાઇલ ______________

સરનામું ______________

______________

______________ પિન કોડ ______________

# ડૉ. પ્રભુદાસ પટેલ

# ખાખી જીવડાં




*આર્ટ્સ કોલેજ, વડાલીમાં એસો. પ્રોફેસર તરીકે ફરજ બજાવુ છું. મારાં 'સાઠોત્તરી ગુજરાતી - મૌલિક દીર્ઘનાટક' અને 'અરવલ્લીની લોકસંપદા' - બે વિવેચન અને સંશોધનનાં પુસ્તકો પ્રગટ થયાં છે. સાત જેટલી ટૂંકી વાર્તાઓ સામયિકોમાં પ્રગટ થઈ છે. આજ સુધી એક પણ વાર્તાસંગ્રહ પ્રગટ થયો નથી કે નજીકના ભવિષ્યમાં પ્રગટ થનાર નથી.*

***એસો. પ્રોફેસર,***
***આર્ટ્સ કોલેજ, વડાલી***
***મુ. પો. તા. વડાલી***
***જિ. સાબરકાંઠા***
***ફો. ૯૯૭૯૦ ૫૫૯૦૫***


ઝેરી જીવડું ચટકી ગયાની લ્હાય લ્હાય બળતરા, અષાઢી મેહનો ઉકળાટ ને બફારો... ને એ ય ઓછું હોય તેમ, ચોપાડમાંથી ધસી આવતાં ધીમાંધીમાં કાનફુસિયાં! શનુ અકળાઈ. પરસેવે દદળતા શરીરને સાલ્લાના છેડા વતી લૂછતાં લૂછતાં તે બહાર ધસી આવી. પણ પેલાં તો ગાયબ! શનુ મનોમન બબડી ઊઠી : 'આ હાહુ-હહરોય જીવતે જીવ તળવા બેઠાં સે. હાય રે દઝારા! અ..ને એય ચંદુડા હંગાત્યે બેહીને? એ હત્તાં ય કઈ ઘાણીએ પીલવા બેઠાં સે... ઈજ હમજાતું નથ્થ.' શનુના મનમાં કેટલાય સવાલો ઊગી નીકળ્યા : 'સેલ્લા તૈણ દા'ડાથી ઈયાંની વચ્ચે શ્યું રંધાઈ રેયું અશે ? ને ઈ યે ઈ ગોલરા હંગાત્યે? પોતાનાથી છાનું એવું તે શ્યું અશે વળી? ઈ તૈણે ક્યાંક પોતાના વિશે તો કંઈ...? ને આગળનો વિચાર કરતાં જ તેને હલબલાટી થઈ આવી. 'આજ તો ઈયાંના મનની વાત પામીને જ રેવું સે' - એવા નિશ્ચય સાથે શનુ વાડાના ઝાંપા પાસે દોડી આવી. તેણે ઝાંપો ખોલ્યોય ખરો, પણ જેવો મકાઈમાં પેસવા પગ ઉપાડ્યો ત્યાં તો ખાખી જીવડાંની લ્હાય લ્હાય બળતરાની યાદે તે પાછી ધકેલાઈ પડી. પછી તો તે ચોપાડમાં આવી ત્યારે જ તેને જંપ પડ્યો.

પાં....ણ ઈ તૈણે જણાં....? ઊભી થઈ ગયેલી શનુએ દૂરદૂર... ધારીધારીને જોયું પણ નજર પાછી પડી. દૂર દૂર લીલીછમ્મ મગરીઓમાં ટૂંટિયું વાળીને બેઠેલાં ખોલેરાંય શનુને તો કાતરિયાં કાઢી કાઢીને જોતાં હોય તેવું થઈ આવ્યું. બપોરી વેળામાંય કશીય અવરજવર વર્તાતી નહોતી. હાયઉકાળા, ચિંતા, ઉચાટ, અકળામણ, કૈંક અંશે ગુસ્સો... ને એમાં વળી વરસાદ ગાજ્યો. ને શનુની દાઝ તેના પર ઉતરી આવી :

'આ યે રાંડનો બાફવા જ બેઠો સે. વરહતો યે નથ્થ કે પત્તરે નથ્થ મેલતો.' કહેતાં પાછી બેસી પડી. પણ જરાય ચેન પડે તો ને? એ ત્રણેય જણાંની, ત્રણેક દહાડાઓની હરકતોએ એવો કાંકરીચાળો કર્યો હતો કે, શનુના મનમાં તરંગ ઉપર તરંગો... કૂંડાળા પર કૂંડાળાં રચાયે ગયાં : 'પાંણ શ્યું અશે? એ તૈણે જણાં ક્યાં ગરક થેઈ ગ્યાં? ઉં ઈમને નડતી ઓઉં એવું તે શ્યું? પરભુડો જીવતો ઓત તો ઓત કાંય ચંત્યા? ઓમ એકલી એકલીને દૂઝવાના દા'ડા તો...! ચંદુડો, વેરી તો પરભુડો જીવતો'તો તઈ હુધી તો કેવો મૂંગોમંતર થેઈને? પાંણ હવે? ધારીધારીને કાતરિયાં... ક્યાંક હાહુ-હહરોય એની લપેટમાં તો ન આઈ જાયને? ને આવા પ્રશ્ન-તરંગોમાં જ બપોરી વેળા તો ક્યાંય પસાર થઈ ગયેલી. ગોમલી પડખે આવીને ક્યારે બેઠી, શનુને તેની યે સરત નહોતી. 'શનુ, શ્યું વચારમાં ખોવાઈ ગ્યેલી સો?' ગોમીના ઊંચા અવાજે શનુ ઝબકી ગયેલી. પછી તો હરખ હરખ ગોમલીએ વાતનો છેડો જ એવો પકડ્યો કે શનુ જાણે ડોળાથી સાંભળતી હોય તેવી મુદ્રામાં તાકી રહી. ને ગોમી, 'લ્યો શનુ, ઉં જંવ્સું ત્યારે' એમ કહીને ગઈ એનું યે શનુને તો ભાન જ ક્યાં હતું! તે તો પોતાના ખોળિયા સાથે જ મંડી ગઈ'તી. 'શ્યું કીધું ગોમલીએ? આજે કટમ્બીઓ છેડાગાંઠ કરવા બેઠા સે ઈમ? મારી છેડાગાંઠ? નાતરું? ને ઈયે ઈ ગોલરા હંગાત્યે? હંઅ, એટલા હાટૂ જ કાનફુસિયાં! પાં...ણ મને

પૂશ્યા વ'ના? જીબ્બાનું તો મારે સે કે ઈયાંએ? શ્યું કોમ દૂબળીને પાટું મેલવા તિયાર થ્યાં અશે? મેં તો એક વારકી છેડાગાંઠ કરી એ કરી. વારે વારે શ્યેની? ઓ ધરતી માઈ.'

-ને સહજપણે જ તેનો હાથ પેટ ઉપર જતાં ભડકી જઈને- 'નઈ...નઈ... જો જો એવું અનરથ વચારી બેહતાં. ઉ પરભુના નોમનું હાવ નાઈ-નચોવીને નથ્થ બેઠી. ઈનો વસ્તાર મારા...

અને પેટને પંપાળી નાખતાં, 'ઉ બીજે નઈ જાઉં... ઉં નાતરું નઈ કરું' કહેતાં પોક મૂકી.

છાની રહી ગયેલી શનુ મથીને સ્વસ્થ થાય તે પહેલાં તો સવાલો ફરી સળવળ્યા :

'શનુ, કટમ્બીઓ તો હત્તેય એવા જ! પેલી હલવીનો જ વચાર કરને! કટમ્બે તો ઈને ઈના જ દેવર હંગાત્યે ગાંગરતા ઊંટની પેઠમ પલાણી દીધેલી. ઈને કટમ્બે ક્યાં પૂશ્યું'તું? ને ઈના પૂંઠેની હવલીની ગત્ય તો તું યે ક્યાં નથ્થ જાણતી? તારું યે એવું થ્યુ તો?'

- ને શનુની નજર સામે સવલી રમી આવી.

ઘાતકી કાગડાઓમાં ઘેરાયેલી નિર્દોષ ઊંદરડી! ઊભી મગરીએ આળોટતી... ઠેબાતી... પીટાતી ચીહાચીહ હવલી... 'બોલ રંડી, કેના પેટનું પાપ? બોલ, બોલ... લે'

'શનુ, પાંણ હવે શ્યું?' ના સવાલે શનુમાં સળવળાટ વ્યાપી ગયો. કશુંય સૂઝતું નહોતું. પણ મનનાં ખૂણેથી કોઈએ જાણે ઉશ્કેરી : 'શનુ, જોઈ શું રેઈસો? મૂંઢામાં પથરા ભર્યા સે? ઈયાંની વચ્ચે ધહી જા. ને ચોક્કે ચોક્કું હંભળાઈ દે'કે મારે બીજે મનખો નથ્થ માંડવો.'

પણ તેના અવાજને દબાવી દેનારુંય કોક જાણે માંહ્ય જ લપાઈને બેઠું'તું. તેણે દલીલ કરી : 'શનુ, તારા આદમીને ખૂટ્યે કેટલા મઈના થ્યા? તૈણ કે વધારે કઈ? ને તું જઈને કટમ્બના આદમીઓમાં બેહીશ, ઈમ? લાજ જેવું કાંય સે કે નઈ? કે પસે ગિરવે મેલી કે શ્યું?' શનુ પરસેવે લથપથ થઈ ગઈ. પછી તો શનુ જાણે ઊંડાં પાણીમાં ડૂબ્યે ગઈ... ડૂબ્યે જ ગઈ. જયાં અંધારાં ઉપર અંધારાં જાતાં'તાં. ને બધાય અવાજો શમવા માંડ્યા'તા.

કુટુંબનાં બૈરાં આવ્યાં ને શનુની હાલત જોઈ ત્યારે ગભરાયાં. શનુની સાસુએ ઝંઝેડી નાખી. તોય 'અલી કાંય કરો' કહેતાં સાસુ રોઈ પડી ત્યારે ઝપાટો આવ્યો. કોઈ શેક કરવામાં... કોઈ હાથ-પગ મસળવામાં તો કોઈ પાણી ટોવામાં લાગી પડ્યું. ખાસ્સું મથ્યા પછી શનુ ભાનમાં આવી ત્યારે સૌના જીવમાં જીવ આવ્યો જાણે! પરંતુ શનુને સમજવાની તસ્દી તો હતી જ કોને? બૈરાં તો પાછાં ખિખલી કરતાં, તક સાધવામાં લાગી પડ્યાં.

'બાઈ, આપડો તે કાંય અવતાર સે? ના, ના આપડાથી આદમી પેઠમ કાંય એકલાં જીવાય? કે જો...'

'અરે બૂન, બાવળિયાના ઠૂંઠા પેઠમ તો દા'ડા વળતા અશે વળી?'

'એ તો કટમ્બ હારું સે શનુને ઘરમાંને ઘરમાં... કાકાઈ ભઈ તે કાંય ઓછો પારકો કે' વાય?'

'હોવ્વે બૂન, હાવ હાચ્યું. માઈ-બાપ વ'નાના ચંદુ ભૈ ને ગલાકાકાએ પનારો આલ્યો. દીકરાની પેઠ્યે જ મોટો કર્યો. પરભુ ને એ બેયો હરખા.'

'પાંણ બચારા બેયોનાં કરમ ફૂટ્યાં! એક તો પોતે જ... ને બીજાનું બૈરું'

'પાંણ કટમ્બીઓએ કેવો હારો મેળ બેહાડ્યો? ચંદુ ભૈ તો ઘહીને ના પાડતા'તા. પાંણ કટમ્બીઓની વાત ઠેલાય? બેયાં હમદખિયાં વસ્તાર માંડે. ઈમાં ખોટું શ્યું?'

શનુનું ચાલ્યું હોત તો આ દોઢડાહીઓની જીભ જ ખેંચી લીધી હોત. પણ કરે શું? ઘવાયેલી વાઘણ કસાઈઓના ટોળાથી ઘેરાઈ પડી હતી. ભય ને લાચારીએ શનુની હિંમતને બે આનીની કરી મૂકી'તી. બાકી મેળામાં એલફેલ બોલીને મશ્કરી



કરનાર સિપાઈને છૂટા હાથે ચંપલ ઠોકી દેનારી શનુ એમ જ કંઈ શાંત પડી રહે ખરી? તેનું ગળું સૂકાઈ ગયું'તું. જીભમાં કળ વરતાતી નહોતી. નિરાશ-નર્વસ શનુએ ધરતીમાતાના ડુંગર ભણી જોયું. ને તેનું હૈયું બોલી ઊઠ્યું : 'ઓ ધરતી મા! ઉતારી માનતાઓ મોની મોની ને, તારી હામ્મેજ પરભુની થેઈ'તી. ને તે ભરૂસો તોડ્યો માઈ?'

શનુના મનમાં એ પ્રસંગ ફરકી ગયો.

:

મેળામાંથી ભાગી છૂટ્યા પછી પહેલ વહેલો પરભુ તેને ધરતીમાતાના થાનકે લઈ આવેલો. ને પછી –

'એઇ મા! પેલ પેલ્લાં તારા જ દુવારે આયાં શીએ. રખવાળાં કરજો મા!'

'એઇ મા! પરભુ હંગાત્યે જલમોજલમ રે'વાનું હખ દેજો.'

**શનુ, પાંણ હવે શ્યું?' ના સવાલે શનુમાં સળવળાટ વ્યાપી ગયો. કશુંય સૂઝતું નહોતું. મનનાં ખૂણેથી કોઈએ જાણે ઉશ્કેરી : 'શનુ, જોઈ શું રેઈસો? મૂંઢામાં પથરા ભર્યા? ઈયાંની વચ્ચે ઘહી જા. ને ચોક્કું હંભળાઈ દે'કે મારે બીજે મનખો નથ્થ માંડવો.'**

શનુની આંખો ભરાઈ આવી. ને મોઢું અવળું ફેરવતાં જ તેનાથી બોલી પડાયું : 'તારી નજર હામ્મે જ ઉં લૂંટાઈ ગઈ... ને તે શ્યું રખવાળા રાખ્યાં માઈ? તું સોનીસપ્પ થેઈને જોતી જ રેઈ?'

'અલી રાંડો તાકી શ્યું રેઈ સો? આ તો બીજું જ કોક સે' – એક જણીની તાતી ટકોરે ફાટી આંખે જોઈ રહેલાં બૈરામાં સળવળાટી મચી. કોઈ સૂકાં મરચાં... કોઈ દેવતા... તો કોઈ વળી અગરબત્તી... એક તરફ શનુના વળગાડનો ઉપચાર થઈ રહ્યો'તો. પણ એ પહેલાં તો શનુ જાણે બીજી જ દુનિયામાં ખોવાઈ ગયેલી!

કપાળમાં શોભતો લાલ લાલ ફેંટો ને કેડમાં ખણખણતા ઘૂઘરા... ઢોલના તાલ, ને પરભુના ઠમકે... લેજિમના ઝિમઝિમાટે ઝૂમી ઊઠેલી પોતે...

બેહોશ દશામાંય શનુના મોઢા પર ખુશી તગતગી ઊઠી, પણ તે સ્થિતિ વધુ ટકે ત્યાં તો તેની સિકલ પર ભય છવાઈ ગયો. થોડી ચીસાચીસ પછી તે પરભુને પોરસાવતા સૂરે કહેવા માંડી : 'પરભુ, આ ગોલરા ને ફૂટ... ઈનું માથું ખાંડી નાખ.'

ધૂપ કરવા મથી રહેલાં બૈરાંય અટકી જઈને, શનુને જોતાં જ રહી ગયેલાં. હવે શનુ જાણે છાજિયાં લેતી હોય તેમ છાતી ને ઢીચણ કૂટવા માંડી અને 'ઓ પરભુ, દારૂ પાઈને નકી... નકી એ ગોલરાએ જ તને.' કહેતાં પોક મૂકીને રડી પડી. જેવું મરચું ધૂપના ગોટેગોટા થઈને નાક-આંખને સ્પર્શ્યું કે શનુને ખુન્નસ સવાર થઈ બેઠું હોય તેમ, તે હાથ પછાડવા માંડી. અને ખૂં... ખૂં... ખૂં... કરતાં 'ઓ આઈ રે' કહેતાં ઊભી થઈ ગઈ. એ જ સમયે ક્યારથીય ઝાંપાની બહારથી તમાશો જોઈ રહેલા પુરુષો એક એક કરતા વાડામાં આવવા માંડેલા. શનુએ પુરુષોને જોયા કે, ઉકળતી કઢાઈમાં જાણે કે પાણીના છાંટા પડ્યા! શનુએ 'તમાંને અંગારીયું લેઈ જાય... હાહરા રાખ્ખસો... તળવા બેઠાસો?' કહેતાં જ દાંતિયું કર્યું અને 'નઈ... નઈ'ની ચીહ કરતાં ભોંય પર ઢગલો થઈ ગઈ. તેની પાસે કોઈ જ ન ગયું. થોડીવારે કળ વળતાં શનુ આપોઆપ જ બેઠી થઈ ગઈ. તે ડુંગર સામે એવી રીતે તાકી રહી, જાણે ત્રાટક ન કરતી હોય! એકાદ પળ એ રીતે વીતી, ત્યાર પછી તો શનુએ જાણે જુદું જ કંઈક જોયું ને અનુભવ્યું હોય તેમ વર્તન કરવા માંડી. તેને ડુંગરની પહાડીઓ તરફથી હણણંણં... કરતો અવાજ સંભળાયો. જાણે હજારો ગોફણોમાંથી એક સાથે પથ્થરો છૂટી આવતા ન હોય! ચોંકી ઊઠેલી શનુની આંખો લાલઘૂમ થઈ ગઈ. અને આ શું? તેની નજર સામે ધાણી પપડતી હોય તેમ, તડતડ ઊડાઊડ ખાખી જીવડાં! ઝૂંડનાં ઝૂંડ... શનુએ માથું ઢીંચણોમાં સંતાડી દીધું. જીવડાંના થરના થર... થરના થર... પોતાના પર! ઊભી થવા પ્રયત્ન કરતી શનુ ઢીંચણ અઢેલીને નીચે તાકી રહી. થોડીવારે જાણે શરીરે કકળતું તેલ રેડાયું! 'ઓ બળી ગઈ... ઓ બાળી નાંખે રે.'નો ચિત્કાર કરતી શનુ ઘરમાં ધસી ગઈ. બે-ત્રણ પુરુષોએ અંદર જવા હિંમત દાખવી. પણ એ પહેલાં તો કાળઝાળ શનુ સળગતા ઘાસના પૂળા સાથે! 'શનુ...શનુ'ની બૂમો ને હાકોટા જાણે નળિયાંને ઉડાડતા સીમમાં ફેલાઈ ગયા. પણ આજે ગણકારે તો શનુ શેની? તેણે આગપૂળો દીવાલો ને ખૂણાઓમાં આમતેમ ઝંઝેડવા માંડ્યો. તે ઓચિંતી જ આગપૂળો ઝંઝેડતી શનુ 'એ જીવડાંને બાળો... એ જીવડાંને બાળી નાંખો'ની ચીસ સાથે પુરુષોમાં ધસી કે હબકી ગયેલા પુરુષો મકાઈમાં આગ ઝરતા બિહામણા રૂપમાં મહાકાળી જાણે જંગ જીતીને પોતાના થાનકે જઈ રહ્યાં હોય તેમ, ડુંગર તરફ જઈ રહેલી શનુના 'એ જીવડાં નાઠાં... એ જીવડાંને બાળો'ના અવાજો ક્યાંય સુધી પડઘાતા રહ્યા. ને મકાઈમાં હફહફી ગયેલી દશામાંય એ તરફ ડોકું કાઢી કાઢીને જોઈ લેતાં જીવડાંએ રાહતનો દમ લીધો! **મ**



વરિષ્ઠ પત્રકાર, મરાઠી લેખક તેમજ ચિત્રકાર પ્રકાશ જોશીની વાર્તાઓ 'હંસ', 'સાધના', 'મનોહર' વગેરે સામિયકોમાં અવારનવાર પ્રકાશિત થાય છે. તેમના "મેત્રિણીચી ગોષ્ટ" અને "ગેટ વે" નામના બે વાર્તાસંગ્રહો પણ પ્રકાશિત થયા છે. તેમના પેઇન્ટિંગનાં પ્રદર્શન ભારત તેમજ લાસવિગાસ (અમેરિકા), લિસ્બન (પોર્ટુગલ) તથા નોર્વેમાં ભરાયાં છે. હાલમાં જ 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માંથી નિવૃત્ત થયા છે.


**વાર્તા સંકલન અને મરાઠીમાંથી અનુવાદ**
**લલિતકુમાર શાહ**
**ફ્લેટ નં. ૭, ધ્રાચી સોસા.**
**૯૦ ફીટ રોડ (નાથ પૈ માર્ગ)**
**ઘાટકોપર (પૂર્વ)**
**મુંબઈ-૪૦૦ ૦૭૭**
**ફો. ૨૫૦૬૨૯૦૪/૦૫**
**૯૮૨૧૧ ૨૨૩૬૧**

## પ્રકાશ બાળ જોશી

# સામેની બારીમાં બેઠેલો તે

ઓફિસે જવા નીકળું છું કે આપોઆપ મારી નજર ઉપર જાય છે. હું રહું છું એની બાજુના મકાનમાં તે પાંચમા માળની બારીમાં બેઠો હોય છે. શાંતિથી ત્યાંથી પસાર થતા લોકોને જોતો રહે છે. સવારે સાતથી બાર વાગ્યા સુધી તથા સાંજે સાતથી રાતના અગિયાર વાગ્યા સુધી બારીમાં બેસવાનો તેનો સમય છે, આ હું સારી રીતે જાણું છું.

આમ તો ખાસ તેની તરફ ધ્યાન જાય એવું કંઈ નથી. પણ નાનપણથી મોટો થતા તેને મેં જોયો છે. તેથી જ રોજ મારું ધ્યાન તેના તરફ અનાયાસે જાય છે. બીજા કોઈની નજર ત્યાં જતી હોય એવું લાગતું નથી, કારણ એટલે ઉપર જોવાનો કોઈ શા માટે પ્રયત્ન કરે. હા, તે ભસતો પણ નથી. માણસો તરફ જોઈને ભસતો નથી. કૂતરાંઓ તરફ જોઈને ભસતો નથી. ખેર, માણસ નહીં, કૂતરો નહીં આખરે બીજાં પ્રાણીઓને જોઈને તો ભસતો હશે એમ લાગ્યું. રસ્તામાં ગાયો-ભેંસો હોય છે, પણ તેને મેં ક્યારેય ભસતા નથી જોયો. એક દિવસ રીંછવાળો આવ્યો, રવિવારનો દિવસ હતો. રીંછના નાકની દોરી ખેંચીને તેણે તેને અનેક ઉલ્ટા કૂદકા મરાવ્યા. ગિરદી વધવા લાગી. ગલીના કૂતરાંઓએ જોરથી રડવાનું શરૂ કર્યું. કૂતરાંઓ રડતાં રડતાં દૂર ભાગતા હતા. પેલો કૂતરો તો પાંચમા માળાની બારીમાં બેઠો નિર્ભય બનીને જોયા કરતો



હતો - જાણે કે નીચે શું થઈ રહ્યું છે તેની સાથે તેને કોઈ સંબંધ જ ન હોય. એ ઘરમાં રહેલાં લોકો બાજુની બારીમાંથી નીચે જોઈ રહ્યાં હતાં તે સૌ કંટાળીને અંદર ચાલ્યાં ગયાં, પણ તે તો પોતાની જગ્યા પર બેસી જ રહ્યો.

ખુરસીમાં બેઠો હોય તેમ તે બેસતો હતો. તેને આવી રીતે બેસવા માટે ખાસ સ્ટૂલ કે ખુરસી બનાવવામાં આવી હશે. એ સિવાય બારીની બહાર માથું કાઢીને રસ્તા ઉપર આવતા-જતા લોકો ઉપર પહેરો દેતો તે બેઠો ન હોત. બારી પૂર્ણ રીતે ખુલ્લી છે, જાળી કે કોઈ અવરોધ નથી. ઊભો રહે તો બારીના અર્ધા ભાગ સુધી પહોંચી જાય એમ હતું, ઇચ્છે તો તે નીચે કૂદી શકે તેમ હતું. પણ આવો વિચાર પણ કોઈ દિવસ તેના મનમાં આવતો હશે એવું લાગતું નથી.

સવારે માલકણ તેને લઈને બહાર આવતી. કૂતરાંઓ ભસવાનું શરૂ કરતા. તે પણ સામે ભસતો હતો. માલકણ જોરથી તેની પીઠ પર પેલી છડી વડે પ્રહાર કરવાનું શરૂ કરી દેતી. તે ફક્ત ઊંહકારા કરતો કરતો શરીર સંકોચી લેવાનો પ્રયાસ કરતો.

તેને બહાર ફરવા લઈ જવાનો સમય નક્કી કરેલો છે. રાત્રે અગિયાર વાગ્યે તે નીચે આવે છે. તેનો માલિક તેની સાથે હોય છે. માલિકની સાથે તે આંટા મારે છે. સાંકળ વડે તેના ગળાનો પટ્ટો બાંધેલો હોય છે. ન ચીસો પાડવી કે ન તો ખેંચતાણ કરવી... માલિકની ચાલવાની ગતિ સાથે પોતાની ગતિ મેળવતો તેની સાથે ચાલ્યા કરે છે. રસ્તા ઉપર બે-ત્રણ ચક્કર માર્યા બાદ ફરી તે લિફ્ટમાં પાંચમે માળે પહોંચી જાય છે. સવારે સાડા સાત વાગ્યે તેની પ્રભાત ફેરી શરૂ થાય છે. એ વખતે માલકણ સાથે હોય છે. તે એક-બે ચક્કર લગાવે છે. ફરી વખત લિફ્ટ વાટે પાંચમો માળ અને પેલી બારી... આ ક્રમમાં કોઈ ફરક નથી પડતો. કોઈ કોઈ વખત સ્કૂલમાં ભણતો દીકરો રવિવારના દિવસે થોડેક દૂર મેદાનમાં ફરવા લઈ જાય છે, તો પણ ખેંચતાણ નહીં.

એકદમ નાનો હતો ત્યારથી તેનો આ રોજનો ક્રમ ચાલુ છે. જોતજોતામાં તેના કદ અને ઊંચાઈ-બન્નેમાં વૃદ્ધિ થવા લાગી. નવા નવા રંગીન પટ્ટા તેના ગળામાં ચમકવા લાગ્યા. સફેદ દૂધ જેવા શરીર પર ગાઢા રંગનાં ટપકાં, કાન ઉપર ઢળી પડતા લાંબા વાળ અને ભરાવદાર પૂંછડી. આ પુચ્છ કાપવામાં આવશે એવું મને લાગતું હતું, કારણ કે કૂતરાની પુચ્છ કાપવાની આજકાલ ફેશન છે. અમારા બિલ્ડિંગમાં એક નસલના કૂતરાંઓની પૂંછડી કપાવવામાં આવે છે, એ જોઈને બાજુની બિલ્ડિંગના લોકોએ પોતાના કૂતરાંઓની પૂંછડી કપાવી. નાનો હોય ત્યારે કાપી હોય તો વધુ તકલીફ થાય નહીં, પરંતુ મોટા કૂતરાંઓની પુચ્છ કાપતી વખતે શું થતું હશે કોને ખબર? કૂતરાંઓની પુચ્છ કાપવાવાળા ડોક્ટર વિશેષજ્ઞ હોય છે.

તેને બહાર કઢાય છે ત્યારે રસ્તા ઉપરના કૂતરાંઓ શોર મચાવવાનું શરૂ કરે છે. તેની પાછળ લાગે છે. તેના માલિકના હાથમાં છડી રહેવાથી તેના વડે એ પેલા કૂતરાંઓને મારતો હતો. બીજા કૂતરાંઓ કદી પણ તેની નજીક જઈ ન શક્યાં, લડવા માટે કે દોસ્તી કરવા. કેટલાંક દિવસો પછી ગલીના કૂતરાંઓ તેનાથી ટેવાઈ ગયા. તેઓ આ કૂતરા તરફ બેદરકાર બની ગયા, તેના તરફ જોવાનું સુદ્ધાં ટાળવા લાગ્યા. શરૂઆતમાં તે બીજા કૂતરાંઓને પ્રતિસાદ દેતો હતો. સવારે માલકણ તેને લઈને બહાર આવતી હતી. કૂતરાંઓ ભસવાનું શરૂ કરતા. તે પણ સામે ભસતો હતો. માલકણ જોરથી તેની પીઠ પર પેલી છડી વડે પ્રહાર કરવાનું શરૂ કરી દેતી. તે ફક્ત ઊંહકારા કરતો કરતો શરીર સંકોચી લેવાનો પ્રયાસ કરતો. તેની ચીસો બંધ થઈ જતી. મનમાં ને મનમાં દુઃખનો ગુસ્સો કે ક્ષોભ દબાવી દેનાર માણસની માફક તે ચૂપ થઈ જતો. તેનું દુઃખ કોઈ સમજી શકતું ન હતું, પણ એક વાત તો સાબિત થતી જ હતી કે તે મૂંગો ન હતો.

એક જ સવાલ મને મૂંઝવી રહ્યો છે. ઘરે આવતા અજાણ્યા વ્યક્તિઓની સામે પણ તે ભસતો હશે શું? મને ખબર નથી, કારણ કે માલિક અને માલકણ સાથે મારે ઓળખાણ નથી. અને આ કારણે હું તેમને ત્યાં ગયો નથી. તેમ છતાં એક દિવસે પાંચમે માળે પહોંચી જઈને એમના ફ્લેટની બેલ વગાડવાની ઇચ્છા થાય છે. જ્યાં માણસોને રહેવા જગ્યા નથી, ત્યાં ભીડભર્યા ઘરમાં કૂતરા પાળવાવાળા માણસોની ખોટ નથી અને એ પણ રસ્તામાં છોડી દેવાયેલા નકામા કૂતરાંઓને. એમાંના પાગલ કેટલાં છે હું નથી જાણતો, પરંતુ સતત બાંધી રાખેલા આ કૂતરાંઓને જો બહાર છોડી મૂકવામાં આવે તો બે જ કલાકમાં આ કૂતરાંઓ જરૂર પાગલ થઈ જશે. પાગલ કૂતરો ભસતો નથી, તે તો સીધો કરડી જ ખાય છે. આ જ કારણસર એમના દરવાજે જઈ બેલ વગાડું કે નહીં એ જ દ્વિધામાં હું પડ્યો છું. **મ**

# છાયાછબીલી વાર્તા

તમે આ ફોટામાં મને ઓળખી કે? કો જોઉં આ ચારમાંથી હું કંઈ? મને ખાતરી સે કે તમે સાતી ઠોકીને નહીં જ કહી હકો કે હું કોણ સું. હાલો ત્યેં હું મારાં વિશે કંઇ વધારે બોલું તો કદાચ તમે મને ઓળખી કાઢો. આ બધામાં હૌઉંથી જુવાન કોણ દેખાય સે? તે જ હું. હવે પાછા તમે મુંઝાણા? અરે ભાઈ તમને બધી જ જુવાન દેખાય તો હું હું કરું? પણ તમારે જાણવું જ સેને હું આમાં કંઈ તો લો માંડીને મારી વાત કરું.

સન ઓગણીસો ને અડસઠની વાત સે. ત્યેં હું આ ફોટામાં દેખાવ છું તેનાથી પણ ચાર ચાસણી ચડે તેવી સુંદર મજાની દેખાતી હતી. હેલ લઈને ગામને કૂવે પાણી ભરવા જતી તે સમયે ગામના બધા જુવાનિયા ગામના ચોરે બેઠા હોય. મારી હંગાથે મારી મોટી ભાભી કે કોઈ ને કોઈ બહેનપણી હોય તેથી જુવાનિયા કશું બોલતા તો નહીં પણ ટીકી ટીકીને મારે હામે જોયા કરતા. મોટાભાભી બોલતા, ''મૂઆ આખો દાડો નવરાધૂપ અહીં જ બેહી રે છે. ક્યાંક ખેતરમાં ગૂડાતા હું થાતું હશે?'' ભાભી આવું બોલતી પણ મને તો તે ચોરે બેઠા હોય તે ગમતું. તેમાં પણ પેલો મોહનિયો જે નજરે મારી હામે તાકી રહેતો તે જોઈ કાંઈ કાંઈ દિલમાં થાતું.



એક દાડો ઘરે મેમાન આવ્યા ને મારે ઝાલરટાણે બેડું પાણી ભરવા જવું પડ્યું કૂવામાંથી પાણી હીંચતી હતી ને કોકે મને હાથ ઝાલી દોરડું ખેંચાવ્યું હું ભયથી છળી ગઈ. ચીહ પાડવા જતી તે જોયું આ તો પેલો મોહનિયો! મોહને મારો હાથ ઝાલી લીધો, ''રાધા તું મને બઉં ગમે છે મારા કાકા અમેરિકાથી કાલે આવવાના છે. મને ત્યાં લઇ જાહે. મારી જોડે તું લગન કરી લે તો હું તને મારી હંગાથે લઈ જવા!'' હું તો બઘવાઈ ગઈ. કંઈ હુંજ્યું નહીં હું જવાબ આલું? મેં તેનો હાથ છોડાવી દીધો. બેડું ઝાલવા ગઈ ત્યાં ફરી બોલ્યો, ''રાધા, અમેરિકા બહુ પૈસાદાર દેશ છે. તને ગોરી મડમની માફક હું રાખવા બસ એકવાર હા પાડી દે ને! તને ખબર છે ત્યાં નિહાળના પટાવળા પાહે પણ મોટરગાડી સે. મારાં કાકા પાહે બઉં પૈયહા છે. પણ સોકરા નથી તે મને લઇ જવા આવે છે. તું હા કેતી હોય તો મારાં બાપુને તારા ભાઈ કણે વાત કરા મોકલું!'' શરમથી લાલ લાલ થઈ ગઈ. તેની હામે જોયું શરમાઈને હસીને હું બેડું લઈ ઘરે ભાગી.

બીજે દા'ડે સાંજ ટાણે મોહનિયાના બાપુ અને કાકા મારાં ઘરે આઈવા હું તો રાંધણિયાની બારે નીકળી જ નંઈ. ભાઈ-ભાભીએ તરત તો જવાબ આલ્યો નહીં પણ બેઉં ને રાતે લપાઈને વાત કરતાં મેં હાંભળ્યા. ''એક ને એક બેન છે તે અહીં કણે દેહમાં રહે તેજ હારું વરહમાં એક વાર પણ મોં જાવા પામીએ નંઈ.'' મોટાભાઈ બોલતા હતા ને ભાભી હોંકારો ભણતી હતી. મને તો દિલમાં ચીરો પડી ગયો. બીજે દા'ડે હવારમાં કૂવે પાણી ભરવા જતી વેળાએ મેં ભાભીને હિંમત કરી કહી દીધું, ''મને મોહનિયો ગમે છે.'' ભાભીએ ઘરે જઈ ભાઈને કીધું તેવા જ ભાઈ ગુસ્સાથી લાલપીળા થઈ ગીયા, ''બેઉં જણી હાંભળી લેજો ઇ નંઈ થાય'' ને ભાઈ તો ખેતરે જતા રિયા. બપોર ટાણે હું સીમમાં પોદળાં વીણતી ને મોહનિયો દેખાયો, ''રાધા મારા કાકા તને મારી હંગાથે લઈ જાવા તિયાર છે. હાંજ પડે ગાડી ટાણે પાટે આવી રે જે.'' આખી બપોર કશે જીવ લાગ્યો નહીં. હું કરું? ગામ લોક ભાઈનો જીવ લઈ લેશે. રાધાડી ભાગી ગઈ. જરાય નો લજવાણી? મા બાપ જેવા ભાઈની આબરૂ વધારે કે મારો પરેમ!


તે દા'ડે મોહન હાથે ગઈ હોત તો આજે આ ચાર જેવી હું ય હોત! ઘરડી ડોહીના બદલે મારકણી જુવાનડી જેવા કપડાં પહેરીને આ ભાયા હંગાથે ઊભી હોત!


''બા, ક્યારના આ ફોટા હામે હું તાકી રિયા છો?''

''મારી વઉં, ઇ જોઉં છું કે આ મૂઓ ચાર ચાર બાયુંને બથ ભરીને ઊભો છ તે લજવાતો નથ્ય?''

**કામિની સંઘવી**
**kaminiparikh25@yahoo.in**

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA


## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | Width x height | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| Premium Positions | | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**


ઝાયડસ
જીવનને સમર્પિત
ખુશ રહેવાની કળા નાની નાની વસ્તુઓમાંથી પણ
આનંદ શોધી કાઢવામાં સમાયેલી છે.
હેનરી વોર્ડ બીચર
Zydus
dedicated to life
કેડિલા હેલ્થકેર લિમીટેડ
ઝાયડસ ટાવર, સેટેલાઈટ ક્રોસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ભારત. ફોન : +૯૧-૭૯-૨૬૮ ૬૮ ૧૦૦ (૨૦ લાઈન્સ) ફેક્સ : +૯૧-૨૬૮૬ ૨૩ ૬૫ www.zyduscadila.com

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 9, July 2012

GUJGUJ13769/06/1/2011-TC



**આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો**

Edited, Published & Printed by the Owner A. V. Thakar from 977/2 Sec 7-C, Gandhinagar 382007, India
Printing Press Allied Offset Printer (Gujarat) Pvt Ltd, 14/2 Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad 380021, India

Please Return Undelivered Mail to 'Mamata' Administrative Office
c/o Readers Paradise, 6 Utsav Row House, Opp SAL Hospital, Thaltej, Ahmedabad 380052, India
Phone 079 4007 4342